Wednesday 25, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

જાન્યુઆરીમાં વાપી મેરિલ ગ્રાઉન્ડ પર પાકિસ્તાનનો રેકોર્ડ તોડવામાં આવશે

The Elites દ્વારા ૩૦ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ ૧૭,૦૦૦ લોકો મળીને બનાવશે ભારતીય તિરંગો : પાકિસ્તાનમાં ૧૦,૨૪૮ લોકોએ નવે.-૨૪માં પાક. ધ્વજ બનાવ્યો હતો


એઆઈ દ્વારા બનાવેલ તસવીર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૪ : વાપીના આંગણે ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઘટના આકાર લેવા જઈ રહી છે, જેનું આયોજન The Elites દ્વારા કરવામાં આવશે. અગાઉ ૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ પાકિસ્તાનના લાહોરમાં ૧૦,૨૪૮ લોકોએ એકસાથે ઊભા રહીને પાકિસ્તાની ધ્વજની આકૃતિ બનાવીને વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો. હવે આ વિશ્વ વિક્રમને તોડીને ભારતનું નામ રોશન કરવા માટે વાપીમાં તૈયારીઓ ચાલી રહી છે. આગામી ૩૦ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ વાપીના મેરિલ ગ્રાઉન્ડ ખાતે ૧૭,૦૦૦ લોકોના સહયોગથી ભારતના રાષ્ટ્રધ્વજ (તિરંગા)ની વિશાળ આકૃતિ બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

દેશભક્તિ, એકતા અને રાષ્ટ્રગૌરવની ભાવનાને ઉજાગર કરતા આ ઐતિહાસિક આયોજનમાં હજારો નાગરિકો એકસાથે જોડાઈને વાપી, ગુજરાત અને સમગ્ર દેશ માટે એક નવો ઇતિહાસ રચવા જઈ રહ્યા છે.

આયોજકોના જણાવ્યા મુજબ, આ કાર્યક્રમમાં શાળાઓ, કોલેજો, સામાજિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો અને સામાન્ય નાગરિકો મોટી સંખ્યામાં જોડાશે. વાપીનું નામ વિશ્વ ફલક પર મૂકનારી આ ઘટના માટે શહેરભરમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ડુંગરીની એસેન્ટ કંપનીમાં હડતાળ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૪ : વલસાડ તાલુકાના ડુંગરી ખાતે આવેલી એસેન્ટ મેડિટેક લિમિટેડ કંપનીમાં કામ કરતા કર્મચારીઓએ પગાર વધારા સહિતના વિવિધ પ્રશ્નોને લઈને હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. કંપની દ્વારા કામના કલાકોમાં વધારો કરવામાં આવતા અને યોગ્ય પગાર વધારો ન અપાતા રોષે ભરાયેલા કર્મચારીઓએ કામથી અળગા રહીને વિરોધ નોંધાવ્યો હતો. વલસાડ તાલુકાના ડુંગરી ગામે આવેલી એસેન્ટ મેડિટેક લિમિટેડ ના કર્મચારીઓ છેલ્લા કેટલાક સમયથી પોતાના પગારમાં યોગ્ય વધારો કરવાની માંગ કરી રહ્યા હતા. આ દરમિયાન કંપની મેનેજમેન્ટ દ્વારા કામના કલાકોમાં પણ વધારો કરવામાં આવતા કર્મચારીઓમાં ભારે અસંતોષ ફેલાયો હતો. જેના પગલે આજે મોટી સંખ્યામાં કર્મચારીઓ એકઠા થઈને હડતાળ પર ઉતરી ગયા હતા અને પોતાની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે કંપની મેનેજમેન્ટ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.

કર્મચારીઓની આ અચાનક હડતાળને કારણે કંપનીના ઉત્પાદન અને રોજિંદા કામકાજ પર મોટી અસર થવાની શક્યતા સેવાઈ રહી છે. હાલ કર્મચારીઓ પોતાની માંગણીઓ પર અડગ છે, ત્યારે મેનેજમેન્ટ દ્વારા આ મામલે શું નિર્ણય લેવામાં આવે છે અને સમાધાન ક્યારે થાય છે તેના પર સૌની નજર ટકી છે.

દમણમાં ભાજપ દ્વારા 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રા યોજાઈ

એસઆઈઆરથી કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિને ઝાટકો : વર્ષા દોષી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૪ : ભારતીય જનતા પાર્ટી દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ દ્વારા પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયાના નેતૃત્વમાં દમણ શહેરમાં 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નાની દમણના મશાલ ચોકથી શરૂ થયેલી આ પદયાત્રા ત્રણ બત્તી અને નાઈટ માર્કેટ થઈ નાની દમણ બસ સ્ટેન્ડ ખાતે પૂર્ણ થઈ હતી. આ પદયાત્રામાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રભારી વર્ષાબેન દોષી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રભારી વર્ષાબેન દોષીએ રાહુલ ગાંધી પર નિશાન સાધતાં જણાવ્યું હતું કે કોંગ્રેસની રાજનીતિ પરિવાર બચાવવાની છે, આ પદયાત્રામાં પ્રદેશ ભાજપના હોદેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, મહિલા કાર્યકરો અને મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ડુંગરામાં ગુરુવારે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ થશે

નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ : ડુંગરા, ચણોદ સહિતના વિસ્તારોના નાગરિકોને શુદ્ધ પાણી અને પૂરતા પ્રેશરથી પાણી મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૪ વાપી મહાનગરપાલિકા દ્વારા અમૃત ૨.૦ યોજના અંતર્ગત ડુંગરા વિસ્તારની પાણી પુરવઠા યોજનામાં ૪૫ એમએલડી ક્ષમતા ધરાવતા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટનું લોકાર્પણ આગામી તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૬ને ગુરુવારના રોજ બપોરે ૩ઃ૩૦ કલાકે ડુંગરા-દાદરી મોરા સ્થિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે રાજ્યના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવશે. આ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત થતાં વાપી મહાનગરપાલિકાના ડુંગરા, ચણોદ, સુલપડ, ડુંગરી ફળિયા તેમજ હરિયા પાર્ક વિસ્તારના નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી અને પૂરતા પ્રેશરથી પાણી પુરવઠાની સુવિધા ઉપલબ્ધ થશે. આ યોજનાથી સ્થાનિક વિસ્તારોમાં પાણી પુરવઠાની વ્યવસ્થા વધુ સુદૃઢ બનશે અને નાગરિકોને મોટી રાહત મળશે.લોકાર્પણ કાર્યક્રમમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈની સાથે વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ તેમજ પાણી સમિતિના ચેરમેન કૌશિકભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

વાપી સહિત નવી ૯ મનપા ઓને જાહેર સુવિધાઓ માટે સરકારી જમીન વિનામૂલ્યે ફાળવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૪ : રાજ્યની નવી રચાયેલી ૯ મહાનગરપાલિકાઓના વિકાસને વેગ આપવા ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં લેવાયેલા નિર્ણય મુજબ વાપી સહિત નવ મહાનગરપાલિકાઓને વિવિધ જાહેર સુવિધાઓના નિર્માણ માટે સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે.

આ નિર્ણયથી મહાનગરપાલિકાઓને જમીન સંપાદનના આર્થિક બોજમાંથી રાહત મળશે અને વિકાસકાર્યો ઝડપી બનશે. જેમા ફાયર સ્ટેશન, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એસટીપી, ભૂગર્ભ ગટર, પાણી પુરવઠો, પમ્પિંગ સ્ટેશન, કચરા નિકાલ પ્લાન્ટ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, બાલવાડી, ટાઉનહોલ અને કોમ્યુનિટી હોલ સહિતની સુવિધાઓ માટે જમીન ફાળવવાની જોગવાઈ કરાઈ છે.આ નિયમ મુજબ એક હેક્ટર સુધીની સરકારી જમીન માટે મહાનગરપાલિકાઓ અરજી કરી શકશે, જ્યારે તેનાથી વધુ જમીન માટે રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે. ફાળવાયેલી જમીનનો ઉપયોગ નિર્ધારિત જાહેર હેતુ માટે જ કરવાનો રહેશે. આમ, આ નિર્ણયથી વાપી મહાનગરપાલિકાના નવા જોડાયેલા ૧૧ ગામોમાં માળખાકીય અને નાગરિક સુવિધાઓના વિકાસને નવી ગતિ મળવાની આશા છે.

વાપી મનપાના કોંગી કોર્પોરેટરને કોંગ્રેસે શિસ્તભંગ અંગે નોટિસ

થાર ગાડીની નંબર પ્લેટ પર કોર્પોરેટ લખવાનું ભારે પડયું : ૧૪ દિવસમાં ખુલાસો આપો, નહીં તો સસ્પેન્શનની ચીમકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૪ : વાપી શહેર કોંગ્રેસ સમિતિએ વોર્ડ નં. ૧૩ ના કોંગ્રેસ કોર્પોરેટર શ્રીમતી કિન્ના ભાનુશાલીને વારંવારની સંગઠનાત્મક શિસ્તભંગની પ્રવૃત્તિઓ, પક્ષના સૂચનાઓનું પાલન ન કરવા તથા તાજેતરમાં અખબારોમાં પ્રસિદ્ધ થયેલા નકારાત્મક અહેવાલ અંગે ખુલાસો આપવા બાબતની નોટિસ આપી છે. શહેર પ્રમુખ મહેશ શાહ દ્વારા તા. ૨૪/૧૧/૨૬ ના રોજ આપવામાં આવેલી આ નોટિસમાં જણાવાયું છે કે, અગાઉ પણ આપને પક્ષના સંગઠન સાથે સંકલનનો અભાવ, પક્ષની સૂચનાઓની અવગણના તથા પક્ષની શિસ્તને અનુરૂપ ન હોય તેવા વર્તન અંગે કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં અગાઉની નોટિસમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનું આજદિન સુધી સંતોષકારક નિરાકરણ આવ્યું નથી. વધુમાં,



તાજેતરમાં આપના દ્વારા ખરીદવામાં આવેલી નવી મહિન્દ્રા થાર ગાડીના આગળના નંબર પ્લેટના સ્થાને લાલ રંગની કોર્પોરેટર લખેલી પ્લેટ લગાવવામાં આવી હોવા અંગે સ્થાનિક અખબારમાં સમાચાર પ્રસિદ્ધ થયા છે. આ અહેવાલને કારણે વાહન નોંધણી સંબંધિત નિયમોના પાલન તથા એક ચૂંટાયેલા જનપ્રતિનિધિ તરીકે આપના વર્તન અંગે પ્રશ્નો ઉભા થયા છે.નોટિસમાં એવું પણ જણાવાયું છે કે, આપ સ્થાનિક કોંગ્રેસ સંગઠન તથા પક્ષના જવાબદાર હોદેદારો સાથે યોગ્ય સંકલન રાખ્યા વિના સ્વતંત્ર રીતે વિવિધ સંગઠનાત્મક પ્રવૃત્તિઓ કરી રહ્યા છો. વોર્ડ નં. ૧૩ ના અન્ય ત્રણ કોર્પોરેટરો દ્વારા પણ આપના વર્તન અને સંકલનના અભાવ અંગે અનેક ફરિયાદો કરવામાં આવી છે.

આથી નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૧૪ દિવસની અંદર નીચેના મુદ્દાઓ અંગે લેખિતમાં સ્પષ્ટ ખુલાસો રજૂ કરવા જણાવાયું છે. જેમાં અગાઉની નોટિસના મુદ્દા, નંબર પ્લેટ બનાવ અંગે સ્પષ્ટતા, યોગ્ય સંકલન વિના કામગીરી અને અન્ય કોર્પોરેટરોની ફરિયાદ અંગે ખુલાસો સામેલ છે. નિર્ધારિત સમયમર્યાદામાં લેખિત ખુલાસો પ્રાપ્ત નહીં થાય તો સમગ્ર મામલો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ સમક્ષ તપાસ અને પક્ષના બંધારણ મુજબ યોગ્ય શિસ્તભંગની કાર્યવાહી અંગે વિચારણા માટે મોકલવામાં આવશે તેમ પણ નોટિસમાં જણાવાયું છે.

દેવ દિવાળીએ બીલીમોરા સોમનાથ ૫૧૦૧ દીવડાથી ઝળહળ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૨૪ : બીલીમોરાના પવિત્ર સોમનાથ મહાદેવ મંદિરે કારતક પૂર્ણિમાના પાવન પર્વ દેવ દિવાળીની અનોખી સમગ્ર મંદિર પરિસર દિવ્ય પ્રકાશથી ઝળહળી ઊઠ્યું હતું. દીવડાની રોશની અને ભક્તિમય વાતાવરણ વચ્ચે જાણે દેવલોક ધરતી પર અવતર્યો હોય તેવો અલૌકિક નજારો સર્જાયો હતો.

આ પવિત્ર શિવધામમાં દેવ દિવાળીના પર્વે બ્રહ્મમુહૂર્તથી જ ભક્તિભાવનો માહોલ છવાયો હતો. અને ભગવાન સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી અહીં દેવ દિવાળીના આ પાવન અવસરે ૫૧૦૧ દીવડાની જ્યોત દીપમાળાના દિવ્ય દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે સોમનાથ મંદિર ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલ, મંત્રી પંકજભાઈ મોદી, ખજાનચી વિનોદભાઈ દેસાઈ, નિતીનચંદ્ર ગાંધી, જગદીશ મહેતા, પ્રદીપ મહેતા, સુરેશ તલાવીયા, કરસન પટેલ સહિત સોમનાથ પરિવારના સભ્યોએ દર્શનાર્થે આવતા ભક્તો માટે વિશેષ વ્યવસ્થાઓ ઊભી કરી હતી. ૫૧૦૧ દીવડાની ઝગમગતી દીપમાળાએ દેવ દિવાળીના પર્વને ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઉલ્લાસથી દીપાવી દીધો હતો.

જલારામ ધામ ફલધરા

દક્ષિણ ગુજરાતના વલસાડ તાલુકાના ફલધરા ગામે કુદરતી વનરાજીવાળો સ્વર્ગવાહિની નદીના કિનારે રળિયામણું સુંદર જલારામ ધામ આવેલ છે. અહિ ધર્મનો ત્રિવેણી સંગમ સમાન પૂજ્ય જલારામ બાપા, રિદ્ધિસિદ્ધિ ગણેશ અને સાંઈબાબાના સુંદર મંદિરો છે. જલારામ ધામમાં અહિ દરરોજના બન્ને ટાઈમ વિના મુલ્યે મહાપ્રસાદનો ભંડારો ૩૬૫ દિવસ ચાલે છે. સહુ ભાવિક ભકતો જલારામ ધામની અવશ્ય મુલાકાત સાથે મહાપ્રસાદ લઈને ધન્ય થાવો.

જલારામ જન સેવા ચેરીટેબલ ટ્રસ્ટ- ફલધરા

વાંસદા પંથકમાં દીપડાના વધતા હુમલાથી ચિંતા

સાંસદ ધવલભાઈ પટેલે કેળકચ્છમાં દીપડાના હુમલામાં ઘાયલ બાળકીની હોસ્પિટલમાં મુલાકાત લીધી : દીપડાની દહેશત રોકવા વન વિભાગથી લઈ વનમંત્રી સુધી ચર્ચા કરી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૨૪ : વાંસદા તાલુકાના કેળકચ્છ ગામે દીપડાના હુમલામાં બાળકી ઈજાગ્રસ્ત બનવાની ઘટનાને પગલે વલસાડ-ડાંગના સાંસદ તથા લોકસભા દંડક ધવલભાઈ પટેલે કામગીરીની વ્યસ્તતા વચ્ચે સમય કાઢી વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે દોડી જઈ બાળકીના ખબરઅંતર પૂછ્યાં હતાં. હોસ્પિટલના તબીબો સાથે મુલાકાત કરી બાળકીની સારવાર અંગેની વિગતો મેળવી હતી અને તેને શ્રેષ્ઠ તબીબી સારવાર મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. પરિવારજનોને રૂબરૂ મળી સાંત્વના પાઠવી બાળકી માટે સ્કૂલ બેગ, કપડાં, પુસ્તકો, જમવાનું તેમજ જીવનજરૂરિયાતની સામગ્રી અર્પણ કરી શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી હતી.વાંસદા તાલુકામાં છેલ્લા સમયથી દીપડાના હુમલાઓની વધતી ઘટનાઓ અને દીપડાઓની સંખ્યામાં થઈ રહેલો વધારો ચિંતાનો વિષય બન્યો છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને સાંસદ ધવલભાઈ પટેલે વલસાડ વનવિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સંકલન બેઠક યોજી દીપડાઓની વધતી ગતિવિધિઓ અને માનવ વસાહતોમાં દીપડાઓની અવરજવર અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી. આ સમસ્યાના નિવારણ માટે વનવિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.વાંસદા તાલુકામાં દીપડાના હુમલાઓની ગંભીરતાને ધ્યાને લઈ સાંસદ ધવલભાઈ પટેલે વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ પ્રવીણભાઈ માળી સાથે પણ ચર્ચા કરી હતી. તાલુકામાં દીપડાઓના વધતા હુમલાઓથી તેમને અવગત કરાવી આવનારા દિવસોમાં ટેકનિકલ પદ્ધતિથી દીપડાઓની ગતિવિધિઓ પર સતત નજર રાખવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.દીપડાઓની અવરજવર અને સંભવિત માર્ગો ઓળખી તે સ્થળોએ પાંજરાં ગોઠવવા, દીપડાઓને સુરક્ષિત રીતે પકડી ગાઢ જંગલ વિસ્તારમાં મુક્ત કરવા તેમજ રહેણાક વિસ્તારોમાં દીપડાઓની અવરજવર અટકાવી શકાય તેવી વ્યવસ્થિત યોજના તૈયાર કરવા અંગે પણ ચર્ચા થઈ હતી. વાંસદા તાલુકામાં માનવ-વન્યજીવ સંઘર્ષની ઘટનાઓ અટકે અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકો, ખાસ કરીને બાળકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે વનવિભાગ સાથે સંકલન કરીને જરૂરી પગલાં ભરવાની દિશામાં આ બેઠક મહત્વપૂર્ણ બની રહી છે.

નેમિનાથ ટ્રેડર્સ



ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminaththradersvapi@gmail.com

RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
CBSE AFFILIATED - 430373
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2027-2028
Nursery to Std. 10
13th Year Anniversary
SPECIAL OFFERS
FREE Textbooks From Nursery to Std 10
Additional Curriculum features
1 English Conversation & Phonics for Fluency
2 Personality development & Memory Boosting techniques.
3 innovative clubs for Std 6 to 10
4 Indoor Sports Activities for std Nursury to std 10
5 Mental and Vedic Maths for Std 1 to 5
6 AI and Coding for Jr KG to Std 10
Sports – Table Tennis
Library & Reading Room
Creative Learning & Activity
Fun with Numbers
Science Lab
LCD Class Rooms
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com
www.vidyadhamschoolvapi.in
9725295578/ 9081807258/ 9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191
Learn • Grow • Achieve Together

નવસારી ભાજપની 'સંવિધાન ગૌરવ દિવસ' અંતર્ગત પત્રકાર પરિષદ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૨૪ : આગામી ૨૬ નવેમ્બરના ગુરુવારે યોજાનાર સંવિધાન ગૌરવ દિવસના ઉપલક્ષ્યમાં નવસારી જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી નમો કમલમ્ ખાતે જિલ્લા પ્રમુખ ભુરાભાઈ શાહના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદને સંબોધતા પ્રદેશ સહ-વક્તા હેમાલીબેન બોઘવાલાએ જણાવ્યું હતું કે, ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભા દ્વારા દેશનું બંધારણ સ્વીકારવામાં આવ્યું હતું. બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા વડા-પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૫થી આ દિવસને સંવિધાન ગૌરવ દિવસ તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

હેમાલીબેન બોઘવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર સબકા સાથ, સબકા વિકાસના મંત્ર સાથે ગરીબ અને વંચિત વર્ગોના ઉત્થાન માટે કટિબદ્ધ છે. મોદી સરકારે જનધન, ઉજ્જવલા, આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના અને સ્વચ્છ ભારત અભિયાન જેવી યોજનાઓ દ્વારા છેવાડાના માનવીને સન્માન અપાવ્યું છે. આ ઉપરાંત, બાબાસાહેબના જીવન સાથે જોડાયેલા પાંચ સ્થળોને પંચતીર્થ તરીકે વિકસાવીને તથા ડિજિટલ પેમેન્ટ એપને BHIM નામ આપીને તેમને સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. આ તકે કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે ઉમેર્યું હતું કે, ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી લાદીને લોકશાહીનું હનન કરનાર કોંગ્રેસને આજે બંધારણની વાતો કરવાનો કોઈ અધિકાર નથી, કારણ કે કોંગ્રેસે હંમેશા બાબાસાહેબના વિચારોની અવગણના કરી છે. જ્યારે ભાજપ બંધારણના મૂળભૂત માળખા અને લોકશાહીના જતન માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

વાંસદામાં જય અંબે માતાજીની ૧૬મી સાલગીરીએ પાલખીયાત્રા નિકળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૨૪ : વાંસદામાં અંબાનગર કૃષ્ણ સોસાયટી જય અંબે માતાજીને ૧૬મી સાલગીરી નિમિત્તે ગામમાં માતાજીની પાલખીને શોભાયાત્રા કાઢવામાં આવી હતી.



માતાજીને પાલખીની શોભાયાત્રા અંબાનગર સોસાયટીથી વાંસદા નગરમાં ટાવર થઈ જુના ડેપો પર ગણપતિ ના મંદિર સુધી ઢોલ નગારા અને ઘેરાયાના નૃત્ય સાથે માતાજીની પાલખીને શોભાયાત્રા કાઢવામાં આવી હતી. માતાજીની પાલકીની શોભાયાત્રામાં જય અંબે નગર કૃષ્ણ કુંજ સોસાયટીના ભક્તોજનો તથા ગામના ભાવિ ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતાં. ૨૪ નવેમ્બર માતાજીના મંદિરે સવારે હવન પૂજા અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાર બાદ બપોરે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.

ખેરગામની દોડવીર વડીલ નિવૃત્ત ત્રિપૂટીએ નવ ચંદ્રક જીત્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા. ૨૪ : રવિવાર તા.૨૨-૧૧-૨૬ના રોજ વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીના ખેલ મેદાનમાં નવમી - ગુજરાત સ્ટેટ માસ્ટર એથ્લેટીક્ષ ચેમ્પિયનશીપ નું આયોજન કરવામાં આવેલ જેમાં ખેરગામ નગરની વરિષ્ઠ નિવૃત્ત દોડવીર ત્રિપુટીએ ભાગ લઈ ૩-૩ મળી નવ ચંદ્રકો હાંસલ કરી ખેરગામ તાલુકા અને નવસારી જિલ્લાનું વડોદરા ખાતે નામ ઉજવળ કર્યું હતું. ખેરગામ બહેજ પ્રા.શા.ના નિવૃત્ત શિક્ષક, પોમાપાળ ફ. ના વતની (૧) પ્રવિણભાઈ ગુલાબભાઈ પટેલ (૫૯) એ ૩૦૦૦મી.,૮૦૦મી દોડમા પ્રથમક્રમ - સુવર્ણચંદ્રક તથા ૧૫૦૦મી દોડમા બીજો ક્રમાંક મેળવ્યો હતો. (૨) મણીલાલ લલ્લુભાઈ પટેલ (૬૭) કુમાર શાળા ખેરગામના નિવૃત શિક્ષક,



ભૈરવીના વતની એ પણ ખુબજ સુંદર દેખાવ કરી ૩૦૦૦મી. દોડમા બીજો, ૩૦૦૦મી.જલદ ચાલ તથા ૧૫૦૦મી. દોડમા ત્રીજા ક્રમાંકે વિજેતા બન્યા હતાં. નાન્દ્યઈ વાળી ફ. નિવાસી એસટી નિગમના નિવૃત કર્મચારી તાલુકાના બુઝુર્ગયુવા એવા (૩) બાબુભાઈ સામજીભાઈ પટેલ ૭૪) એ ૪૦૦મી; ૮૦૦મી. અને ૧૫૦૦મી.ની ત્રિવિધદોડ સ્પર્ધાઓમાં ભાગ લઈ ત્રણેમાં પ્રથમ ક્રમાંકે વિજેતા બની ૩ સુવર્ણચંદ્રક સાથે ખેરગામ તા. નવસારી જિલ્લાનું નામ રોશન કર્યું હતું. હવે પછી તેઓ નેશનલ ચેમ્પિયનશીપ રમવા જશે.

ખેરગામના ત્રણે વરિષ્ઠ નિવૃત્ત વડીલોએ વડોદરા ખાતે ગુજરાતભરમાં ખેરગામ તા.નું નામ રોશન કરવા બદલ ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ હંસાબેન દેસાઈએ ત્રિપુટીને અભિનંદન પાઠવ્યા હતાં.

ભીનારમાં ૩૬૦ દીપોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૨૪ : વાંસદા તાલુકાના ભીનાર ગામના કાજિયા ફળિયા ખાતે રવિવારે ૩૬૦ દીપોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગામના અગ્રણી કલ્યાણજીભાઈ બી. પટેલના પ્રમુખસ્થાને યોજાયેલા આ ઉત્સવમાં શ્રી સલાહદેવીના હાલના પૂજારી ભગુભાઈ નમલાભાઈ પટેલના હસ્તે પ્રથમ દીપક પ્રાકટ્ય સાથે ગ્રામજનોએ સામૂહિક રીતે ૩૬૦ દીપકો એકીસાથે પ્રગટાવતાં એકતા અને ઉજાસનું અદ્ભુત વાતાવરણ સર્જાયું હતું. પચાસ વર્ષ અગાઉ ભીનારમાં સલ્લામાતાના મંદિરે તે વખતના પૂજારી સ્વ. દુલાભાઈ વેરાગીભાઈ પટેલ ભગતજી દ્વારા દર વર્ષે દીવાળી તહેવારે ૩૬૦ દીવડા પ્રગટાવી સર્વત્ર કલ્યાણ સુખાકારીની અર્ચના કરવામાં આવતી હતી. હિન્દુ પંચાંગ મુજબ વર્ષના ૩૬૦ દિવસના પ્રતીકરૂપે પ્રગટાવવામાં આવતા આ દીપ પાછળ તેમની ઉમદા ભાવના હતી કે સમગ્ર વિશ્વમાં અને સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા પ્રકાશ ફેલાય અને દરેકના જીવનમાંથી અંધકાર દૂર થાય. સમય જતાં તે પરંપરા લુપ્ત થયેલ જેનું ૨૦૦૯થી પુનર્જાગરણ ભીનારના વતની અને દિલ્હી નિવાસી ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવેલ અને ૨૦૧૩થી તેને ભીનારમાં સાંસ્કૃતિક ઉત્સવનું સ્વરૂપ અપાયું હતું.

આ અવસરે ધોડિયા સમાજના આગેવાન કુલીન પટેલે, બારડોલીના પત્રકાર અને તંત્રી સાહેબરાવ પાટીલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આવા પ્રસંગો લોકો વચ્ચે ભાવનાત્મક જોડાણ અને સંવાદનું માધ્યમ પણ બને છે. ફળિયાના આગેવાન ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલ દ્વારા આયોજિત કાર્યક્રમમાં અંદાજે એક હજારની આસપાસ ભાવિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આદિવાસી સંસ્કૃતિની ઓળખ સમાન પરંપરાગત તુરુ નૃત્ય તેમ જ તાસા ભજન મંડળ તથા ગરબાની રમઝટ થઈ હતી. ઉપસ્થિત સૌ ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લતા ભાગ્યેન્દ્ર પટેલ તરફથી ઈશ્વરભાઈનું બહુમાન કરવામાં આવ્યું હતું. ફળિયાની આગેવાન બહેનો ચંચળબેન, સવિતાબેન, વનિતાબેન, અને આકાંક્ષાએ આકર્ષક રંગોળી પૂરી હતી અને પટેલિયા આગેવાનો વિનોદચંદ્ર, જશવંતભાઈ, બાબુભાઈ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા સહકાર નિભાવ્યો હતો. નિમિતાકુમારી કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ડાંગના રાજકારણમાં ગ્રા.પં.ની ચૂંટણી પૂર્વે ગરમાવો

કોંગ્રેસ સાથે જોડાયેલા ૧૫૦થી વધુ આગેવાનો અને કાર્યકર્તાઓએ વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૨૪ : ડાંગ જિલ્લામાં આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પૂર્વે રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ સુરેશભાઈ ચૌધરીની આગેવાનીમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી કોંગ્રેસ સાથે જોડાયેલા ૧૫૦થી વધુ આગેવાનો અને કાર્યકર્તાઓએ વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કર્યો છે.

આ પક્ષપલટામાં આહવા તાલુકાના ગડદ ગ્રામ પંચાયતના સરપંચ સહિત અન્ય આગેવાનો અને પાંચ સભ્યો તેમજ ગાડવીહિર ગ્રુપ ગ્રામ પંચાયતના ત્રણ સભ્યોએ કોંગ્રેસનો સાથ છોડી ભાજપમાં પ્રવેશ મેળવ્યો છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે, ડાંગ જિલ્લાના કોંગ્રેસનાં પૂર્વ ધારાસભ્ય મંગળભાઈ ગાવીતના માદરે વતન ગણાતા સિલોટમાળ ગામના અંદાજે ૭૦ જેટલા આગેવાનો અને કાર્યકર્તાઓએ પણ પંજાનો સાથ છોડી કેસરિયો ધારણ કર્યો છે.આ સભ્યપદ ગ્રહણ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ તેમજ ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીત ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવા જોડાયેલા કાર્યકર્તાઓને આવકાર્યા હતા.સ્થાનિક રાજકીય વર્તુળોના મતે, ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પહેલાં ડાંગ ભાજપ સંગઠન પ્રમુખ સુરેશભાઈ ચૌધરીની વ્યૂહાત્મક કામગીરી અને જિલ્લામાં વિકાસના કાર્યોને વેગ આપવાના હેતુથી થયેલા આ જોડાણને કારણે સ્થાનિક સ્તરે કોંગ્રેસના સંગઠન પર માઠી અસર પડી છે અને જિલ્લાના રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે.

દેવસરમાં આગામી રવિવારે નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૨૪ : ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ લોકોને ઘરઆંગણે જ ગુણવત્તાયુક્ત અને નિ:શુલ્ક તબીબી સેવાઓ મળી રહે તેવા સેવાભાવી ઉદ્દેશ્ય સાથે આગામી રવિવાર, તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા દરમિયાન પ્રાથમિક વિદ્યા મંદિર નં. ૧, ગ્રામ પંચાયતની બાજુમાં, દેવસર ખાતે ભવ્ય નિ:શુલ્ક સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અમૃતમ હોસ્પિટલ (ગણદેવી), રોટરી ચેરિટેબલ ટ્રસ્ટ (ગણદેવી) તથા રોટરી ક્લબ ઓફ ગણદેવી દ્વારા રોટરી આઈ હોસ્પિટલ નવસારી અને દેવસર ગ્રામ પંચાયતના સહયોગથી આ સેવાયજ્ઞ યોજાશે.

કેમ્પમાં નિષ્ણાત તબીબોની ટીમ પોતાની માનદ સેવા આપશે, જેમાં કન્સલ્ટન્ટ ફિઝિશિયન ડૉ. ભૌમિક ગજેરા (જનરલ, ડાયાબિટીસ, બી.પી. અને હૃદયરોગ), ઓર્થોપેડિક સર્જન ડૉ. વિજય પટેલ (હાડકાના રોગો), બાળરોગ નિષ્ણાંત ડૉ. ધર્મેશ પટેલ અને ચામડીના રોગોના નિષ્ણાત ડૉ. ટ્વિંકલ પટેલ દ્વારા દર્દીઓની તપાસ અને સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત, રોટરી આઈ હોસ્પિટલ નવસારીના સહયોગથી આંખના રોગોની નિ:શુલ્ક તપાસ કરવામાં આવશે, જેમાં જરૂરિયાતમંદ દર્દીઓને રાહત દરે ચશ્મા અપાશે. ખાસ કરીને જે દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર જણાશે, તેઓને નવસારી ખાતે લઈ જઈ લેન્સ સાથે સંપૂર્ણપણે નિ:શુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે.

આયોજકો દ્વારા દેવસર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકો, વડીલો અને મહિલાઓને આ સેવાકીય કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લેવા જાહેર અપીલ કરવામાં આવી છે.

ડાંગની ૪૮ વિધવા અને વડીલ બહેનોને પોઇચા અને પાવાગઢ માતાજીનાં દર્શન કરાવાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૨૪ : દિવાળીના પવિત્ર તહેવાર અને નૂતન વર્ષના પ્રારંભ નિમિત્તે સેવા, સ્નેહ અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા એસ.એસ. માહલા કોલેજ કેમ્પસના સંચાલક શ્યામભાઈ માહલા દ્વારા ડાંગ જિલ્લાની ૪૮ જેટલી વિધવા અને વડીલ બહેનો માટે ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ અંતર્ગત બહેનોને પોઇચા સ્વામિનારાયણ મંદિર તથા પાવાગઢ ખાતે માતાજીનાં દર્શન કરાવવામાં આવ્યાં હતાં. દિવાળી અને નૂતન વર્ષનો તહેવાર નવી આશા, ઉમંગ અને શુભ શરૂઆતનું પ્રતીક છે. આ પવિત્ર અવસરે સમાજની એવી બહેનો, જેઓ પારિવારિક જવાબદારીઓ અને આર્થિક પરિસ્થિતિને કારણે લાંબા સમયથી ધાર્મિક સ્થળોનાં દર્શન કરવા જઈ શકી ન હતી, તેમની લાગણીઓને સમજીને શ્યામભાઈ માહલા દ્વારા આ સરાહનીય સેવાકીય પહેલ કરવામાં આવી હતી.

પ્રવાસ દરમિયાન બહેનોએ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ઘર-પરિવારની જવાબદારીઓ અને આર્થિક પરિસ્થિતિને કારણે અમને આવા ધાર્મિક પ્રવાસે જવાની તક મળતી નથી. શ્યામભાઈ માહલાના સેવાભાવી પ્રયાસથી અમને પોઇચા અને પાવાગઢનાં દર્શન કરવાનો અવસર મળ્યો છે, જે અમારા માટે નૂતન વર્ષની અમૂલ્ય ભેટ સમાન છે.

આમ, દિવાળીના નૂતન વર્ષ નિમિત્તે ડાંગની વિધવા અને વડીલ બહેનો માટે યોજાયેલો આ ધાર્મિક પ્રવાસ માત્ર યાત્રા પૂરતો સીમિત ન રહેતાં સમાજની એકલ અને વડીલ બહેનો પ્રત્યેના સ્નેહ, સન્માન, સંવેદના અને સેવાભાવનાનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યો છે. શ્યામભાઈ માહલાની આ પહેલ સમાજના અન્ય સેવાભાવી લોકો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે.

ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત

ગણદેવીમાં જોશ ટીમની બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ)

ગણદેવી, તા. ૨૪ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ગણદેવી તાલુકાની એનસીસી ચેમ્પિયન્સ મિત્રો, જિલ્લા ટીબી એસોસિએશન, લાયન્સ ક્લબ તેમજ વિવિધ સેવાકીય સંસ્થાઓની બનેલી તાલુકા કક્ષાની જોશ ટીમની એક અગત્યની બેઠક જિલ્લા ટીબી ઓફિસર ડૉ. પિનાકીન પટેલની અધ્યક્ષતામાં તેમજ નવસારી જિલ્લા ટીબી એસોસિએશનના પ્રમુખ પરેશભાઈ અધ્વર્યુ અને ઈન્ચાર્જ બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. પ્રિયંકા પટેલની ઉપસ્થિતિમાં તાલુકા બ્લોક હેલ્થ ઓફિસ ખાતે મળી હતી.આ બેઠકમાં ડિસ્ટ્રિક્ટ ટીબી ઓફિસર ડૉ. પિનાકીન પટેલે ટીબીના દર્દીઓનો મૃત્યુદર ઘટાડીને ૪ ટકાથી પણ અંદર લાવવા તેમજ એનસીસી કેડેટ્સ સહિત યુવા ટીમને આ અભિયાનમાં જોડવા અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું.વલોટી સ્વામિનારાયણ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી હરિસેવકદાસજીએ ટીબીના દર્દીઓને અપાતી પૌષ્ટિક આહારની કીટનો દર્દીઓ દ્વારા પૂરતો અને યોગ્ય ઉપયોગ થાય તે અંગે મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા. આ ઉપરાંત, લાયન્સ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રિક્ટ ચેરમેન પ્રીતિબેન પ્રજાપતિ, પ્રોફેસર અરુણભાઈ નાયક તથા લાયન્સ ક્લબ ગણદેવીના સદસ્યોએ પણ ચર્ચામાં ભાગ લઈ ગણદેવી તાલુકાને ટીબી મુક્ત બનાવવા માટે વિવિધ



સેવાકીય સંસ્થાઓ, યુવા મંડળો, મહિલા મંડળો અને ભજન મંડળોને કઈ રીતે જોડી શકાય તે અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કર્યો હતો. જોશ ટીમની આ બેઠકમાં યુવાનોએ પણ પ્રશ્નો પૂછી પોતાની મૂંઝવણો દૂર કરી હતી. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ટીબી એસોસિએશનના સેક્રેટરી અરવિંદભાઈ શાહ, છગનભાઈ ચાંપાનેરી, ટીબી સુપરવાઇઝર અશ્વિનભાઈ પટેલ, અમિતભાઈ પટેલ, વિરલબેન રાણા, બ્લોક સુપરવાઇઝર ભરતભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૨૫-૧૧-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** કારતક વદ ૧, **સૂર્યોદય :** ૦૭ : ૦૩ **સૂર્યાસ્ત** ૦૫ : ૪૯, **ચંદ્રોદય** - ૦૬:૨૯ **ચંદ્રાસ્ત** - ૦૮:૪૮ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - રોહિણી

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઇ) : આર્થિક સ્થિરતા જળવાશે અને કૌટુંબિક સુખમાં વધારો થશે. જૂના નાણાકીય પ્રશ્નોનો ઉકેલ મળી શકે છે, પરંતુ વાણી પર સંયમ રાખવો જરૂરી છે.

વૃષભ (બ, વ, ઉ) : આજનો દિવસ વ્યક્તિત્વ આકર્ષક બનશે અને સર્જનાત્મકતા ખીલશે. જૂના સંપર્કોથી ફાયદો થશે, જોકે દાંપત્યજીવન કે ભાગીદારીમાં અહંકાર ટાળવો.

મિથુન (ક, ઘ, ચ) : વિદેશ સંબંધિત કાર્યોમાં પ્રગતિ થશે અને હરીફો પર વિજય મેળવી શકશો. જૂના અટકેલા કામનું ભારણ વધી શકે છે; બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખવો.

કર્ક (ડ, હ) : આવકમાં વૃદ્ધિ થવાના યોગ છે અને મિત્રો તરફથી સહયોગ મળશે. સંતાન પક્ષે શુભ પરિણામ મળી શકે છે, પરંતુ મોટા રોકાણમાં ઉતાવળ ન કરવી.

સિંહ (મ, ટ) : કાર્યક્ષેત્રે પ્રતિષ્ઠા અને લોકપ્રિયતામાં વધારો થશે. ઘર અને મિલકત સંબંધિત બાબતોને પ્રાથમિકતા આપશો; રાજકારણ કે વિવાદોથી દૂર રહેવું.

કન્યા (પ, ઠ, ણ) : ભાગ્યનો પૂરો સાથ મળશે અને ઉચ્ચ શિક્ષણ કે પ્રવાસથી લાભ થશે. તમારી સંવાદકળા અને સાહસથી અઘરા કામ પણ સરળ બનશે.

તુલા (ર, ત) : સ્વાસ્થ્ય અને દેવા પ્રત્યે સભાન રહેવું. પડદા પાછળની મહેનતની નોંધ લેવાશે, પરંતુ નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા રાખવી.

વૃશ્ચિક (ન, ય) : કારકિર્દીમાં ભાગ્યનો સાથ મળશે અને પિતા કે ગુરુ તરફથી લાભ થઈ શકે છે. જીવનસાથી કે ભાગીદાર સાથેના સંબંધો વધુ મધુર બનશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : કામકાજના અવરોધો દૂર થશે અને વિદેશી સંપર્કોથી ફાયદો થશે. મિલકતના પ્રશ્નો ધીરજથી ઉકેલવા અને સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી.

મકર (ખ, જ) : પ્રેમ સંબંધોમાં મધુરતા વધશે અને ઉચ્ચ અધિકારીઓથી લાભ થવાના યોગ છે. જોખમી રોકાણ ટાળીને પોતાની મહેનત પર ભરોસો રાખવો.

કુંભ (ગ, સ, શ, ષ) : ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે અને વાહન-મિલકતનું સુખ વધી શકે છે. કારકિર્દીમાં માન-સન્માન મળશે, જોકે બચત પ્રત્યે ગંભીર રહેવું હિતાવહ છે.

મીન (દ, ચ, થ, ઝ) : આત્મવિશ્વાસમાં વધારો થશે અને વડીલોના માર્ગદર્શનથી પ્રગતિ થશે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

બુધવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૩૮

8				2				6
		6	3		5	2		
2	9						4	3
		5	2	8	4	1		
		1	6	5	3	8		
7	3						5	2
		4	7		8	9		
6				3				8

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૩૭નો ઉકેલ

4	7	1	9	6	3	8	2	5
3	5	9	8	7	2	1	4	6
8	2	6	5	4	1	3	7	9
6	4	2	7	3	8	5	9	1
9	8	3	4	1	5	2	6	7
7	1	5	2	9	6	4	3	8
2	6	4	1	5	9	7	8	3
1	9	7	3	8	4	6	5	2
5	3	8	6	2	7	9	1	4

લીલાપોરની તાલીમ સંસ્થામાં કૌશલ્ય દીક્ષાંત સમારોહ યોજાયો



વેલ્ડર, ફીટર, વાયરમેન સહિત કુલ ૮ ટ્રેડના ૧૩૨ તાલીમાર્થીને સર્ટીફીકેટ એનાયત કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૪ : વલસાડના લીલાપોર સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા(આઈ.ટી.આઈ.) (મહિલા) ખાતે દીક્ષાંત સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૮ ટ્રેડના ૧૩૨ તાલીમાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત એલ્કોમ લી.ના ઈન્ડસ્ટ્રી પાર્ટનર પ્રસાદ ગંગાવકરે જણાવ્યું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં ટેકનિકલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસનું ખૂબ જ મહત્વ છે. ITI જેવી સંસ્થાઓ યુવાનોને વિવિધ વ્યવસાયલક્ષી ટ્રેડમાં તાલીમ આપી રોજગારલક્ષી અને આત્મનિર્ભર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દીક્ષાંત સમારોહ દરમિયાન તાલીમ પૂર્ણ કરનાર ૮ ટ્રેડ (૧) કમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, (૨) વેલ્ડર, (૩) ફીટર, (૪) વાયરમેન, (૫) સુઈંગ ટેકનોલોજી, (૬) કોસ્મેટોલોજી, (૭) થ્રી ડી પ્રિન્ટીંગ અને (૮) કમ્પ્યુટર હાર્ડવેર ના કુલ ૧૩૨ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત તાલીમાર્થીઓને એપ્રેન્ટિસશિપ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ITI પૂર્ણ કર્યા બાદ વિવિધ ઔદ્યોગિક એકમોમાં એપ્રેન્ટિસશિપ મેળવી વ્યવહારુ અનુભવ, ટેકનિકલ કૌશલ્ય અને સ્ટાઈપેન્ડ મેળવવાની તકોનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે નીલ દેસાઈ (એક્સેલ એલ્યુગ્રાફિક્સ લી.) તેમજ આઈ.ટી.આઈ.નો સ્ટાફ તથા તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સંસ્થાના તમામ મહાનુભાવો, કર્મચારીઓ અને તાલીમાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

દમણના એડવોકેટે 'મહાસ્વિમ વિન્ટર મીટ-૨૬'માં સિલ્વર અને બ્રોન્ઝ જીત્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૪ : મહારાષ્ટ્રના પુણે ખાતે ૨૨ યોજાયેલી મહાસ્વિમ વિન્ટર મીટ-૨૦૨૬ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં દમણનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ સુબે સિંહે શાનદાર પ્રદર્શન કરીને બે મેડલ જીત્યા છે. ૬૦ વર્ષથી વધુ વયજૂથમાં ભાગ લેનારા સુબે સિંહે પોતાની રમતગમતની પ્રતિભા અને ઉત્કૃષ્ટ કૌશલ્યનું પ્રદર્શન કરી દમણનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધા દરમિયાન તેમણે બેકસ્ટ્રોક અને બ્રેસ્ટસ્ટ્રોક એમ બે સ્વિમિંગ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં એક ઈવેન્ટમાં સિલ્વર મેડલ (રજત પદક) અને બીજી ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ (કાંસ્ય પદક) મેળવી સફળતા હાંસલ કરી હતી. ૬૦ વર્ષથી વધુ વયે પણ સ્વિમિંગ જેવી સ્પર્ધાત્મક રમતમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને બે મેડલ જીતવાની તેમની સિદ્ધિ તેમની મહેનત, સમર્પણ અને રમત પ્રત્યેના જુસ્સાનું ઉત્તમ ઉદાહરણ છે.મહાસ્વિમ વિન્ટર મીટ-૨૦૨૬માં વિવિધ વયજૂથના તરવૈયાઓએ ભાગ લીધો હતો અને પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધા દ્વારા સ્વિમિંગ, ફિટનેસ અને રમતગમતની ભાવનાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

એડવોકેટ સુબે સિંહની આ સિદ્ધિ દમણ માટે ગૌરવની વાત છે. તેમણે સાબિત કર્યું છે કે રમતગમત પ્રત્યેનો જુસ્સો, દૃઢ નિશ્ચય અને સતત મહેનત હોય તો ઉંમર ક્યારેય સફળતામાં અવરોધ બનતી નથી. તેમની આ સફળતા યુવા પેઢી સહિત તમામ વયના લોકો માટે પ્રેરણારૂપ બની છે.

સેલવાસમાં કાનુની જાગૃતિ અને સરકારી યોજનાઓ અંગે કાર્યક્રમો યોજાયા

ઉમરકુઈમાં લીગલ એઇડ ક્લિનિકનું ઉદ્ઘાટન, વિદ્યાર્થીઓને બાળ અધિકારો અને કાયદાકીય જોગવાઈઓ અંગે માર્ગદર્શન અપાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૨૪ : જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (DLSA), સેલવાસ દ્વારા સોમવારે દાદરા અને નગર હવેલીમાં બે અલગ-અલગ સ્થળોએ કાનૂની જાગૃતિ અને સરકારી કલ્યાણકારી યોજનાઓ અંગે કાર્યક્રમો યોજાયા હતા. બંને કાર્યક્રમોમાં કુલ ૩૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉમરકુઈ લીગલ એઇડ ક્લિનિકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ક્લિનિકનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના લોકોને કાનૂની સહાય અને તેમના અધિકારો અંગે માર્ગદર્શન પૂરું પાડવાનો છે. કાર્યક્રમમાં ૨૦૦થી વધુ ગ્રામજનોએ હાજરી આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા ઉમરકુઈ ગ્રામ પંચાયતના સરપંચ ગણેશ ભુજાડા, પંચાયત સચિવ રુદ્ર ભટ, ઉપસરપંચ તથા ગ્રામ પંચાયતના તમામ સભ્યોએ વિશેષ સહયોગ આપ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓને બાળલગ્ન અને માનવ તસ્કરી અંગે જાગૃત કરાયા બીજી તરફ, ઝંડા ચોક સ્થિત સરકારી મરાઠી માધ્યમ શાળામાં સવારે ૧૦ વાગ્યે કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને બાળ અધિકારો, બાળ સુરક્ષા, માનવ તસ્કરી, બાળલગ્ન પ્રતિબંધ અને મફત કાનૂની સહાય અંગે માહિતી આપવામાં આવી હતી. શાળાનાં આચાર્યા મનીષાબેન તથા શાળાના સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો. કાર્યક્રમમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સહાયક અધિક્ષક અનિરુદ્ધ પગડેની દેખરેખ હેઠળ બંને કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા હતા. આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓમાં કાનૂની અધિકારો તથા સરકારી કલ્યાણકારી યોજનાઓ અંગે જાગૃતિ લાવવાનો હતો.

વાંકલના શ્રીજી મેદાનમાં ત્રણ દિવસ ક્રિકેટનો રોમાંચ જામ્યો

અંડર-૧૯ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના ખેલાડી હેનીલ પટેલની વિશેષ ઉપસ્થિતિએ વધાર્યું આકર્ષણ : KPL સીઝન-૫માં બજરંગ ઈલેવનનો દબદબો, જય વીરુ ઈલેવન રનર્સઅપ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તાન. ૨૪ : ધરમપુર તાલુકાના વાંકલ ગામે આવેલા શ્રીજી મેદાન ખાતે યોજાયેલી ધરમપુર કનુબરડા પ્રીમિયર લીગ (KPL) સીઝન-૫નો ઉત્સાહભેર સમાપન થયો હતો. ત્રણ દિવસ સુધી ચાલેલી આ ટેનિસ બોલ ક્રિકેટ સ્પર્ધામાં બજરંગ ઈલેવનની ટીમે ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને ચેમ્પિયન બનવાનું ગૌરવ મેળવ્યું હતું, જ્યારે જય વીરુ ઈલેવનની ટીમે રનર્સઅપ સ્થાન મેળવ્યું હતું. ધરમપુર વોર્ડ નંબર-૧ દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટનું આયોજન સામાજિક કાર્યકર કીર્તિ આહીરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. રમતગમતની સાથે સામાજિક સમરસતા અને એકતાને પ્રાધાન્ય આપવાના ઉદ્દેશથી ૧૮ વર્ણના લોકોને સાથે જોડીને આ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના ત્રણેય દિવસ મેદાન પર ક્રિકેટનો રોમાંચ જોવા મળ્યો હતો. વિવિધ ટીમોના ખેલાડીઓએ બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગમાં પોતાની પ્રતિભા દર્શાવી હતી. મેચ નિહાળવા મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ ઉમટી પડ્યા હતા અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ આયોજનમાં વિશેષ આકર્ષણ અંડર-૧૯ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના ક્રિકેટર હેનીલ પટેલની ઉપસ્થિતિ રહી હતી. હેનીલ પટેલે મેદાન પર હાજરી આપીને યુવા ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો, જેના કારણે રમતપ્રેમીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.

ત્રણ દિવસીય સ્પર્ધાના અંતે બજરંગ ઈલેવન અને જય વીરુ ઈલેવન વચ્ચેની ટીમોની સફળતા સાથે ટુર્નામેન્ટનું સમાપન થયું હતું. બજરંગ ઈલેવને વિજેતાનો ખિતાબ મેળવ્યો હતો, જ્યારે જય વીરુ ઈલેવન રનર્સઅપ રહી હતી.

આ સમગ્ર આયોજન માત્ર ક્રિકેટ સ્પર્ધા પૂરતું મર્યાદિત ન રહેતાં વિવિધ સમાજના લોકોને એક મંચ પર લાવી સામાજિક એકતા, ભાઈચારો અને ખેલદિલીની ભાવનાને મજબૂત બનાવવાનો પ્રયાસ સાબિત થયું હતું. KPL સીઝન-૫ને લઈને ખેલાડીઓ તેમજ ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

વલસાડમાં સિનિયર સિટીઝનો માટે રમતગમત સ્પર્ધા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

વલસાડ, તા. ૨૪ : ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર હસ્તકના વલસાડ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વલસાડ જિલ્લામાં ૬૦ વર્ષ થી ઉપરના સિનિયર સિટીઝન ભાઈઓ બહેનો માટે વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ તથા એથ્લેટીક્સ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

જેમાં ભાગ લેવા ઇચ્છતા સિનિયર સીટીઝન ભાઈઓ / બહેનોએ નિયત નમુનાનું પ્રવેશપત્ર જિલ્લા રમત ગમત અધિકારી વલસાડ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વલસાડ, જિલ્લા રમત સંકુલ, મંદિર ફળીયું, નવેરા, તા.જિ.વલસાડ ખાતેથી મેળવી તા.૦૫/૧૨/૨૦૨૬ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે મોકલી આપવાનું રહેશે. સમય મર્યાદામાં આવેલ પ્રવેશપત્રોના સ્પર્ધકોને વિગતવાર કાર્યક્રમ અંગેની જાણ કરવામાં આવશે. જેની દરેક સ્પર્ધકે નોંધ લેવી. વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીના સરનામે સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

વલસાડના વ્યાયામ શિક્ષક રાજ્યકક્ષાએ માસ્ટર ચેમ્પિયશિપમાં ઝળક્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૪ : 9th ગુજરાત રાજ્ય માસ્ટર્સ ચેમ્પિયનશિપ નું આયોજન એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા મુકામે યોજાયો હતો.

આ ચેમ્પિયનશિપમાં વલસાડ ની બાઈ આવાં બાઈ હાઇસ્કુલ, વલસાડના વ્યાયામ શિક્ષક તરીકે ફરજ બજાવતા અશોકકુમાર કે.ભાઈ ટંડેલ ૫૦ (plus) વય ગૃપમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. ચક્રફેંકમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ, લાંબી કૂદમાં દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ અને ગોળા ફેંકમાં દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ મેળવ્યો હતો. આમંત્રિત મહેમાનોના હસ્તે મેડલ તેમજ સર્ટિફિકેટ આપી નવાજવામાં આવ્યા હતા. આમ વલસાડ જિલ્લા તથા શાળાને સિદ્ધિ અપાવનાર અશોક કે. ટંડેલને શાળાના ઈન્ચાર્જ આચાર્ય કલ્પેશભાઈ પટેલે તેમજ શાળા પરિવારે અશોક ટંડેલને અભિનંદન પાઠવ્યા હતા.

ખેરારબારીમાં ૯ દિવસીય ક્રિકેટ ટુર્ના. સંપન્ન : ૬૪ ટીમોએ ભાગ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૨૪ : દાદરા નગર હવેલીના ખેરારબારી ગામે વાઘોબા સ્ટેડિયમ ખાતે યુટ્યુબ લાઈવ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૨, ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ૧૪થી ૨૨ નવેમ્બર દરમિયાન યોજાયેલી આ નવ દિવસીય ક્રિકેટ સ્પર્ધામાં દાદરા નગર હવેલી ઉપરાંત ગુજરાત અને મહારાષ્ટ્રની કુલ ૬૪ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓએ શાનદાર રમતનું પ્રદર્શન કરતાં ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

વિવિધ વિસ્તારોમાંથી આવેલી ટીમો વચ્ચે રસાકસીભર્યા મુકાબલા યોજાયા હતા. ખેલાડીઓએ પોતાની બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગ દ્વારા રમતનું કૌશલ્ય દર્શાવ્યું હતું.

ટુર્નામેન્ટમાં બેસદા-મૂળગામની ટીમે પ્રથમ સ્થાન મેળવી રૂ. ૩૧ હજારનું રોકડ ઈનામ જીત્યું હતું. જ્યારે ખેરડી-ચૂટીયાપાડાની ટીમે દ્વિતીય સ્થાન મેળવી રૂ. ૨૧ હજારનું ઈનામ મેળવ્યું હતું. ત્રીજા અને ચોથા ક્રમે આવનાર ટીમોને રૂ. ૯-૯ હજાર તેમજ પાંચમાથી આઠમા ક્રમે આવનાર ટીમોને રૂ. ૫,૫૦૦ પ્રમાણે રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

આ ટુર્નામેન્ટનું યુટ્યુબ પર જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું, જેના કારણે ક્રિકેટપ્રેમીઓને મેચનો આનંદ માણવાની તક મળી હતી. આ પ્રકારની ક્રિકેટ સ્પર્ધાના આયોજનથી દાદરા નગર હવેલી સહિત ગુજરાત અને મહારાષ્ટ્રના યુવા ક્રિકેટરોને પોતાની પ્રતિભા દર્શાવવા માટે ઉત્તમ મંચ મળ્યો હતો. સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં રમતગમત પ્રત્યે યુવાનોનો ઉત્સાહ વધારવામાં પણ આ ટુર્નામેન્ટ મહત્વપૂર્ણ સાબિત થઈ હતી.

પારડી હાફ મેરેથોનમાં દમણની યુવતીઓનો દબદબો

૨૧ અને ૧૦ કિમીની દોડમાં પ્રથમ સહિત અનેક ઈનામો જીત્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૪ : પારડીના વલ્લભ આશ્રમ ખાતે રવિવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાયેલી હાફ મેરેથોન-૨૦૨૬માં દમણની આલ્ફા એથલીટ્રસ જીમની યુવતીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. જીમના કોચ રાજ સાવંત અને ઉષા સાવંતની આગેવાનીમાં ભાગ લેનારી પાંચથી વધુ યુવતીઓએ ૨૧ કિમી, ૧૦ કિમી અને ૫ કિમીની આગે વિવિધ વય દોડમાં વિવિધ સ્થાન મેળવી દમણનું નામ રોશન કર્યું હતું. ૨૧ કિલોમીટરની દોડમાં દમણની શ્રેયા કલ્પેશભાઈ ભંડારીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે ૧૦ કિલોમીટરની દોડમાં તન્વી ભાગરિયાએ પ્રથમ, જીનલે દ્વિતીય અને શ્રેયા ક્રિષ્ના તથા તેજસ્વી જાંબુએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત ૫ કિલોમીટરની દોડમાં ભૂમિ પટેલ વિજેતા બની હતી.

આમ, આલ્ફા એથોલેજ જિંગલ યુવતીઓએ વિવિધ કેટેગરીમાં શાનદાર પ્રદર્શન કરી અનેક ઈનામો પોતાના નામે કર્યા હતા. તેમની આ સિદ્ધિ બદલ કોચ સહિત જીમ પરિવાર અને રમતપ્રેમીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

વાપીમાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા તુલસી વિવાહનું આયોજન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૪ : વાપીના જૂના અને જાણીતા ગાયત્રી માતાજીના મંદિર ખાતે ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા શનિવાર, તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક પરંપરા અને વૈદિક વિધિ અનુસાર યોજાયેલા આ તુલસી વિવાહ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને વર-વધૂને આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે વરપક્ષ તરફથી રાજુભાઈ રાણા અને કન્યાપક્ષ તરફથી શૈલેષભાઈ શુક્લાએ યજમાન તરીકેની જવાબદારી નિભાવી હતી. મંદિર પરિસરમાં લગ્નની તમામ ધાર્મિક હિન્દુ વિધિઓ સાથે ભારે ધામધૂમ અને ભક્તિભાવપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટી મંડળના અનિલભાઈ દેસાઈ, રાજુભાઈ રાણા, સુભાષ તિવારી, રાજનારાયણ તિવારી, કૃષ્ણકાંત શેઠિયા, રોહિતભાઈ પટેલ અને નિમેષભાઈ વશી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને વર અને કન્યા ને આશીર્વાદ આપ્યા હતા સમગ્ર કાર્યક્રમ ભક્તિમય માહોલમાં સંપન્ન થયો હતો.

નાનાપોંઢાની કુંજાલી પટેલનું કોંગ્રેસ પ્રદેશ યુથ ઉપપ્રમુખ તરીકે નિમણૂક



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા, તા. ૨૪ : વલસાડ જિલ્લા ના નાનાપોંઢા તાલુકા પંચાયત ની સુખાલા બેઠક પરથી ચૂંટાયેલી કોંગ્રેસ ની કુંજાલીબેન દિપકભાઈ પટેલ છેલ્લા કેટલાક સમય થી ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ ના મંત્રી તરીકે ની સક્રિય અને સંગઠન ને મજબૂત કરવા ની પ્રશંશનીય કામગીરી કરી રહી હોવાનું જાણવા મળે છે. જે ને લઈ પ્રદેશ યુથ કોંગ્રેસ ના પ્રમુખ પ્રવિણસિંહ વણોલ દ્વારા કુંજાલી પટેલ ની ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવતા કુંજાલી પટેલનું પ્રદેશ કોંગ્રેસમાં કદ વધ્યું છે. જેને લઈ કપરાડા પ્ર નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ માં ખુશી જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે ગત ટર્મ કપરાડા તાલુકા પંચાયત માં વિરોધપક્ષના નેતા તરીકે રહી ચૂકેલી અને હાલે નવ નિયુક્ત નાનાપોંઢા તાલુકા પંચાયતમાં સુખાલા બેઠક પરથી ચ જંગી બહુમતી થી જીત મેળવી હતી. આ ઉપરાંત તાલુકા, જિલ્લા અને પ્રદેશ લેવલે યુથ કોંગ્રેસના હોદ્દાઓ પર કોંગ્રેસ પાર્ટી એ કુંજલી પટેલ ને જવાબદારી સોંપી હતી. જવાબદારી માંથી ખરી ઊતરેલી કુંજાલી પટેલ ને પ્રદેશ યુથ કોગ્રેસમાં પ્રમોશન આપી ઉપપ્રમુખ તરીકેની નિમણૂક કરવા માં આવતા કુંજાલી પટેલનું પ્રદેશ કોંગ્રેસ માં કદ વધ્યું છે. આગામી વિધાનસભા ચૂંટણીમાં કુંજાલી પટેલને કોંગ્રેસ ચુંટણી મેદાનમાં ઉતારશે એવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

ડુંગરીમાં આર્ટ ઓફ લિવિંગનો ચાર દિવસનો એડવાન્સ કોર્સ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૪ : આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના પ્રણેતા પૂ. ગુરૂદેવ શ્રીશ્રી રવિશંકરજી નાં આશીર્વાદ થકી વલસાડ-ડુંગરી ખાતે શાખાના પ્રબંધક પૂર્વશીબહેન પટેલ દ્વારા તા. ૧૯-૨૦-૨૧-૨૨ નવેમ્બરના રોજ એડવન્સ કોર્સનું સંચાલન થયુ હતુ. જે અંતર્ગત ૩૪ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરની અંદર ધ્યાન, પ્રાણાયમ, યોગ, આહાર-વિહાર-દૈનિક જીવનચર્યાની વિસ્તૃત ચર્ચા તથા સમજ સંસ્થાના વરિષ્ઠ શિક્ષિકા શૈલજા દીદી દ્વારા કરવામાં આવી હતી. વસુદૈવ કુટુમ્બકમ ની ઉદાત્ ભાવનાથી બેંગ્લોર સ્થિત આર્ટ ઓફ લિવિંગ સંસ્થા અત્યારે વિશ્વના ૧૮૦ જેટલા દેશોમાં પ્રસરેલ છે.

સાંપ્રત પરિસ્થિતિમાં તણાવ-ઉદાસીનતા-ચિંતા, માનસિક અસંતુલન, ચીડીયાપણુ, આત્મહત્યા, અસહિષ્ણુતા જેવી ઘટનાઓ તથા આહાર-વિહારની ગેરસમજને લઈ ડાયાબીટીસ, હાઈપરટેન્શન (બ્લડપ્રેસર) - હૃદયરોગની બિમારી વધુ પ્રમાણમાં જોવા મળતી હોય છે. એવા સંજોગોમાં આ પ્રકારની શિબિર મહદ અંશે મદદરૂપ થઈ શકે છે. પ્રતિવર્ષ આયોજિત થતી આ શિબિરની સફળતા માટે નિલેષભાઈ, ભાવેશભાઈ, જુગલભાઈ તથા મિલનભાઈનો તથા યુવાચાર્યાનો સિંહ ફાળો રહ્યો હતો.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

લાંબી તપસ્યા બાદ વાપીવાસીઓને એક ઓવરબ્રિજ અને એક અન્ડરબ્રિજ ડિસેમ્બરમાં નસીબ થશે

નાણામંત્રી કનુભાઈ દેસાઈની જાહેરાત એટલે ભીંત પર લેખલાં અક્ષરો : ૮૦ નંબરની ફાટકવાળો રેલ્વે અન્ડરબ્રિજ વાપી નગરનું ટ્રાફીકનું ભારણ વધારશે : આના ઈલાજ માટે વાપી મહાનગર પાલિકા અને વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશને સતર્ક રહેવું પડશે : વાપીના માર્ગોને બાપુકી મિલ્કત સમજી વાહનો પાર્ક કરનારાં સામે હંટર પ્રહાર કરવો પડશે : વાપી મહાનગરપાલિકાનો જળસંચનો નિર્ણય અપરિપકવ : બાજ પંખીની કમાલ : નોનસ્ટોપ ૫,૭૦૦ કી.મી.નું ઉડાણ ચાર દિવસમાં

વાપી પૂર્વને પશ્ચિમ સાથે જોડતો આશરે ૧૦૦૯.૮૬ મીટર લાંબો રેલ્વે ઓવરબ્રિજ ધરાશાયી કરાયા બાદ એ જ સ્થળે પૂર્વમાં ઈમરાન નગર સુધીના અને પશ્ચિમમાં ચલા મુકતાનંદ ક્રોસિંગ સુધીના નવા ફોરલેન રેલ્વે ઓવરબ્રિજની યોજનાને આકાર અપાયો હતો. આ નવા ફોરલેન ઓવરબ્રિજની યોજના ઠેકેદારે કામમાં અક્ષમ્ય વિલંબ કરતાં આ પુલ ૨૦૨૩માં પુરો કરી સુપ્રત કરવાનો હતો. પરંતુ આજે એ વાતને ત્રણ વર્ષ થઈ ગયા છતાં વાપીની લાઈફલાઈન જેવો આ પુલ ચોક્કસ કેટલા સમયમાં ચાલુ થશે તે કોઈ કહી શકે એમ નથી !

વાપીનો જુનો ટુ-લેન રેલ્વે ઓવરબ્રિજ કડકભુસ કરાયા પછી અમે અમારા સંખ્યાબંધ લેખોમાં જુનો પુલ તુટયા બાદ વાપી શિરદર્દ સમી ટ્રાફિકની સમસ્યા પેદા થવાનો ચિતાર આપ્યે રાખ્યો હતો. કેમ કે, વાપી પૂર્વ-પશ્ચિમ વચ્ચે વાહન વ્યવહારના સરળ વહન માટે એ પુલ એકમાત્ર વિકલ્પ હતો.

આ જુના પુલનું અસ્તિત્વ મટી ગયા પછી માત્ર બે જ વિકલ્પો વાહનચાલકો માટે ઉપલબ્ધ હતાં. એક જે-ટાઈપનો વર્ષ ૨૦૧૬માં કાર્યાન્વિત થયેલ રેલ્વે અન્ડરબ્રિજ. આ અન્ડરબ્રિજ ફકત નાના વાહનો પસાર થઈ શકે એટલી જ ઊંચાઈ ધરાવતો હતો.

બીજો વિકલ્પ રેલ્વે ફાટકનો હતો. વાપી પશ્ચિમાં એસ.ટી. ડેપો પાસેનું રેલ્વે ક્રોસિંગ હળવા અને ભારે વાહનો માટે રાહતરૂપ હતું. પરંતુ બલીઠાનો રેલ્વે અન્ડરબ્રિજ કાર્યાન્વિત થતાં આ રેલ્વે ક્રોસિંગ બંધ કરી દેવામાં આવ્યું હતું.

આમ તો વાપી પૂર્વ-પશ્ચિમ વચ્ચે હાલના ફોરલેન રેલ્વે ઓવરબ્રિજ ઉપરાંત જે-ટાઈપ પાસે રૂા.૫૦ કરોડના ખર્ચે બીજો એક રેલ્વે ઓવરબ્રિજની સાથે ૮૦ નંબરના રેલ્વે ક્રોસિંગ આગળ એક બીજા રેલ્વે અન્ડરબ્રિજની યોજના સામેલ જ હતી. પરંતુ જે-ટાઈપના ઓવરબ્રિજ અને ૮૦ નંબરની ફાટકવાળા રેલ્વે અન્ડરબ્રિજના નિર્માણ માટે રેલ્વેના કાર્યક્ષેત્રના કામમાં રેલ્વેનો સહકાર આવશ્યક બની રહેતો હોય છે. પરંતુ તેનો સંપૂર્ણ અભાવ હોવાના કારણે આ યોજનાઓને વિલંબનું ગ્રહણ લાગી ગયું હતું.

હવે રાહતના સમાચાર એ આવ્યા છે કે ગુજરાતના નાણાં અને શહેરી વિકાસમંત્રી કનુભાઈ દેસાઈએ ગયા રવિવારે વાપી ખાતે યોજાયેલા ભાજપ કાર્યકરો અને અગ્રણીઓના સ્નેહમિલન કાર્યક્રમમાં ખાતરીપૂર્વક જાહેરાત કરી છે કે જે-ટાઈપનો રેલ્વે ઓવરબ્રિજ તા.૧૫-૧૨-૨૬ના દિવસે અને ૮૦ નંબરના રેલ્વે ક્રોસિંગ પાસેનો રેલ્વે અન્ડરબ્રિજ તા.૩૧-૧૨-૨૬ના દિને વાહનોની અવરજવર માટે ચાલુ થઈ જશે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈ વાપીનો જુનો પુલ તુટયાં પછી નવા રેલ્વે ઓવરબ્રિજો અને અન્ડરબ્રિજો સમયબધ્ધ ચાલુ થાય એ માટે સતત પસીનો પાડતા હતાં. પરંતુ ઘર કરી ગયેલા સરકારી સિસ્ટમ (પ્રણાલિકા) તેમના પ્રયાસોમાં અવરોધરૂપ બનતાં હોવાથી યોજનાઓ વિલંબની ગતીમાં ગબડતી રહેતી હતી.

વાપી પૂર્વ-પશ્ચિમ વચ્ચે ડિસેમ્બરમાં ચાલુ થનારા આ ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજોની વાત ખુદ નાણાંમંત્રીએ સ્નેહમિલન સમારોહમાં કરી હોઈ, એ હવે ભીંત પર લેખલાં શબ્દો બની રહે છે.

વાપીનો જે-ટાઈપનો નવો ઓવરબ્રિજ શરુ થતાં વાપી અને દમણ વિસ્તારમાં જતાં ભારે અને હળવા વાહનો માટે તે ખુબ સુવિધાજનક બની રહેશે.

વાપીની ૮૦ નંબરની રેલ્વે ફાટક પાસે ડિસેમ્બરની ૩૧મીએ ચાલુ થનાર રેલ્વે અન્ડરબ્રિજ વાપી ટાઉનના ટ્રાફીકનું ભારણ સારુ એવું વધારશે. આ આરયુબી ચાલુ થતાં અભિમન્યુના ચક્રાવા જેવા બલિઠાના રેલ્વે અન્ડરબ્રિજનો ટ્રાફિક સારો એવો ઓછો થઈ જશે.

વાપીની ૮૦ નંબરની ફાટકવાળો રેલ્વે અન્ડરબ્રિજ ચાલુ થતાં વાપી ઝંડાચોક, મહાત્મા ગાંધી રોડ, આઝાદનગર, ચલા રોડ, વાપી મેઈન બજાર રોડ વગેરે માર્ગો ઉપર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય એ માટે વાપી મહાનગરપાલિકા અને બલિઠાના ટ્રાફિક પોલીસ સ્ટેશને સક્રિય થવું પડશે. નહી તો ઉલમાંથી ચૂલમાં પડયા જેવું થશે!

વાપી મહાનગરપાલિકાની ચુંટાયેલી બોડીએ સત્તાની લગામ હાથમાં લીધા પછી વાપીના વિકાસના અનુસંધાનમાં મળતી જુદી જુદી બેઠકોમાં વાપીના માથાના દુઃખાવા જેવા ટ્રાફિકના પ્રશ્નોના ઈલાજ માટે કોઈ બેઠકમાં ચર્ચા કરી હોય એવું યાદ નથી. ખરેખર તો સળગતા પ્રશ્નો તો ઉકેલ માટે પહેલા લેવા જોઈએ.

વાપી નગરના માર્ગો બાવા આદમ સમયના જેવા સાંકડા છે. વાપી બજારનો મેઈન રોડ આમ તો પહોળો છે પરંતુ માર્ગની બંને તરફ દ્વિચક્રિ વાહનો અને ફોરવ્હીલર વાહનોનું બેફામ પાર્કિંગ થતું હોવાથી આખો દિવસ ટ્રફિકજામની સમસ્યા સર્જાય છે. આ મેઈન રોડ ઉપરની દુકાનવાળાઓએ પણ ફુટપાથો ઉપર અતિક્રમણ કરેલું હોવાથી રાહદારીઓએ દોડતાં વાહનો વચ્ચે અકસ્માતના ભય સાથે ચાલવું પડે છે. થોડા દિવસ પહેલાં વાપીના સુપરટાઈપવાળા દિનેશભાઈ પટેલના પરિવારના મહિલા સભ્યને વાપી ટાઉનના સરદાર ચોક પાસે એક મોટરસાયકલ ચાલકે ટક્કર મારતાં મોઢાના ભાગમાં સારી એવી ઈજા થઈ હતી.

કમનસીબી એ કે અકસ્માત કરનાર જવાબદારોને આજદિન સુધી વાળ પણ વાંકો થયેલ નથી!

વાપીના આ મુખ્ય બજાર રોડ પર બે બોટલનેક છે એક સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી સ્ટેશન તરફનો વળાંક અને બીજો આ જ પ્રતિમાથી પોલીસ સ્ટેશન તરફ જતો બોટલનેક. આ બન્ને બોટલનેક માર્ગોની બેઉ તરફ આખો દિવસ સંખ્યાબંધ દ્વિચક્રી વાહનો પાર્ક કરવામાં આવતાં હોવાથી ટ્રાફિકજામ આ વિસ્તારની ઓળખ બની ગયેલ છે.

સાચુ કહીએ તો વાપી પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ ઓછુ કરવા અત્યાર સુધી સ્થાનિક સ્વરાજયની કોઈ પણ સંસ્થાએ પ્રયાસો કરેલા જ નથી.

વાપીમાં નથી કોઈ પાર્કિંગ ઝોન કે નથી નો-પાર્કિંગ ઝોન. પાર્કિંગ બાબતમાં વાપીના બધા જ માર્ગો જાણે સબભુમિ ગોપાલ કી જેવા! વાપીનો એક પણ માર્ગ ગેરકાયદે પાર્કિંગ વગરનો નહી દેખાય. ટ્રાફિકજામનું વિષચક્ર આજ છે!

વાપીનો ચલા રોડ મુંબઈના કોઈ પરા જેવો વાણિજય પ્રવૃત્તિઓથી ધમધમે છે. અહીં જેટલી રહેણાંક સોસાયટીઓ છે એટલી જ માર્ગની એન્ટ્રીઓ છે. ચલા રોડ આમ તો ફોરલેન છે પરતુ આ રોડ પણ સંખ્યબંધી એન્ટ્રીઓના કારણે તેમજ ગેરકાયદે પાર્કિંગના કારણે ટ્રાફિકજામના ચકકરમાં પિસાય છે.

વાપીનો એસ.ટી. ડેપો નવો ફોરલેન બ્રિજ ચાલુ થશે પછી પુરેપુરો પશ્ચિમથી ચાલુ થઈ જશે. હાલમાં કામચલાઉ પૂર્વમાં ખસેડાયેલો છે. વાપી પશ્ચિમમાંથી બધી જ બસો શરુ થશે. ત્યારે અહીં સર્વિસ રોડ ઉપર લગભગ ૩૫૦ જેટલી બસોની ટ્રીપો દોડતી થશે. પશ્ચિમમાં ડેપો ચાલુ રાખી આપણે જ પેટયોરી શૂળ ઉભુ કરેલું છે!

દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

બાજ પંખીએ કમાલ કરી !

એક હેવાલ પ્રમાણે, મણીપુરથી બે બાજ પંખી ઉપર આધુનિક ઉપકરણ ટેગ કરી છોડવામાં આવ્યા હતાં. આ બે પંખીઓ પૈકીનું એક કયાંય રોકાયા વિના ૧૦૧ કલાકનું ઉડ્યન કરી ૫,૭૦૦ કી.મી.ના અંતરે આવેલા સોમાલિયા પહોચ્યું હતું! આ દુરી તેણે ચાર દિવસમાં પુરી કરી હતી!

બીજા બાજ પંખીએ ૯૫ કલાકમાં ૪,૧૦૦ કી.મી.નું અંતર પુરું કરી આફ્રીકાની દિશામાં ઊડી રહ્યું હતું!

ભારતીય વન્ય જીવન સંસ્થાનના વૈજ્ઞાનિકોએ મણીપુર અમુલ ફાલ્કન પ્રોજેકટ હેઠળ આ પંખીઓને છોડયા હતાં. આ બંને પંખીઓએ ૨૩ દેશોની લાંબી મુસાફરી કરી હતી અને મણીપુર પાછા ફર્યા હતાં.

વાપી મહાનગરપાલિકા : જળસંચળ બાબતનો નિર્ણય અપરિપકવતાની નિશાની!

તાજેતરમાં વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં સરકારી ઈમારતોમાં વરસાદી પાણીના જળસંચય અંગે નિર્ણય લેવાયો તે એક મજાક જેવો જ જણાય છે.

વર્ષો પહેલાં વાપી નગરપાલિકાની સામાન્યસભામાં વાપીના તમામ ઘરોમાં જળસંચયનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ બધુ આંબે આવ્યા મોરને વાત કરીશુ પોર. જેવું થઈ જતાં વાતનું સરસુરિયુ થઈ ગયેલું!

હવે વાપી મહાનગરપાલિકાએ જળસંચયની વાત સરકારી ઈમારતો પુરતી જ મર્યાદિત રાખી અપરિપકવતા જ દાખવી હોવાનું જણાય છે.

જો જળસંચયની મહત્વની યોજના સાકાર કરવી હોય તો વાપીની તમામ ઈમારતો ઉપર વરસાદી પાણીના સંચયનું આયોજન કરવું જોઈએ.

વિજ્ઞાને સમયની ઝડપ વધારી દીધી છે

(ગતાંકથી શરુ)

મૂડી ત્રણ જગ્યાએથી આવતી હોય છે. ૧. સરકાર તરફથી, જેને સરકારી મૂડી કહેવાય છે. ૨. કંપનીની મૂડી, જેને પ્રજાના શેરહોલ્ડરો ભેગી કરતા હોય છે. અને મૂડી વિના પણ ઉદ્યોગો સ્થાપિત કરી શકાય તેવા ભ્રમમાં આપણે રેંટિયા તરફ અને કોદાળી-પાવડા, છીણી-હથોડા તરફ વળ્યા. ત્રીસ વર્ષ બગાડ્યા પછી થાકી ગયા અને ભાન થયું કે આ રીતે તો કાયમી ગરીબી સ્થાપિત થઈ રહી છે, જેમાં લોકોને પેટપૂરતું પણ મળતું નથી. ખરા ઉદ્યોગો તે છે જેને ચલાવવા સેંકડો પેટા ઉદ્યોગો આપોઆપ ખીલી ઊઠે છે. જો તમારે કાર કે વીજળીનું કારખાનું સ્થાપિત કરવું છે તો તેને પોષણ આપનારા પૂર્વ અને ઉત્તરમાં સેંકડો ઉદ્યોગો ધમધમતા કરવા જ પડે. જેમકે રબર ઉદ્યોગ, સ્ટીલ ઉદ્યોગ, ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ વગેરે. આ પૂર્વ ઉદ્યોગો છે. આ બધા મળીને કારનું નિર્માણ કરે છે. કાર થઈ ગયા પછી હજારો ગેરેજો, હજારો ડ્રાઈવરો, હજારો પંક્ચર કરનારા, સફાઈ કરનારા, રોડવાળા વગેરે કામે લાગે છે. રેંટિયો કે કોદાળી-પાવડામાં પૂર્વ કે ઉત્તરના રોજગારો નથી હોતા.

સરકારી મૂડીરોકાણથી થનારા ઉદ્યોગો ક્યાંય સફળ રહ્યા નથી. ભારતમાં તો નહિ જ. એ ભયંકર ખોટનો ધંધો રહ્યો છે, અને થોર અવ્યવસ્થા અને ઊતરતા સ્તરનું ઉત્પાદન થવાથી ઉપભોક્તાઓને ઘોર અસંતોષ રહેતો આવ્યો છે. પ્રજાના રેવન્યુને ખાઈ જનારા આ સરકારી ઉદ્યોગો, સરકાર અને પ્રજાને થકવી નાખનારા થયા છે.

કંપની અને શેરહોલ્ડરો એ પશ્ચિમની દેન છે. તેના દ્વારા ઝીરો મૂડીમાંથી કરોડો ભેગા કરી શકાય છે. તેનું રોકાણ ઉદ્યોગોમાં કરીને મબલક જરૂરિયાતોની વસ્તુઓ ઉત્પન્ન કરી શકાય છે. તે સસ્તી સારી અને નિકાસને યોગ્ય પણ હોય છે, તેના નફામાંથી શેરધારકોને ડિવિડન્ડ મળે છે. આ રીતે બધાં ખુશ રહે છે. આપણે મોડે મોડે જાગ્યા અને ખાનગી મૂડીરોકાણને શ્રય આપ્યો તેથી દેશ સમૃદ્ધ થઈ રહ્યો છે.

ખાનગી મૂડીરોકાણ એ ક્રેન છે. ક્રેન જેમ નીચે પડેલી વસ્તુને ઊંચકીને તેની જગ્યાએ ગોઠવી આપે છે. જે કામ હજારો મજૂરો નથી કરી શકતા તે કામ એક મહાકાય ક્રેન કરી શકે છે. આવું જ ઉદ્યોગપતિઓનું છે. ખાડે ગયેલા અર્થતંત્રને તે ઊંચકીને સમૃદ્ધિના શિખર ઉપર મૂકી શકે છે. વિશ્વભરનાં બધાં જ સમૃદ્ધ અર્થતંત્રો ઉદ્યોગપતિઓના મૂડીરોકાણથી સમૃદ્ધ થયાં છે. જેટલા ઉદ્યોગપતિઓ વધારે, તેટલું મૂડીરોકાણ વધારે. જેટલું મૂડીરોકાણ વધારે તેટલી રોજીઓ, રેવન્યુ અને સમૃદ્ધિ વધારે. આ વાત સામ્યવાદી ચીનને સમજાઈ. તેણે વિશ્વભરના ઉદ્યોગપતિઓને આકર્ષ્યા અને જોતજોતામાં ચીન મહાશક્તિ થઈ ગયું. આપણે હજી આ વાતને બરાબર પચાવી શક્યા નથી. ચરખાવાદ, સામ્યવાદ અને સમાજવાદનો નશો પૂરેપૂરો ઊતરી જાય પછી આ વાત સમજાય. ઉદ્યોગપતિઓની ચાર અપેક્ષાઓ હોય છે ૧. સુરક્ષા, ૨. કાચો માલ ૩. પાકા માલની નિકાસ અને ૪. સરકારી કર્મચારીઓ તથા મજૂરોનો પૂરો સહયોગ જ્યાં આ ચાર તત્ત્વો નથી હોતાં ત્યાં મૂડીરોકાણ થતું નથી. ૫. બંગાળ, કેરળ, બિહાર વગેરે તેનાં ઉદાહરણો છે. જ્યાં પોતાની, પોતાનાં માણસોની અને મૂડીની સુરક્ષા ન હોય ત્યાં મૂડીરોકાણ ન થાય. જ્યાં કાચો માલ -નામ ન હોય ત્યાં પણ મૂડી રોકાણ ન થાય. જ્યાં પાકા માલનો પૂરેપૂરો નિકાસ ન થાય ત્યાં પણ મૂડીરોકાણ ન થાય. કદાચ થયું હોય તો અટકી જાય કે બંધ પડી જાય. અને જ્યાં સરકારી વલણ અને કામદારોનું વલણ અનુકૂળ ન હોય ત્યાં પણ મૂડીરોકાણ ન થાય. આ ચારેમાં સૌથી વધુ મહત્ત્વનું તત્ત્વ સરકારી વલણ છે.

વિજ્ઞાને સમયની ઝડપ વધારી દીધી છે. જે મશીનો પહેલાં ૨૫-૫૦ વર્ષ સુધી કામ આપતાં તે હવે ૫-૭ વર્ષમાં બદલાઈ જાય છે. અર્થાત્ નવાં નવાં મોડેલો આવી જાય છે. સમયની ઝડપ સાથે જે ઉદ્યોગો નવાં નવાં મોડેલો સ્વીકારી નથી શકતા તે સ્પર્ધામાં ટકી નથી. શકતા એટલે બંધ પડી જાય છે. ઉદ્યોગોની સાથે સતત નવીનીકરણ જરૂરી છે. લિમિટેડ કંપનીઓના ડિરેક્ટરોનું મોરલ જરૂરી છે. બેન્કોની માફક લિમિટેડ કંપનીઓ પણ ક્રેડિટથી ચાલતી હોય છે. બનાવટી, અર્ધબનાવટી કે લુચ્ચી કંપનીઓથી પ્રજાને બચાવવી જરૂરી છે. પ્રજા કરતાં પણ કંપનીઓની શાખને બચાવવી વધુ જરૂરી છે. વ્યક્તિગત મૂડીનું મહત્ત્વ પહેલાં હતું. હવે એટલું બધું નથી. હવે મોટા ભાગના મોટા ઉદ્યોગો કંપનીઓ દ્વારા ચાલતા હોય છે. ઉદ્યોગો ઉપર સીધો કે આડકતરો વધુ પડતો કરભાર નાખવાથી ઉદ્યોગો અવરોધાય છે. તેને વધુમાં વધુ છૂટ આપવી હિતાવહ છે.

કરલાભ કરતાં પણ રોજીલાભ મોટી વસ્તુ છે. બળાત્કાર માત્ર માનવજાતિમાં જ થતો જણાયો છે. માનવ સિવાયની બધી જાતિઓમાં બળાત્કાર થતો જણાતો નથી.

જો આ વાત સાચી હોય તો 'પાશવી બળાત્કાર'માં પશુ શબ્દ, પશુઓનું અપમાન કરવા બરાબર છે. પશુઓ બળાત્કાર કરતાં જ નથી પછી પાશવી શબ્દ પ્રયોજાય જ કેવી રીતે? ખરેખર તો 'માનવીય બળાત્કાર' એમ લખાવું જોઈએ.

પશુઓ બળાત્કાર નથી કરતાં તેનો અર્થ પશુઓ કામાતુર નથી થતાં તેવો નથી. પશુઓ પણ કામાતુર થાય જ છે. પણ કામાતુર નર, માદાને રીઝવવા પ્રયત્નો કરે છે. કલાકો સુધી તેની પાછળપાછળ ફરે છે. અને પછી રીઝેલી માદા નરને અનુકૂળ થાય છે. ન રીઝેલી માદાને બળજબરીથી અનુકૂળ કરવાનો પશુનર પાસે કોઈ ઉપાય નથી હોતો. જો માદા ઊભી જ ન રહે તો કાંઈ કરી શકે નહિ. બહુ બહુ તો તેને દોડાવ-દોડાવ કરે. બળાત્કાર તો ન જ કરી શકે. પુરુષનર જ્યારે સ્ત્રીની ઈચ્છાવિરુદ્ધ તેના ઉપર બળાત્કાર કરે છે ત્યારે તેને ભય, માર-ઝૂડ કરીને અને સૌથી મોટી વાત તો એ છે કે તેને બાંધીને પણ પોતાને આધીન કરી શકે છે. કુદરતી રીતે સ્ત્રી-શરીરની રચના તેની મોટી મજબૂરી છે. તે પોતાના ગુમાંગને બંધ નથી કરી શકતી. જોર-જબરદસ્તીથી તેનો ઉપયોગ કરી શકાય છે. જો આ વાત સાચી હોય તો સ્ત્રીએ હંમેશાં રક્ષિત જીવન જીવવું જોઈએ. કોઈ ને કોઈ પુરુષના રક્ષણમાં અથવા સ્ત્રી–સમૂહના રક્ષણમાં તેણે જીવન જીવવું જોઈએ. એકાકી સ્ત્રી અનર્થોને આમંત્રણ આપે છે.

બળાત્કાર થવાનાં મુખ્યતઃ ત્રણ કારણો હોય છે :

૧. સ્ત્રીપ્રાપ્તિ વિનાના એકાકી પુરુષો કામાતુર થઈને ભાન ભૂલીને એકલદોકલ રખડતી-ભટકતી સ્ત્રીને લક્ષ્ય બનાવી બેસતા હોય છે. સતત કામાવરોધ, પ્રચંડ આંધી ઉત્પન્ન કરે છે. તેથી ભાન ભૂલીને નર ન કરવાનું કરી મૂકે છે.

૨. પરણેલા-પત્નીવાળા પુરુષો, જો પોતાના પાત્રથી અસંતુષ્ટ હોય અને જેનો કામ શાંત ન થયો હોય તે પણ આવેગના વંટોળમાં ન કરવાનું કરી બેસતા હોય છે.

૩. કેટલીક વાર સ્ત્રીઓ તરફથી ઉશ્કેરણીજનક વ્યવહાર થાય, વસ્ત્રો તથા ચેનચાળા એવા કરાતા હોય કે માણસ કાબૂ ખોઈ બેસે અને ન કરવાનું કરી બેસે. આવા કિસ્સામાં પુરુષની સાથે સ્ત્રીને પણ દોષિત માનવી જોઈએ. લોકોને ચલિત કરવા માટેના શણગારો, હાવભાવો અને ચેનચાળા બધું મળીને અનર્થને આમંત્રણ આપે છે. આવા કેસમાં સ્ત્રીને પણ દંડ થવો જોઈએ અથવા પુરુષને દંડ ન થવો જોઈએ અથવા ઓછો થવો જોઈએ. કારણ કે તેની કુપ્રવૃત્તિમાં સ્ત્રી પોતે પ્રેરક રહી હોય છે.

(વધુ આવતા અંકે)

વાસ્તવિકતા



સ્વામી સચ્ચિદાનંદ

ફિલ્મ સમાચારો

'દબંગ'ની નવી ફિલ્મની સલમાને કરી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૪ : સલમાન ખાને લોકપ્રિય ફિલ્મ બેન્ચાઈઝી 'દબંગ'ની નવી સિક્વલ બનવાની વાત કરી છે, જ્યારે 'બજરંગી ભાઈજાન ૨'ની શક્યતા નકારી છે. એક ઈન્ટરવ્યુની વાતચીતમાં સલમાને બંને ફિલ્મોનાં ભાવિ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. "'દબંગ'ની નવી ફિલ્મ અંગે તેણે કહ્યું, "દબંગ તો આવી જ જશે. આ આપણા હાથમાં છે,



જ્યારે બાકીની ફિલ્મો તેના હાથમાં નથી." ૨૦૧૦માં આવેલી પહેલી ફિલ્મમાં સલમાને પોલીસ અધિકારી ચુલબુલ પાંડેની ભૂમિકા ભજવી હતી. તેની સફળતા બાદ ૨૦૧૨ અને ૨૦૧૯માં બે સિક્વલ રિલીઝ થઈ હતી. 'બજરંગી ભાઈજાન ૨' અંગે સલમાનનું માનવું છે કે મૂળ ફિલ્મે દર્શકો સાથે જે ભાવનાત્મક જોડાણ સ્થાપિત કર્યું હતું, તેને ફરી સર્જવું મુશ્કેલ છે. તેણે કહ્યું કે સિક્વલ મૂળ ફિલ્મ જેટલી અસરકારક ન બને તો દર્શકો નિઃરાશ થઈ શકે છે. આથી આવી ફિલ્મ બનાવવી શક્ય લાગતી નથી. કબીર ખાનના દિગ્દર્શનમાં બનેલી 'બજરંગી ભાઈજાન'માં સલમાને પવનનું પાત્ર ભજવ્યું હતું, જે પાકિસ્તાની બાળકી મુન્નીને તેનાં પરિવાર સાથે મિલાવવા મદદ કરે છે. દરમિયાન, સલમાનની આગામી ફિલ્મ 'માતૃભૂમિ : મે વોર રેસ્ટ ઈન પીસ' ૪ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની છે. અપૂર્વ લાખિયાના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ પણ છે.

કચ્છના મહેમાન બન્યા પંજાબી સ્ટાર દિલજીત દોસાંઝ, સફેદ રણ નિહાળી અભિભૂત



(સંપૂર્ણ સમાચાર સેવા)

ભુજ, તા.૨૪ : અમદાવાદમાં લાઈવ પર્ફોમન્સ દ્વારા દર્શકોના દિલ જીતનારા પંજાબી ગાયક અને અભિનેતા દિલજીત દોસાંઝ સોમવારે કચ્છની મુલાકાતે પહોંચ્યા હતા. ભુજના એરપોર્ટ પર જ્યારે તેઓ ચાર્ટર પ્લેનથી ઊતર્યા ત્યારે અભેદ સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ હતી. ગાયકના કચ્છ પ્રવાસથી યુવા પ્રશંસકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. એરપોર્ટથી તેઓ વિશ્વવિખ્યાત ધોરડોના સફેદ રણ ખાતે પહોંચ્યા હતા, જ્યાં તેમનું કચ્છી શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. રણનો આઈદક નજારા વચ્ચે તેમણે સૌને ગુરુ નાનક જયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી. સફેદ રણની અદ્ભુત સુંદરતા, શીતળતા અને નયનરમ્ય નજારા નિહાળીને તેઓ ભાવવિભોર થયા હતા. ત્યાર બાદ તેઓ રણોત્સવના ટેન્ટ સિટી ખાતે પણ પહોંચ્યા હતા. અહીં તેમણે કચ્છી કલાકૃતિઓથી સજજ તંબુઓનું નિરીક્ષણ કર્યું હતું. ટેન્ટ સિટીમાં કરવામાં આવેલી વ્યવસ્થા અને પ્રવાસીઓ માટે ઊભી કરાયેલી સુવિધાઓ નિહાળીને તેઓ અભિભૂત થયા હતા. આ સાથે દોસાંઝે કચ્છની મહેમાનગતિ અને પ્રવાસન સુવિધાઓની પણ પ્રશંસા કરી હતી. અહીંથી તેઓ ભુજના સ્મૃતિવન અર્થકવેક મેમોરિયલ મ્યુઝિયમ અને વૈશ્વિક ધરોહર એવા ધોળાવીરાની મુલાકાત લેવા જશે. દિલજીતની આ મુલાકાતથી દેશ-દુનિયાના પર્યટકોને આકર્ષનારાં કચ્છનાં પ્રવાસન સ્થળો, કલા, સંસ્કૃતિ અને મહેમાનગતિ ફરી ચર્ચામાં આવ્યાં છે.

'રામાયણ' બાદ વિવિધ પાત્રો ભજવી અભિનયમાં નવી ઓળખ બનાવવા માગે છે રકુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૪ : રકુલપ્રીત સિંહ હવે પડકારજનક ભૂમિકાઓ ભજવવા અને અભિનયમાં નવી શક્યતાઓ શોધવા માગે છે. નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં શૂર્પણખાની ભૂમિકા ભજવી રહેલી રકુલે કહ્યું કે, હાલમાં તે એવી સ્ક્રિપ્ટની શોધમાં છે, જે તેને એક અભિનેત્રી તરીકે પડકાર આપે. પોતાની કારકિર્દી વિશે વાત કરતાં રકુલે મહેનત અને સતત પ્રયાસોને સફળતાનો આધાર ગણાવ્યાં. તેણે કહ્યું, "શરૂઆતથી જ મારો નિશ્ચય રહ્યો છે કે મારે સૌથી વધુ મહેનત કરવી છે. આજે પણ હું માનું છું કે મહેનતનો કોઈ શોર્ટકટ નથી." રકુલે પોતાની કારકિર્દીને ઘડવામાં તેલુગુ ફિલ્મ ઉદ્યોગના યોગદાનને પણ યાદ કર્યું. તેના મતે, તેલુગુ સિનેમાએ તેને અભિનયની સમજ આપી, કામ પ્રત્યેની કદર શીખવી અને ઓળખ અપાવી. આ ઉદ્યોગે તેને ઈચ્છેલી સફળતા અને



સ્ટારડમ પણ આપ્યાં. હવે તે એકસરખા પ્રકારનાં પાત્રોમાં બંધાઈ રહેવાને બદલે અલગ દુનિયા અને વિવિધ પાત્રોનો અનુભવ કરવા માગે છે. રકુલના શબ્દોમાં, "હાલમાં હું અલગ-અલગ ભૂમિકાઓ અજમાવવા અને નવી દુનિયા સર્જવાના તબક્કામાં છું. હું એવી સ્ક્રિપ્ટ શોધી રહી છું, જે મને પડકાર આપે. "'રામાયણ'માં શૂર્પણખાની ભૂમિકા પણ તેના માટે એક અલગ પ્રકારનો અનુભવ છે. હવે આગળ પણ આવા જ નવા અને પડકારજનક પાત્રો પસંદ કરવાનું તેનું લક્ષ્ય છે.

પારડી તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Wednesday 25, November 2026

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

ખેરલાવ આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવાયું



મયંક પટેલ
સરપંચ, ખેરલાવ

૩.૧.૪૨ કરોડના ખર્ચે આધુનિક શાળા, ૩. ૩૫ લાખની લાઈબ્રેરી, ૬ કરોડના રસ્તા અને અંડરગ્રાઉન્ડ વીજલાઈન તથા ૨૪ કલાક ૧૦૮ એમ્બ્યુલન્સ, CCTV કેમેરા, RO પ્લાન્ટ, વોટર કુલર અને મોબાઈલ ટાવરની સુવિધાથી ગામને નવું રૂપ મળ્યું







(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

પારડી, તા. ૨૪ : ''ભારતનો આત્મા ગામડામાં વસે છે, ગામડા સમૃધ્ધ થશે તો દેશ સમૃધ્ધ થશે''. ગાંધીજીનું આ વિધાન આજે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ખેરલાવ ગામ માટે સાર્થક થઈ રહ્યું છે. જ્યાં ગામના યુવા સરપંચે પોતાના વિચારો અને ગામના લોકોના સહકાર તેમજ સરકારી વિવિધ યોજનાનો લાભ લઈ આખા ગામની કાયા પલટી નાંખી. ગામમાં પગ મુકો એટલે એવુ લાગે કે, આપણે આદર્શ ગામમાં આવ્યા હોય. રસ્તા, અંડર ગ્રાઉન્ડ વીજ લાઈન, બસ સ્ટેન્ડ, નવી નક્કોર પ્રાથમિક શાળા, આંગણવાડી, પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટ, ગ્રામજનોની સુરક્ષા માટે સીસીટીવી સહિતની સુવિધા ઉપલબ્ધ છે. આ તો માત્ર પ્રાથમિક સુવિધાની વાત થઈ આ સિવાય પણ ગ્રામજનોની સુખાકારી માટે નાની મોટી વાતોનું ધ્યાન રખાયુ છે. જેના પરથી અનેક ગામના સરપંચો પ્રેરણા મેળવી ગાંધીજીના સપનાનું આદર્શ ગામ બનાવી શકે છે.

વલસાડ જિલ્લાના પારડી તાલુકાનું ખેરલાવ ગામ આમ તો ૧૭૦૦ જેટલી વસ્તી ધરાવતુ નાનકડુ ગામડુ છે પરંતુ આ ગામના વિકાસે સમગ્ર જિલ્લાનું ધ્યાન ખેંચ્યુ છે. વર્ષ ૨૦૨૧માં થયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં યુવા સરપંચ તરીકે મયંક પટેલ ચૂંટાયા હતા. ગામ માટે કંઈક કરી છૂટવાની તીવ્ર ભાવના અને મક્કમ નિર્ધાર સાથે પહેલા તો તેઓ દરેક ગ્રામજનોના ઘરે જઈ તેઓની સમસ્યા અને ગામના વિકાસ માટે લોકોના શું વિચાર છે તે જાણવાની પહેલ કરી એટલે ગામના વિકાસ માટે લોકોનો સહકાર પણ આપમેળે મળતો ગયો. તમામ ગ્રામજનોને સાથે રાખી કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના ગામનો સમતોલ વિકાસ થાય તે માટે મયંકભાઈ પટેલે શરૂઆત કરી ગામની પ્રાથમિક સુવિધા રસ્તા, પાણી અને વીજળીથી.

ગામના વિકાસની પાંચ વર્ષની ગાથા જણાવતા યુવા અને કર્મઠ સરપંચ મયંક પટેલ જણાવે છે કે, ખેરલાવના દરેક ફળિયા, દરેક પરિવાર અને ગામની મૂળભૂત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસનાં કાર્યો કરવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો છે. સરકારી વિભાગો, વહીવટી તંત્ર, લોકપ્રતિનિધિઓ, દાતાઓ, ધ્લ્ય સંસ્થાઓ અને ગ્રામજનોના સહયોગથી ગામમાં રસ્તા, શિક્ષણ, આરોગ્ય, વીજળી, પાણી, ખેતી, રોજગાર અને જનસુવિધાઓ જેવા અનેક ક્ષેત્રોમાં વિકાસનાં કાર્યો આગળ વધ્યાં છે. આ વિકાસગાથા ખેરલાવના સૌના સહકાર, વિશ્વાસ અને સહિયારા પ્રયાસોની સફર છે. વિકાસની વાત કરતા સરપંચ મયંક પટેલ આગળ જણાવે છે કે, ગામનો સર્વે કરી અત્યાર સુધીમાં રૂ. ૬ કરોડ ૨૦ લાખના રસ્તા બની ચુકયા છે, જ્યારે આગામી દિવસોમાં રૂ. ૩ કરોડ ૧૬ લાખના રસ્તા બનાવવાનું આયોજન છે. શિક્ષણક્ષેત્રની સુવિધ માટે અંદાજીત રૂ. ૧.૪૨ કરોડના ખર્ચે આધુનિક પ્રાથમિક શાળાનું નવું મકાન જેમાં લાઈબ્રેરી, વિજ્ઞાન પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ, સ્માર્ટ બોર્ડ અને રમતગમતની સુવિધાઓનો વિકાસ, શાળા પરિસરમાં હરિત ગાર્ડન, ઔષધિ વન તેમજ ત્રણેય આંગણવાડીઓનું નવીનીકરણ અને સુવિધાઓમાં સુધારો કર્યો છે.

આજના ડિજિટલનો યુગમાં કનેક્ટિવિટી માટે ગ્લ્ક્ન્ટાવરની સુવિધા ઊભી કરવામાં આવી. જેના પરિણામે ગ્રામજનોને સંચાર, ઓનલાઈન સરકારી સેવાઓ અને ડિજિટલ સુવિધાઓનો લાભ મેળવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું હતું.

ખેરલાવ ગામમાં ગ્રામજનોને આરોગ્યલક્ષી તેમજ તત્કાલ સારવાર મળી રહે તે માટે ખેરલાવ ખાતે ૨૪ કલાક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે. આ સિવાય ૧,૨૫૦થી વધુ લોકોને આયુષ્માન કાર્ડનો લાભ, ટીબી મુક્તિ અભિયાનમાં ગ્રામ પંચાયતનું ગોલ્ડ એવોર્ડથી સન્માન, સિકલસેલના દર્દીઓને સહાય, ટીબી એક્સ-રે કેમ્પ અને આરોગ્ય તપાસ કેમ્પ, ગર્ભવતી મહિલાઓને સરકારી યોજનાઓ હેઠળ સહાય અને નેત્ર તપાસ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે મોતિયાના ઓપરેશનની વ્યવસ્થા પણ કરાઈ છે.

ખેરલાવ ગામમાં પીવાના શુધ્ધ પાણી માટે RO પ્લાન્ટ અને વોટર કુલરની સુવિધા તેમજ ખેતીવાડીમાં સિંચાઈ માટે ચેકડેમ કમ કોઝવેનું નિર્માણ કરાયુ છે. ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા અને આધુનિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા ૫૦ ખેડૂતોને વિવિધ કૃષિ યોજનાઓ હેઠળ કુલ ૩,૫૫,૩૯૬ની સહાય, PM કિસાન સન્માન નિધિ હેઠળ ૨૪૬ ખેડૂતોને લાભ સહિત ઘર આંગણે રોજગારી માટે મનરેગા રોજગારલક્ષી યોજનાનું અમલીકરણ, ગ્રામજનો નાણાંની બચત કરતા થાય તે માટે ગામમાં પોસ્ટ વિભાગ સાથે નિયમિત કેમ્પ યોજી કુલ ૬૨૦ ખાતાં ખોલાવ્યા છે. વિધવા બહેનો અને વૃધ્ધોને આર્થિક મદદ મળે તે માટે ૮૪ બહેનો અને ૫૪ વૃધ્ધોને પેન્શન ચાલુ કરાવવામાં મદદરૂપ થયા. ગામનું સૌંદર્યીકરણ, સુશોભન અને વૃક્ષારોપણ ઉપર વિશેષ ભાર મુકાયો છે. ગામમાં જાહેર સ્થળો અને મુખ્ય વિસ્તારોની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા CCTV કેમેરાની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. સરપંચ મયંક પટેલ છેલ્લા આઠ વર્ષથી પોતાના જન્મદિવસની ઉજવણી સેવા કાર્ય સાથે કરે છે. દર વર્ષે સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજીને માનવસેવાના સંકલ્પને આગળ વધારે છે. અત્યાર સુધીમાં ૮૩૬ યુનિટ રક્ત એકત્રિત કરતા ૨૫૦૮ માનવ જિંદગીઓને નવી આશા મળી છે. તાજેતરમાં નિઃશુલ્ક નેત્ર તપાસ શિબિરનો ૨૮૪ લોકોએ લાભ લીધો હતો. આમ, ગામના દરેક લોકોની સમસ્યા સાંભળી સરકારના વિવિધ વિભાગ સાથે સંકલન કરી ઝડપી ઉકેલ લાવવામાં આવે તો દરેક ગામ ખેરલાવની જેમ આદર્શ ગામ બની શકેછે. સરપંચ ગામના વિકાસ માટે શું કરી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ખેરલાવ ગામે આપ્યું છે.

યુવાનોના સપના ગામની અદ્યતન લાઈબ્રેરી સાકાર કરશે



ખેરલાવમાં આધુનિક પુસ્તકાલયની સુવિધા ઊભી કરવી એ ગામના વિદ્યાર્થીઓ અને યુવાનોના શૈક્ષણિક ભવિષ્ય માટે મહત્વપૂર્ણ પહેલ છે. રાજ્યસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાના સાંસદ નિધિમાંથી અંદાજિત ૩૫ લાખના સહયોગથી લાઈબ્રેરી બનાવવામાં આવી છે. જેમાં GPSC અને UPSC પરીક્ષાની તૈયારી, સરકારી ભરતી પરીક્ષાનું માર્ગદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષાનાં પુસ્તકો અને વાંચન માટે અનુકૂળ વાતાવરણ પુરૂ પડાયુ છે. આ પુસ્તકાલય ગામના યુવાનોના સપનાંને સાકાર કરવામાં મદદરૂપ બનશે.

અંડર ગ્રાઉન્ડ વીજ કેબલ અને સ્ટ્રીટ લાઈટથી ઝગમગી ખેરલાવ ઉઠ્યું

ખેરલાવ ગામમાં વીજળી વિતરણ વ્યવસ્થાને વધુ સુરક્ષિત, સુવ્યવસ્થિત અને ગુણવત્તાયુક્ત બનાવવા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન જ્જ્લ્લ યોજના હેઠળ ખુલ્લા વીજતારના સ્થાને અંદાજે ૫ કિ.મી. મુખ્ય વીજ લાઈનને અંડરગ્રાઉન્ડ કેબલ સિસ્ટમમાં પરિવર્તિત કરી, આ સિવાય કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૯૮ ફીડરનું આધુનિકીકરણ, સ્ટ્રીટલાઈટ માટે આશરે ૧૮ કિમી કેબલ અને ૧૬૦ નવા પોલ, વીજ લાઈન શિફ્ટિંગ અને ટ્રાન્સફોર્મરની સંખ્યામાં વધારો તેમજ ૩૫થી વધુ આદિવાસી પરિવારોને મફત વીજ મીટર મુકાવી આપતા ગામ રોશનીથી ઝળહળી રહ્યુ છે.

સસ્તા અનાજની દુકાન

ખેરલાવમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય સસ્તા અનાજની દુકાન પહેલા ન હોવાથી ગ્રામજનોને અનાજ લેવા ૫ થી ૬ કિમી દૂર ડુમલાવ જવું પડતું, હવે દુકાન ફાળવાતા ગામમાં જ અનાજ મળવાથી રાહત થઈ છે.



ઉમરસાડી માછીવાડમાં પરંપરાગત તુલસી વિવાહ ઉત્સવ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૪ : પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં પ્રબોધિની એકાદશીના પવિત્ર દિને પ્રાચીન માછી સમાજની પરંપરા મુજબ તુલસી વિવાહ ઉત્સવ ઉજવાયો આવ્યો હતો કારતક સુદ અગિયારસ સવંત ૨૦૮૩ ના રોજ દેવ ઉઠી એકાદશી પ્રાબોધની એકાદશના પવિત્ર દિવસે ઉમરસાડી માછીવાડ ગામમાં તુલસી વિવાહ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ મુજબ બપોરે ૩:૩૦ કલાકે શ્રી લક્ષ્મી નારાયણ મંદિરના પ્રટાંગણ માંથી શ્રી ન્યુ વિજય સ્ટ્રીટના માધ્યમ થકી શ્રી માછી મહાજન પંચ, મહિલા મંડળ તેમજ ગામના ભાવિક ભક્તજનો દ્વારા શાલીગ્રામજીના વરઘોડાને બેન્ડ વાજા, નાચગાન સાથે સમગ્ર ગામમાં હારેકભેર ફેરવવામાં અવ્યો હતો સાંજે ૫ :૩૦ કલાકે શ્રી લક્ષ્મી નારાયણ મંદિરના ચોગાન કન્યા પક્ષ તુલસીમાતાનાં આંગણામાં આવી હતી.

ત્યારબાદ ગોળમહારાજના મંત્રોચ્ચાર થકી વિધિવત લગ્ન વિધિ સંપન્ન કરવામાં આવી હતી. વર પક્ષે કલ્પેશભાઈ ચીમનભાઈ ટંડેલ, કૈલાશબેન કલ્પેશભાઈ ટંડેલ તથા કન્યા પક્ષે પરેશભાઈ રણછોડ ટંડેલ, પ્રિયંકા બેન પરેશભાઈ ટંડેલ સ્કૂલ ફળિયા યજમાન પદે લગ્ન વિધિમાં બેસાડવામાં આવ્યા હતા.

આ રીતે સુંદર ભક્તિમય વાતાવરણ વચ્ચે તુલસી વિવાહ મહોત્સવ ઉજવાયો હતો. આ ધાર્મિક પ્રસંગમાં ગામનાં શ્રી માછી મહાજન પંચના પ્રમુખ ક્રિષ્નાભાઈ વી. ટંડેલ, ઉપપ્રમુખ પ્રવિણભાઈ ડી. ટંડેલ તથા અન્ય હોદેદારઓ, મહિલા મંડળના પ્રમુખ તેમજ અન્ય હોદેદાર, મંદિર કમિટીના પ્રમુખ રામચંદ્રભાઈ ટંડેલ, હિતેશભાઈ ટંડેલ, ગામનાં વડીલબંધુઓ, માતાઓ બહેનોના તથા યુવાન ભાઈઓબહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમ શ્રી માછી મહાજન પંચના નેજા હેઠળ મહિલા મંડળ સંચાલિત આયોજિત શ્રી ન્યુ વિજય સ્ટ્રીટના નવયુવાનો, વડીલબંધુઓ, માતાઓ બહેનોના સહિયારા પ્રયાસો થકી આવરી લેવામાં આવ્યો હતો આ સમગ્ર કાર્યક્રમ શ્રી ન્યુ વિજય સ્ટ્રીટના ભવિકભક્તજનોએ ભારે જહેમત ઉઠાવી તુલસી વિવાહ મહોત્સવને સફળ બનાવ્યો હતો

પારડીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બીજા મોક્ષરથની સેવા પુરી પડાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૪ : વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત ભારતીય જનસેવા સંસ્થાન દ્વારા વર્ષ ૨૦૧૯ થી મોક્ષરથ ની સેવા પારડી પંથકમાં પૂરી પાડવામાં આવી રહી છે આજ સુધી ૩૫૮૫ લોકોને આ સેવાનો લાભ આપી ચૂક્યા છે હાલમાં પારડી વિસ્તાર ઘણો મોટો હોય મોક્ષરથ ની જરૂરિયાત વધુ જણાઈ રહેલ હોય એટલે બીજો મોક્ષરથ વિશ્વ હિન્દુ પરિષદ પારડી લાવી રહ્યા છે આ કાર્ય દાનદાતાના સહકારથી થઈ રહ્યું છે અંદાજિત ખર્ચ ૩૫ લાખ રૂપિયા થશે તો દાન દાતાઓને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિનંતી કરવામાં આવી છેકે આ કાર્યમાં સહકાર આપશો જેથી ટૂંક સમયમાં આધુનિક મોક્ષ રથની આ સેવાનો લાભ મળી શકશે જેમના તરફથી દાન આપવામાં આવ્યો છે એવા દાનવીરો જેમાં પ્રથમ પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈની ગ્રાન્ટ માંથી ૧૦ લાખ રૂપિયા મળ્યા છે. જેથી મોટી રાહત મળી છે અગાઉના મોક્ષરત માટે પણ તેઓએ પાંચ લાખ રૂપિયા પોતાની ગ્રાન્ટમાંથી આપ્યા હતા સરદાર વાળા ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી ૧૦લાખ રૂપિયા મળેલ છે. ૩શ્રી જતીનભાઈ દેસાઈ બાલદા તરફથી ૨ લાખ મળેલ છે દાન માટે વિશ્વ હિન્દુ પરિષદ અને મોક્ષરત સમિતિના અગ્રણીનો સંપર્ક અમિતભાઈ પટેલ ૭૫૭૫૦૪૭૪૫૭ યોગેશભાઈ પટેલ ૯૮૨૪૯૦૪૯૬૦ કરી શકાશે પારડીમાં ખરેખર જ્યારથી મોક્ષરત સેવા ચાલુ થઈ ત્યારથી દરેક સમાજના લોકોને આ સેવા ઉપયોગી થઈ છે.

અને લોકો પણ મોક્ષ રથમાં જ હવે પોતાના સજનોને અંતિમ ક્રિયા માટે લઈ જાય છે. આ એક ઉત્તમ સેવા પાર્ટીની જનતાને મળી છે જે સેવા ઉભી કરનાર વિશ્વ હિન્દુ પરિષદના તમામ કાર્યકર્તાઓ અભિનંદનના પાત્ર છે.





વલસાડ થી છેક નાસિક શેરડી જઈ રહેલા સાંઈ ભક્તોને નવયુવક મંડળ શાકભાજી માર્કેટ કિલ્લા પારડી દ્વારા વિશેષ સેવા પ્રદાન કરવામાં આવી હતી આવી રહેલા ભક્તોને મંડળ દ્વારા ચા નાસ્તા સાથે જરૂરી તમામ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી આ સેવાઓ સ્વયંસેવક અમિત રાણા, જીજ્ઞેશરાણા, સાગર પટેલ, રાજુ ભાઈ, ચેતન ભાઈ, નવયુવક મિત્ર મંડળ શાકભાજી માર્કેટનાં સભ્યો આપી હતી. ભક્તો એમનો આભાર વ્યક્ત કર્યો હતો અને સાઈબાબાના જય જય કારા ગુંજી ઉઠ્યા હતા.

બોરલાઈમાં પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૪ : પારડી તાલુકાના બોરલાઈ ગામમાં પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વલસાડવાળા પ.પૂ. ડૉ. રોહિતભાઈ શાસ્ત્રીના મુખેથી વહેતી જ્ઞાનગંગા અને કૃષ્ણ જન્મોત્સવના પ્રસંગે સમગ્ર ગામમાં ભક્તિમય માહોલ છવાયો છે. પારડી તાલુકાના બોરલાઈ ગામના મંદિર ફળિયા ખાતે તારીખ ૧૭-૧૧ થી ૨૩-૧૧ સુધી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરાયું છે. દરરોજ યોજાતી આ કથામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી રહ્યા છે. કથાના ચોથા દિવસે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો. પ.પૂ. ડૉ. રોહિતભાઈ શાસ્ત્રી કથાકાર, વલસાડવાળા એ જણાવ્યું હતું કે બોરલાઈ ગામમાં ચાલી રહેલી શ્રીમદ્ ભાગવત કથાની અંદર ચોથો દિવસ એટલે કૃષ્ણ જન્મોત્સવ. કથાના આયોજન અંગે બોરલાઈ ગામના સરપંચ પદ્માબેન હિતેશભાઈ પટેલે જણાવ્યું હતું કે માત્ર ૧૫ થી ૨૦ દિવસના ટૂંકા ગાળામાં ગામના પાંચ પરિવારોના સહયોગથી આ કથાનો પ્રારંભ કરાયો હતો, જેને ધાર્યા કરતા બમણો પ્રતિસાદ મળ્યો છે.પદ્માબેન હિતેશભાઈ પટેલ સરપંચ, બોરલાઈએ જણાવ્યું હતું કે બોરલાઈમાં અમારા પાંચ પરિવારોએ ૧૫ થી ૨૦ દિવસના ટૂંકા સમયમાં આ કથાનો પ્રારંભ કર્યો અને ધાર્યા કરતા બમણું પરિણામ મળ્યું છે. આવનારા દિવસોમાં ૨૨ તારીખે રૂક્ષ્મણી વિવાહ સહિતના પ્રસંગો ઉજવાયા હતા કથા દરમિયાન રૂક્ષ્મણી વિવાહ અને સુદામા ચરિત્ર જેવા પાવન પ્રસંગો યોજાશે અને તા. ૨૩ નોવેમ્બરના રોજ કથાને વિરામ આપવામાં આવ્યો હતો.ધાર્મિક આસ્થા અને સામાજિક એકતાના આ સંગમથી બોરલાઈ ગામમાં ભક્તિનો રંગ જોવા મળી રહ્યો છે.

ઓરવાડમાં તુલસી વિવાહ સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૪ : પારડી તાલુકાના ઓરવાડગામમાં શ્રી ઘંટેશ્વર મંદિરમાં તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું ઓરવાડ મુકામે આવેલ શ્રી ઘંટેશ્વર મહાદેવના મંદિરમાં આજના દેવ ઉઠી અગિયારસના પવિત્ર દિવસે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો ઉડવાડા તેમજ ઓરવાડની અસંખ્ય બહેનો લાભ લીધો હતો

પુજારી દિનેશભાઈ શાસ્ત્રી ના જણાવ્યા પ્રમાણે હિન્દુ ધર્મના તમામ તહેવારોની ઉજવણીનું આયોજન ખુબજ શ્રદ્ધા પૂર્વક કરવામાં આવે છે. આ મહાદેવનુ પ્રાચીન મંદિર આજુબાજુના ગામના લોકોનું શ્રદ્ધાનું કેન્દ્ર માનવામાં આવે છે.

પારડીના દરેક ગામડાઓમાં ૨૪ કલાક વિજળી મળતી થઈ

એક સમયે એવો પણ હતો કે જ્યારે પારડી તાલુકાના ગામડાઓમાં વીજળીના ધાંધિયા થતા હતા અને લોકો હેરાન પરેશાન થઈ જતા હતા પહેલા પારડી તાલુકાના ગામડાઓમાં અને પારડી ટાઉનમાં વીજળીને લઈ ખૂબ જ ગંભીર સમસ્યા હતી અચાનક વીજળી દૂર થાય અને કલાકો સુધી વીજળી નહીં આવે ત્યારે લોકો વીજળી કચેરીમાં જઈને મોરચો ખોલી દેતા હતા અને ગંભીર પરિસ્થિતિ સર્જાતી હતી કોઈ ગામડામાં તો અઠવાડિયા સુધી પણ વીજળીના દર્શન થતા ન હતા પરંતુ હવે આ પરિસ્થિતિ રહી નથી જ્યારે આપણા રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી હતા ત્યારે તેમણે જનતાની મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને જ્યોતિગ્રામ યોજના જેવી વીજળીને લાગતા અનેક યોજનાઓ અમલમાં મૂકી હતી અને ૨૪ કલાક વીજળી લોકોને મળે એ માટેનું ચોક્કસ આયોજન કર્યું હતું તેમના આયોજન થકી પારડી તાલુકાના દરેક ગામડાઓમાં પરિસ્થિતિ બદલાઈ અને હાલે સતત ૨૪ કલાક વીજળી ૨૦૨૬ માં લોકોને મળી રહી છે વીજળીના કોઈપણ પ્રશ્ન હવે લોકોને મૂંઝાવતા નથી સરકારની અનેક યોજનાઓથી લોકો હવે પોતે સોલાર પેનલ વડે વીજળી ઉત્પન્ન કરતા થઈ ગયા છે અને સરકારને વીજળી પણ વેચી રહ્યા છે પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ જ્યારે ઊર્જા મંત્રી હતા ત્યારે તેમણે વીજળીની વ્યવસ્થા ચોક્કસ થાય એ માટેના સરકારમાં યોજનાબદ્ધ કામો મૂકી પારડીને અંડર ગ્રાઉન્ડ કેબલિંગ થી સર્જ કરી નાખ્યો છે લોકોને ઝૂલતા તારથી રાહત મળી છે ઝુલતા ચાર અકસ્માત નોતરતા હતા પરંતુ હવે અંડરગ્રાઉન્ડ પારડી સહિત તમામ ગામડાઓમાં થઈ જતા અને તમામ ગામડાઓની વીજળી વ્યવસ્થા અલગ થઈ જતા જાહેર જનતાને વીજળીની સમસ્યામાંથી કાયમી રાહત મળી છે લાંબા સમયથી એટલે કે જ્યારથી વીજળીની પારડીમાં વિતરણ વ્યવસ્થા શરૂ થયેલી ત્યારથી ભાડાના મકાનમાં વીજળીની કચેરી ચાલી રહી હતી કર્મચારીઓ પણ નાની જગામાં બેસીને કામ કરતા હતા આને જો વધારે પબ્લિક થાય તો કચેરીના મકાન ભરાઈ જતા હતા આ સમસ્યા પણ પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ દૂર કરી છે ઉમર સાડી કોટલાવ ગામ માં આધુનિક ગ્રામ્ય અને શહેર બંને વિસ્તારોની જનતા માટે કચેરી બનાવી દેવામાં આવી છે અને કચેરી શરૂ થઈ ગઈ છે જેથી હવે લોકોને પાર્કિંગ અને લાઈન ની સમસ્યા માંથી પણ રાહત મળી ગઈ છે લાઈટ બિલ ભરવા માટે ઓનલાઈન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતા હવે લોકો પોતાના મોબાઈલ માંથી પણ ઓનલાઈન પેમેન્ટ કરી શકે છે જેથી કચેરીએ જવાની પણ જરૂર નથી ગામડાઓમાં અને શહેરોમાં સ્માર્ટ મીટરની સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે સ્માર્ટ મીટર વડે હવે ઓનલાઈન મોબાઈલમાં વીજળીના બિલ આવી રહ્યા છે લોકો મોબાઈલમાં જ પોતાનો બિલ ડાઉનલોડ કરી શકે છે જેથી બિલ આવવાની પણ રાહ જોવામાંથી મુક્તિ મળી છે લોકોના બિલ ભરાય છે ત્યારે બિલ પેડ અંગેના મેસેજ મોબાઈલમાં આવી જાય છે એટલા માટે લોકોને હવે અનેક સુવિધાઓ વીજળી કચેરીમાં રાજ્યની ભુપેન્દ્ર પટેલ સરકાર અને સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના પ્રયત્નથી -ામ થઈ ચૂકી છે અંડરગ્રાઉન્ડ કેબલિંગ વડે લોકોને ઝૂલતા તારમાંથી મુક્તિ મળી છે અને અકસ્માત થવાની સંભાવના પણ હવે રહી નથી.

ટૂંકમાં પારડી પંથકમાં ખેડૂતોને પણ એગ્રીકલ્ચરની અલગ લાઈન મળી જતા ખેડૂતોને પણ હવે ખેતી કરવામાં રાહત મળી છે ત્યારે સરકારની ખેતી માટેની સોલાર પેનલ ની યોજના નો લાભ પણ ગામડામાં ખેડૂતો લેતા થયા છે અને સોલાર પેનલ વડે મોટર પણ ચાલી રહી છે હવે પારડી ને વીજળી અંગેની સમસ્યા માંથી સંપૂર્ણપણે મુક્તિ મળી ગઈ છે અને આવનારી પેઢીને પણ વીજળીની સમસ્યા માંથી મુક્તિ મળી રહેશે આમ વીજળી અંગેની ચોક્કસ વ્યવસ્થા પારડી પંથકમાં ગોઠવવામાં આવતા સરકારને જનતાને ચોક્કસ સુવિધા આપવા માટે સફળતા મળી છે અને જનતાને પણ રાહત મળી ચૂકી છે.



પારડીનો પત્ર
કુલદિપસિંહ રાજપુત, પારડી

કોલકની દરગાહમાં ઉર્સ શરીફ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૪ : પારડી તાલુકાના કોલક ગામે આવેલા મીરાં દાતાર દરગાહ ખાતેમાં પલ્લી રાસ્તીમા દાતારનો ઉર્સ શરીફ વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવશે ઉર્સ શરીફના પવિત્ર પ્રસંગ નિમિત્તે નીચે મુજબ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે પલ્લી રાસ્તીમાની ધજા ચઢાવવામાં આવશે. તેમજ દાતારની સંદલ પાલખી સાંજે બુધવારે ૨૫ નવેમ્બરે ૪:૩૦ કલાકે ધામધૂમપૂર્વક ગામમાં ફેરવવામાં આવશે તેમજ ગુરુવાર,૨૬ નવેમ્બર ના રોજ પલ્લી રાસ્તીમાની ઉજવણી તથા ઉર્સ શરીફનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પ્રસંગે આમ નિયાઝ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તમામ શ્રદ્ધાળુઓને નિયાઝ પ્રસાદનો લાભ લેવા તથા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ઉપરાંત ગુરુવાર, ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦ કલાકે રાતીબ રિફાઈનો વિશેષ ધાર્મિક કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમમાં પ.પૂ. સ્વ. નટુબાપુના પરિવારજનો સ્વ. મિલનભાઈ નટુભાઈ દાતારવાલા તથા સ્વ. સંગમભાઈ નટુભાઈ દાતારવાલાના આશીર્વાદ થકી ગં.સ્વ. અમિતાબેન મિલનભાઈ દાતારવાલા દ્વારા સર્વે શ્રદ્ધાળુઓને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 25, November 2026

સોશિયલ મીડિયા; સમજદારી અને તકેદારી વિશેષ જરૂરી

આખાં વિશ્વમાં યુવાઓનાં આકર્ષણરૂપ સોશિયલ મીડિયા સંવાદ, સૂચના અને અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ બની રહ્યું છે, પણ તેમાં પીરસાતી અશ્લીલતાએ સવાલ ઊભો કર્યો છે, એ સાથે હિંસા અને આપત્તિજનક કન્ટેન્ટ પણ આ માધ્યમની ઉપયોગિતા પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. સૌથી વધુ ચિંતાની વાત એ છે કે, સોશિયલ મીડિયાના અલગોરિધમ ઘણીવાર વધુ ને વધુ લોકો સુધી આ સામગ્રી પહોંચાડવામાં મદદ કરે છે, જેને કારણે સામાજિક મર્યાદાને અસર થાય છે, તો સાથે બાળકો અને કિશોરોનાં મન-મસ્તિષ્ક પર ખરાબ પ્રભાવ પાડે છે. આવી પરિસ્થિતિમાં ઇન્સ્ટાગ્રામે પોતાની કન્ટેન્ટ રેકમેન્ડેશન સિસ્ટમમાં બદલાવ કરવાનું નક્કી કર્યું છે, એ સ્વાગતયોગ્ય પગલું છે. આ પ્લેટફોર્મ પર એઆઇની મદદથી અશ્લીલતા અને હિંસક પોસ્ટની ઓળખ કરી યુઝર્સ સુધી પહોંચતાં પહેલાં રેકમેન્ડેશનથી હટાવવાની પ્રક્રિયા કરાઇ રહી છે. આ બદલાવ માત્ર ટેકનિકલ સુધારા જ નથી, બલ્કે સોશિયલ મીડિયાની જવાબદેહી નક્કી કરવામાં પણ મહત્ત્વનું પગલું છે. હકીકતે સોશિયલ મીડિયા પર સમસ્યા માત્ર આપત્તિજનક કન્ટેન્ટ અપલોડ કરવા પૂરતી નથી, પણ આ સામગ્રી ક્યાં અને કેવી રીતે આગળ વધે છે તેની છે. સોશિયલ મીડિયાનાં પ્લેટફોર્મના અલગોરિધમ યુઝર્સની રુચિ અને તેની ગતિવિધિઓને આધારે પોસ્ટને આગળ વધારે છે. ઘણીવાર સનસનીખેજ, અશ્લીલ અને હિંસક સામગ્રી વધુ પ્રતિક્રિયા મેળવે છે. ભારત સરકારે મેટાને ઇન્સ્ટાગ્રામ અને ફેસબુકની રેકમેન્ડેશન સિસ્ટમ અને અલગોરિધમની સમીક્ષા કરવાની ૧૦મી ઓક્ટોબરે સલાહ આપી હતી. આથી પહેલાં બાળકોના યૌન શોષણ સાથે જોડાયેલા વિજ્ઞાપનો માટે પણ મેટાને નોટિસ ઠપકારી હતી. આ ઘટનાઓએ સોશિયલ મીડિયા કંપનીઓની દેખરેખ વ્યવસ્થા અને જવાબદેહી પર પ્રશ્નો ઊભા કર્યા હતા. આવી સામગ્રી પ્લેટફોર્મ સુધી પહોંચે જ કેવી રીતે છે અને વિજ્ઞાપનરૂપે તેનો પ્રસાર થવા પહેલાં તપાસ કેમ નથી કરાતી ? બાળકોની સલામતીના મામલે કોઇપણ પ્રકારની લાપરવાહીને સામાન્ય ચૂક બતાવી હાથ ખંખેરી શકાય કહીં. અલબત્ત એ.આઇ. સિસ્ટમ આધારિત તપાસ વ્યવસ્થા કે ફિલ્ટરિંગ એ સમસ્યાનું સાચું સમાધાન નથી. કેમ કે, તેની પણ મર્યાદાઓ હોય છે, તેથી તેમાં ઘણીવાર આપત્તિજનક સામગ્રી ઓળખવામાં ચૂકી જવાય છે, તો બીજી તરફ જાગરુકતા, શિક્ષણ અને સામાજિક વિચાર-વિમર્શ જેવી સામગ્રી ખોટા વર્ગીકરણમાં ફસાઇ જાય છે. આ સમસ્યાના ઉકેલ માટે એ.આઇ.ની સાથે સાથે માનવીય દેખરેખ, પારદર્શી ફરિયાદ નિવારણ વ્યવસ્થા અને નિયમિત સ્વતંત્ર સમીક્ષા તંત્ર ઊભું કરવાની જરૂર છે. કંપનીઓએ એ બતાવવું જોઇએ કે, આપત્તિજનક કન્ટેન્ટનાં માપદંડ શું છે ? અને ખોટી રીતે અટકાવેલી પોસ્ટ માટે ક્યાં ફરિયાદ કરવી. ઇન્સ્ટાગ્રામમાં નોટ ઇન્ટરેસ્ટેડ, સેન્સિટિવ કન્ટેન્ટ કન્ટ્રોલ અને હિડન વર્ડઝ જેવા વિકલ્પોનો ઉપયોગ કરી અનિચ્છનીય સામગ્રીને કાબૂમાં રાખી શકે છે. કિશોરો માટે ટીન એકાઉન્ટ્સ જેવી વ્યવસ્થા પણ ઊભી કરી શકાય, પણ આ બધાનો પ્રભાવ ત્યારે જ થશે, જ્યારે તેનો ઉપયોગ કરનારાં બાળકોની ડિજિટલ પ્રસ્તુતિ પ્રત્યે સજાગ બનાય અને તેમનામાં ઇન્ટરનેટની જવાબદારીભર્યા ઉપયોગની સમજણ વિકસિત થાય. સોશિયલ મીડિયાની સ્વતંત્રતાનો અર્થ એવો તો નથી જ કે, અહીં કંઇપણ રજૂ કરવાની છૂટ છે, એ.આઇ.થી અશ્લીલતા અને હિંસક સામગ્રી લગાવવાની પહેલે ત્યારે જ સાર્થક થશે. જો તેને માત્ર સરકારી નિર્દેશ મળ્યો એટલે જ પગલું લેવાય છે એવું લાગે. ખરેખર તો સોશિયલ મીડિયા કંપનીઓની કાયમી જવાબદારી છે, તેને સુરક્ષિત, મર્યાદિત અને ઉપયોગી બનાવાય. આ માટે સરકાર, કંપનીઓ, ઉપયોગકર્તાઓ અને સમાજ બધાની પણ સામૂહિક જવાબદારી બને છે.

વૈભવ સૂર્યવંશીનો ઐતિહાસિક ધમાકો



૨૮ છગ્ગા, ૫૨ બોલમાં બેવડી સદી, ૧૪.૨ ઓવરમાં ભારતની શાનદાર જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)
કતાર,તા.૨૪ : ક્રિકેટના મેદાન પર ૧૫ વર્ષના ભારતીય યુવા બેટર વૈભવ સૂર્યવંશીએ એવો કારનામો કરી બતાવ્યો છે કે આખી દુનિયા તેની ચર્ચા કરી રહી છે. ACC મેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬માં UAE સામે રમાયેલી મેચમાં વૈભવે રેકોર્ડની હારમાળા સર્જી હતી. તેણે માત્ર ૨૮ બોલમાં સદી અને ૫૨ બોલમાં બેવડી સદી પૂરી કરીને લિસ્ટ-છ ક્રિકેટમાં નવો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે.

વૈભવે માત્ર ૫૩ બોલમાં ૨૦૪ રનની તોફાની ઇનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૨૮ ગગનચુંબી છગ્ગા અને ૭ ચોગ્ગા ફટકાર્યા હતા. તેની સ્ટ્રાઇક રેટ ૩૮૪.૯૦ રહી હતી.

દોહાના યુનિવર્સિટી ઓફ દોહા ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભારત-A અને UAE વચ્ચે મુકાબલો રમાયો હતો. UAEએ પ્રથમ બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૨૪૯ રન બનાવ્યા હતા. ૨૫૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી વૈભવે શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરી હતી.

તેણે માત્ર ૧૬ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. ત્યારબાદ ૨૮ બોલમાં સદી ફટકારી હતી. આ સાથે તેણે ઓસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર-મેકગર્કનો ૨૯ બોલમાં સદીનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. વૈભવ અહીં જ અટક્યો નહોતો. તેણે માત્ર ૫૨ બોલમાં ૨૦૦ રન પૂરા કરીને લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી બેવડી સદીનો વિશ્વવિક્રમ પણ પોતાના નામે કર્યો હતો. આખરે ૫૩ બોલમાં ૨૦૪ રન બનાવીને તે આઉટ થયો હતો. વૈભવની આ ઇનિંગની સૌથી આશ્ચર્યજનક વાત તેના ૨૮ છગ્ગા હતા. આ સાથે તેણે પ્રોફેશનલ ક્રિકેટની એક ઇનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.

આ પહેલાં તન્મય અગ્રવાલે ૨૬ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો. વૈભવે ૨૮ છગ્ગા ફટકારીને આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. તૂટ્યા આ મોટા ક્રિકેટ રેકોર્ડ, સૌથી ઝડપી લિસ્ટ-A સદી: ૨૮ બોલમાં સદી., સૌથી ઝડપી લિસ્ટ-A બેવડી સદી: ૫૨ બોલમાં ૨૦૦ રન., એક ઇનિંગમાં સૌથી વધુ છગ્ગા: ૨૮ છગ્ગા., વ્યક્તિગત સ્કોર: માત્ર ૫૩ બોલમાં ૨૦૪ રન. ચોગ્ગા: ૭.વૈભવે પ્રથમ ઓવરથી જ UAEના બોલરો સામે આક્રમક બેટિંગ શરૂ કરી હતી. તેણે પ્રથમ ઓવરમાં સતત ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. બીજી ઓવરમાં પણ બે છગ્ગા અને એક ચોગ્ગો ફટકાર્યો હતો. ત્યારબાદ બાસિલ હમીદની ઓવરમાં વધુ ત્રણ છગ્ગા ફટકારીને માત્ર ૧૬ બોલમાં અડધી સદી પૂરી કરી હતી.

સદી અને બેવડી સદી પૂરી કર્યાબાદ પણ તેનો આક્રમક અંદાજ યથાવત રહ્યો હતો. આખરે UAEના કેપ્ટન બાસિલ હમીદે તેની વિકેટ મેળવી હતી. UAEએ પ્રથમ બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૪૯ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ભારત-Aએ વૈભવની ઐતિહાસિક ઇનિંગની મદદથી માત્ર ૧૪.૨ ઓવરમાં ૩ વિકેટે ૨૫૪ રન બનાવીને ૭ વિકેટે શાનદાર જીત મેળવી હતી.

વૈભવ સૂર્યવંશીની આ ઇનિંગ માત્ર એક મેચની જીત નથી, પરંતુ લિસ્ટ-A ક્રિકેટના રેકોર્ડબુકમાં નોંધાયેલી ઐતિહાસિક સિદ્ધિ બની ગઈ છે.

પાકિસ્તાનમાં નવા પ્રાંતોની દરખાસ્ત સામે સિંધમાં ઉગ્ર વિરોધ



(સંપૂર્ણ સમાચાર સેવા)
કરાચી,તા.૨૪ : પાકિસ્તાનમાં નવા પ્રાંતોની રચનાની ચર્ચા વચ્ચે સિંધ પ્રાંતમાં રાજકીય તણાવ વધી રહ્યો છે. સિંધના ભાગલા પાડવાની કોઇપણ યોજના સામે કરાચીમાં હજારો સિંધ રાષ્ટ્રવાદીઓએ રસ્તા પર ઉતરી વિરોધ નોંધાવ્યો હતો. પ્રદર્શન દરમિયાન 'સિંધુદેશ'ની સ્વતંત્રતાના સમર્થનમાં નારા પણ લગાવવામાં આવ્યા હતા.

કરાચીમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો રંગબેરંગી બસોમાં પહોંચ્યા હતા. ઘણા પ્રદર્શનકારીઓ પરંપરાગત સિંધિ અજરક અને ટોપી પહેરીને વિરોધમાં જોડાયા હતા. સિંધના રાષ્ટ્રવાદી સંગઠનોએ સ્પષ્ટ કર્યું હતું કે પ્રાંતની અખંડિતતા સાથે કોઈ સમાધાન સ્વીકારવામાં આવશે નહીં. પાકિસ્તાનમાં નાના વહીવટી એકમો બનાવવા અંગે સરકાર તરફથી ચર્ચા શરૂ થયા બાદ આ મુદ્દો રાજકીય રીતે સંવેદનશીલ બન્યો છે. ગૃહમંત્રી મોહસિન નકવીએ નવા વહીવટી એકમોની રચના અંગે જનમત સંગ્રહની શક્યતાનો ઉલ્લેખ કર્યો હતો. પાકિસ્તાનના આયોજન મંત્રી અહસાન ઇકબાલે પણ હાલના ચાર પ્રાંતોની સંખ્યા વધારીને ૧૨ થી ૧૫ કરવાની ચર્ચા કરી છે. સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ૨૦૨૬ના અંત સુધીમાં જનમત સંગ્રહ અંગેની ચર્ચા વધુ સ્પષ્ટ બની શકે તેવી વાત કરી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો-ઝરદારીએ પણ સિંધના ભાગલા પાડવાના કોઇપણ પ્રયાસનો વિરોધ કર્યો છે. તેમણે ફેડરલ સરકારને ચેતવણી આપતાં કહ્યું હતું કે આવા પ્રયાસોથી પ્રાંતમાં ગંભીર રાજકીય અને સામાજિક તણાવ ઊભો થઈ શકે છે.

બાંગ્લાદેશ પરત ફરશે શેખ હસીના

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૪



બાંગ્લાદેશના વિમાનમાં ભારત મોકલાયા હતા, તેથી હવે તેમને પરત લાવવાની જવાબદારી સરકારની છે. શેખ હસીનાની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે તેમણે પરત ફરવા માટે નવો બાંગ્લાદેશી પાસપોર્ટ અને નેશનલ આઈડેન્ટિટી કાર્ડ મેળવવાની માંગ કરી છે. ઓગસ્ટ ૨૦૨૪માં તેઓ ભારત આવ્યા બાદ તેમના જૂના દસ્તાવેજો રદ કરાયા હતા. અહેવાલો મુજબ, તેમના કાનૂની પ્રતિનિધિઓએ ૯ નવેમ્બરે નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશ હાઈ કમિશનનો સંપર્ક કરીને દસ્તાવેજો આપવાની માંગ કરી હતી અને ત્યારબાદ હસીનાની સહી સાથે ફોલો-અપ પણ મોકલ્યું હતું. જોકે, બાંગ્લાદેશ સરકારે આ માંગના કાયદાકીય આધાર સામે સવાલ ઉઠાવતા દસ્તાવેજો આપવાનો ઇનકાર કર્યો છે. ઢાકાનું કહેવું છે કે હસીનાને ભારત-બાંગ્લાદેશ વચ્ચેની પ્રત્યાર્પણ સંધિ હેઠળ જ પરત લાવવા જોઈએ. બાંગ્લાદેશના અધિકારીઓએ જણાવ્યું છે કે તેમણે ભારત પાસે હસીનાના પ્રત્યાર્પણની ઔપચારિક માંગ કરી છે અને ભારતીય તંત્ર કાયદાકીય પ્રક્રિયા મુજબ તેની ચકાસણી કરી રહ્યું છે. બાંગ્લાદેશમાં હાલ રાજકીય માહોલ અત્યંત તંગ છે અને શેખ હસીનાની અવામી લીગ પાર્ટી પર પ્રતિબંધ યથાવત છે. એક બાંગ્લાદેશી મંત્રીએ રવિવારે જણાવ્યું હતું કે જો હસીના દેશમાં પરત ફરશે તો તેમની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવશે. મંત્રીએ એ પણ સ્પષ્ટ કર્યું કે તેમને લાવવા માટે વિમાનની વ્યવસ્થા અંગે ભારત સાથે કોઈ સત્તાવાર વાતચીત થઈ નથી.

દલાઈ લામાને લ્યુટિયન્સ દિલ્હીમાં સરકારી બંગલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૪: કેન્દ્ર સરકારે તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાના કાર્યાલયને લ્યુટિયન્સ દિલ્હીના પંડિત રવિશંકર શુક્લા લેન ખાતે આવેલો સરકારી બંગલો ફાળવ્યો છે. દલાઈ લામાના કાર્યાલયને ફાળવવામાં આવેલા આ બંગલામાં સુરક્ષા વ્યવસ્થાઓને પણ વધુ મજબૂત બનાવવામાં આવી છે. બંગલાની આસપાસ ઊંચા લીલા રંગના ધાતુના પેનલ અને કાંટાળા તાર લગાવવામાં આવ્યા છે. બંગલા નંબર ૨૦ને દલાઈ લામાના કાર્યાલય તરીકે ઓળખાતા 'ગેડેન ફોડ્રાંગ' ફાળવવામાં આવ્યો છે. સ્થળની બહાર હાલમાં કોઈ નેમપ્લેટ લગાવવામાં આવી નથી. સુરક્ષા વધારવાના ભાગરૂપે બંગલાના પ્રવેશદ્વારને મજબૂત કરવામાં આવ્યો છે અને સુરક્ષા કર્મચારીઓ માટે નવી કેબિન પણ બનાવવામાં આવી છે. કેન્દ્ર સરકારના સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (CPWD) દ્વારા વધારાની સુરક્ષા



વ્યવસ્થાઓ માટે રૂ. ૩૪.૯૪ લાખનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. આ કામગીરીનો હેતુ દલાઈ લામા અને તેમના કાર્યાલય માટે વધુ સુરક્ષિત અને સુવિધાજનક વ્યવસ્થા ઊભી કરવાનો છે.

દલાઈ લામાના કાર્યાલયના જણાવ્યા અનુસાર, તેમની વધતી ઉંમરને કારણે પ્રવાસ દરમિયાન હોટલમાં રોકાવું અને ત્યાં જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવવી મુશ્કેલ બની રહી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં કાયમી સરકારી આવાસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા વિદેશ મંત્રાલય અને દલાઈ લામાના કાર્યાલય વચ્ચેના સંકલનથી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. બંગલો લ્યુટિયન્સ દિલ્હીના સુરક્ષિત અને મહત્વપૂર્ણ સરકારી વિસ્તારમાં આવેલો હોવાથી સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવી રહી છે. દરમિયાન, દલાઈ લામાના ઉત્તરાધિકારીની પસંદગીનો મુદ્દો પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં છે. U.S.-China Economic and Secu®iy Review Commissionએ ચિંતા વ્યક્ત કરી છે કે ચીન દલાઈ લામાના ઉત્તરાધિકારીની પસંદગીની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી શકે છે. કમિશને ૧૪મા દલાઈ લામાના ઉત્તરાધિકારીની ઓળખ અને પ્રમાણિત કરવાની પ્રક્રિયામાં ગેડેન ફોડ્રાંગ ટ્રસ્ટને કાયદેસર સત્તા તરીકે માન્યતા આપવાની ભલામણ કરી છે. સાથે જ ભારત સહિતના દેશો સાથે રાજદ્વારી અને સુરક્ષા સ્તરે સંકલન વધારવાની પણ ભલામણ કરવામાં આવી છે.

૪૦૫ ટન કેમિકલ સાથેનું ચીની જહાજ ઇન્ડોનેશિયામાં જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)
જાકાર્તા, તા.૨૪

ઇન્ડોનેશિયાના નૌકાદળે બાંગ્લાદેશ જતું ૪૦૫ ટન સોડિયમ પર્કોલેટના જથ્થાવાળુ શંકાસ્પદ જહાજ જપ્ત કર્યું છે. સોડિયમ પર્કોલેટના આટલા જથ્થાની મદદથી ૧૦૦ જેટલા મિસાઇલ બનાવી શકાય છે અને રોકેટ પ્રોપેલન્ટ્સ તથા અન્ય ખાસ પ્રકારના વિસ્ફોટકો બનાવી શકાય છે. બાંગ્લાદેશ પાસે પોતાની મિસાઇલ સાઇટ્સ સુદ્ધા નથી ત્યારે આ પ્રકારનો જથ્થો બાંગ્લાદેશ કેમ જઈ રહ્યો છે તે સવાલ સર્જાયો છે. તેથી ઇન્ડોનેશિયાએ આ જહાજને જપ્ત કર્યું છે. આ જહાજ ઇન્ડોનેશિયન સમુદ્રમાં બેલાવન નામના સ્થળ નજીક નિર્ધારિત રુટથી દૂર જઈને શંકાસ્પદ રીતે ફરતું હોવાના લીધે ઇન્ડોનેશિયન નેવીના હાથમાં આવ્યું હતું. ઇન્ડોનેશિયાના નેવીએ સાતમી નવેમ્બરના રોજ આ જહાજ જપ્ત કર્યું હતુ. આ જહાજ બેલવાનમાં રિફ્યુલિંગ માટે રોકાયું હતું. ઇન્ડોનેશિયન નૌકાદળને તેની હિલચાલ શંકાસ્પદ લાગતા તેને ચકાસવાનો નિર્ણય લીધો. ઇન્ડોનેશિયન નેવીના રિજનલ કોમરેડ એડમિરલ ડેની સેપ્ટિયાનાએ આ જપ્ત કરેલા જહાજની વિગતો આપી હતી. નૌકાદળના પેટ્રોલ વેસલ કેઆરઆઈ સિગલુ-૮૫૭એ નિર્ધારિટ રુટથી અલગ રુટે જતાં આ જહાજને શંકાસ્પદ સ્થિતિમાં ફરતું જોયું હતું. પેટ્રોલિંગ ટુકડીએ ચકાસણી માટે જહાજનો સંપર્ક કર્યો હતો.

તેના પછી ચકાસણી દરમિયાન તેના દસ્તાવેજો અને કાર્ગોમાં વિસંગતતા જોવા મળતાં તેને જપ્ત કરવામાં આવ્યું હતું. ઇન્ડોનેશિયન નૌકાદળ મુજબ આ જહાજ કુલ ૧૬ કન્ટેનર લઈને જઈ રહ્યું હતું. તેમા ૧૫ તો સોડિયમ પરક્લોરેટના હતા. તેનો કુલ જથ્થો ૪૦૫ ટનનો હતો. આ કેમિકલ ઇન્ડસ્ટ્રીયલ એપ્લિકેશન્સ ધરાવતું સ્ટ્રેટેજિક ઓક્સીડાઇસિંગ એજન્ટ છે. તેનો ઉપયોગ રોકેટના ઉત્પાદનમાં અને મિસાઇલ પ્રોપેલન્ટ બનાવવા કરી શકાય છે. રીયર એડમિરલ ડેનીએ જણાવ્યું હતું કે જપ્ત કરવામાં આવેલા જથ્થામાંથી કમસેકમ ૧૦૦ મિસાઇલ સરળતાથી બનાવી શકાય છે. નૌકાદળે આ ઉપરાંત ૫૪ પેલેટ્સ પણ જપ્ત કરી હતી, તેમા લાખોની સંખ્યામાં અનરજિસ્ટર્ડ ફોર-જી એલટીઇ બ્લેન્ક સિમકાર્ડ હતા. આ જહાજ ચીનના લિયાનયુગાંગ બંદર પરથી બાંગ્લાદેશના મોંગલા પોર્ટ પર જવા નીકળ્યું હતું. તે ૮મી નવેમ્બરના રોજ મોંગલા પહોંચવાનું હતું, પરંતુ તેણે ઇન્ડોનેશિય સમુદ્રમાં અનશેડ્યુલ્ડ સ્ટોપ લીધું હતું.

દમણગંગા ટાઈમ્સ
NEWS
CORPORATE NEWS

ફૂડલિંક એફએન્ડબી હોલ્ડિંગ્સનો આઈપીઓ ૨૬ નવેમ્બરે ખુલશે

સુરત, તા. ૨૪ : લક્ઝરી ફૂડ સર્વિસીસ ક્ષેત્રે કાર્યરત કંપની ફૂડલિંક એફએન્ડબી હોલ્ડિંગ્સ (ઇન્ડિયા) લિમિટેડ તેના -થમ આઈપીઓ મારફતે રૂ. ૩૬૧ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ આઈપીઓ માટે સબ્સ્ક્રીપ્શન ૨૬ નવેમ્બરે શરૂ થશે. કંપનીએ શેર દીઠ રૂ. ૧૮૧થી ૧૯૧ની -ાઇઝ બેન્ડ નક્કી કર્યો છે. આ આઈપીઓ ૩૦ નવેમ્બરે બંધ થશે, જ્યારે એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડીંગ ૨૫ નવેમ્બરે યોજાશે. ફૂડલિંકના શેરનું શેરબજારમાં ૩ ડિસેમ્બરે લિસ્ટિંગ થવાની અપેક્ષા છે. આ આઈપીઓમાં રૂ. ૧૯૨ કરોડ સુધીના ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ અને કંપનીના હાલના શેરધારકો દ્વારા રૂ. ૧૬૮.૭૬ કરોડના મૂલ્યના કુલ ૮૮,૩૫,૩૮૨ ઇક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ)નો સમાવેશ થાય છે. આ આઈપીઓ માટે ઇક્વિરસ કેપિટલ અને જેએમ ફાઇનાન્શિયલ બુક-રનિંગ લીડ મેનેજર્સ છે, જ્યારે એમયુએફજી ઇન્ટાઇમ ઇન્ડિયા રજિસ્ટ્રાર છે.

તિરુપતિ બાલાજી મંદિરમાં અજ્ઞાત ભક્તે ૧૨૧ કિલો સોનાનું મહાદાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
આંધ્રપ્રદેશ,તા.૨૪ : ભારતના પ્રસિદ્ધ તીર્થસ્થળ તિરુપતિ બાલાજી મંદિરમાં એક ભક્તે કરોડો રૂપિયાનું સોનાનું દાન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. આંધ્રપ્રદેશના તિરુમાલામાં આવેલા ભગવાન વેંકટેશ્વર સ્વામીના મંદિરમાં એક અજ્ઞાત ભક્ત દ્વારા ૧૨૧ કિલોગ્રામ સોનાના આભૂષણો અર્પણ કરવામાં આવ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ સોનાની અંદાજિત કિંમત ૧૪૦થી ૧૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

આ ભવ્ય દાનમાં કુલ ૧૨૧ કિલોગ્રામ સોનામાંથી તૈયાર કરવામાં આવેલા ૪૬ પ્રકારના આભૂષણોનો સમાવેશ થાય છે. તેમાં ભગવાનનો સોનાનો મુગટ, ભુજકીર્તિ, શંખ-ચક્ર, વદનમ અને અભય હસ્ત જેવા વિશેષ આભૂષણો સામેલ છે.

આ તમામ દાગીના નવ અલગ-અલગ સેટમાં તૈયાર કરવામાં આવ્યા છે. મંદિરના ટીટીડી અધિકારીઓના સૂચનો અને આગમ શાસ્ત્રના નિયમો અનુસાર આ આભૂષણો બનાવવામાં આવ્યા છે. તેને તૈયાર કરવામાં અંદાજે ૧૫ મહિનાનો સમય લાગ્યો હતો.

અહેવાલ અનુસાર, આટલું મોટું દાન ચેન્નાઈના એક NRI ઉદ્યોગપતિ દ્વારા કરવામાં આવ્યું છે. ઉદ્યોગપતિનું માનવું છે કે ભગવાન વેંકટેશ્વર સ્વામીના આશીર્વાદથી તેમના વ્યવસાયમાં સતત પ્રગતિ થઈ છે.

બાબા રામદેવે નામ લીધા વગર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી પર સાધ્યું નિશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૪

યોગ ગુરુ બાબા રામદેવ અને બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી વચ્ચે નિવેદનને લઈને વિવાદ ચર્ચામાં આવ્યો છે. બાબા રામદેવે એક કાર્યક્રમ દરમિયાન નામ લીધા વગર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીને 'પાખંડી' કહીને નિશાન સાધ્યું હતું. હવે બાબા બાગેશ્વરે આ નિવેદન પર પ્રતિક્રિયા આપતા શાંતિપૂર્ણ વલણ અપનાવ્યું છે.

ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ કહ્યું કે બાબા રામદેવે હંમેશા તેમને સ્નેહ આપ્યો છે. ચાર દિવસ પહેલાં જ તેઓ તેમના મંચ પર આવ્યા હતા અને વખાણ કર્યા હતા, પરંતુ આજે નિંદા કરી છે. જોકે, તેમણે આ નિવેદનને લઈને કોઈ નારાજગી વ્યક્ત કરી નહોતી. બાબા બાગેશ્વરે કહ્યું, "મને નિંદા પણ સ્વીકાર્ય છે અને પ્રશંસા પણ સ્વીકાર્ય છે. તેમને કોઈ વાત ખટકી હશે તો તેમણે આવું કહ્યું હશે. હું હિન્દુઓને જોડવા માટે છું, તોડવા માટે નહીં. હું કોઈ સંત વિશે ટિપ્પણી કરવા માગતો નથી. તેઓ મારા પોતાના જ છે."

સોમવારે મહિલા સશક્તિકરણના એક કાર્યક્રમમાં બાબા રામદેવે ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનું નામ લીધા વગર તેમના પર નિશાન સાધ્યું હતું. તેમણે ભગવાન શ્રીકૃષ્ણ અંગેના નિવેદનનો ઉલ્લેખ કરીને કથિત રીતે કહ્યું હતું કે, "પહેલા ભગવાન કૃષ્ણને વાંકા કહ્યા, પછી માફી માંગી અને ત્યારબાદ ફરી એ જ વાત કરી.

હોર્મુઝમાં ૫૦ ઓઈલ ટેન્કર-કાર્ગો શિપ પર સાયબર હુમલાની આશંકા

(સંપૂર્ણ સમાચાર સેવા)
હોર્મુઝ,તા.૨૪ : મધ્ય પૂર્વમાં વધતા સૈન્ય તણાવ વચ્ચે હવે હોર્મુઝ સ્ટ્રેટમાં સાયબર હુમલાની આશંકાએ ચિંતા વધારી છે. મીડિયા અહેવાલો અનુસાર, વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ આ જળમાર્ગમાંથી પસાર થતાં આશરે ૫૦ તેલ ટેન્કર અને અન્ય માલવાહક જહાજોને સાયબર હુમલાથી અસર પહોંચ્યાની આશંકા છે. અમેરિકી અધિકારીઓને આ હુમલાઓ પાછળ ઈરાનની સંડોવણી હોવાની શંકા છે, જ્યારે રશિયાની સંભવિત ભૂમિકા અંગે પણ તપાસ ચાલી રહી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. અહેવાલ મુજબ અસરગ્રસ્ત જહાજોમાં ક્રૂડ ઓઈલ તથા અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનો લઈ જતા ટેન્કરો ઉપરાંત LPG, કેમિકલ અને અન્ય જોખમી માલસામાનનું પરિવહન કરતા જહાજોનો પણ સમાવેશ થાય છે. કેટલાક જહાજોને ધમકીભર્યા સંદેશા અને બોમ્બથી ઉડાવી દેવાની ચેતવણીઓ મળ્યાની માહિતી પણ સામે આવી છે. આ સમગ્ર ઘટનાની અમેરિકી સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જોકે, હુમલાઓ પાછળ કોણ જવાબદાર છે તે અંગે અંતિમ પુષ્ટિ હજુ થઈ નથી.

હોર્મુઝ સ્ટ્રેટ વૈશ્વિક ઊર્જા પુરવઠા માટે સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંનું એક છે.

ગુજરાતની સરહદી સુરક્ષાની સમીક્ષા માટે વરિષ્ઠ અધિકારીઓને જવાબદારી સોંપાઈ

૨૬ અને ૨૭ નવેમ્બરના રોજ આ અધિકારીઓ કચ્છ, વાવ-થરાદ અને પાટણના ૨૦ ગામોની મુલાકાત લેવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૨૪ : ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલા ગુજરાતના ૨૦ સરહદી ગામોમાં સુરક્ષા વ્યવસ્થાની ગ્રાઉન્ડ લેવલ પર સમીક્ષા કરવા માટે ગુજરાત પોલીસના ૧૦ વરિષ્ઠ IPS અધિકારીઓ આગામી ૨૬મી અને ૨૭મી નવેમ્બર, ૨૦૨૬ના રોજ બે દિવસની વિશેષ મુલાકાતે જશે. કચ્છ, વાવ-થરાદ અને પાટણ જિલ્લાના આ સરહદી ગામોમાં અધિકારીઓ સ્થાનિક રહીશોના ઘરોમાં રાત્રિરોકાણ કરી પ્રજાજનો તથા ફરજ બજાવતા પોલીસ જવાનોની સમસ્યાઓ પ્રત્યક્ષ રીતે સાંભળશે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના ચતુષ્કોણીય સિક્યુરિટી ગ્રીડના સ્પષ્ટ વિઝન અને તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકોમાં સરહદી સુરક્ષાને અભેદ્ય બનાવવા અંગે અપાયેલા દિશાનિર્દેશોને અનુરૂપ આ પહેલ હાથ ધરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સીધી દેખરેખ હેઠળ આ સમગ્ર ફિલ્ડ એક્સરસાઇઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસીય મુલાકાત દરમિયાન અધિકારીઓ સુરક્ષા માળખા, સુરક્ષા એજન્સીઓની સજ્જતા અને બોર્ડર પેટ્રોલિંગનું નિરીક્ષણ કરશે. આ ઉપરાંત દુર્ગમ વિસ્તારોમાં તૈનાત પોલીસ જવાનો અને ગ્રામજનો સાથે સંવાદ કરી રાત્રિ સમીક્ષા બેઠકો યોજશે. જેના તારણો આગામી સમયમાં સરહદી વિસ્તારના વિકાસ અને સુરક્ષા આયોજનમાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ વિશેષ અભિયાન અંતર્ગત રાજ્યના ૧૦ વરિષ્ઠ પોલીસ અધિકારીઓને અલગ-અલગ સરહદી ગામોની જવાબદારી સોંપવામાં આવી છે.



મુખ્યમંત્રીએ ગુરુ નાનક જયંતિના પાવન પર્વે

ગાંધીનગરના પોર સ્થિત ગુરુદ્વારા ખાતે દર્શન-અર્ચન કર્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૨૪ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શીખ ધર્મના પ્રથમ ગુરુ અને સ્થાપક સંત શ્રી ગુરુ નાનક દેવજીની ૫૫૭મી જયંતિ ગુરુપુરબના પાવન અવસરે ગાંધીનગર જિલ્લાના પોર ગામે આવેલા ગુરુદ્વારા ખાતે ભક્તિભાવપૂર્વક દર્શન અને પૂજન-અર્ચન કર્યા હતા. તેમણે, ગુરુદ્વારા ખાતે પવિત્ર ગુરુ ગ્રંથ સાહિબના દર્શન કરી શીશ ઝુકાવ્યું હતું અને રાજ્યના સૌ નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ, એકતા તેમજ રાજ્યના અવિરત વિકાસ માટે વિશેષ અરદાસ કરી હતી. ગુરુદ્વારા પ્રબંધક સમિતિના મુખ્ય સેવક ગુરુપ્રીતસિંહ ધિલ્લોન, પરમજીતકૌર છાબડા દ્વારા મુખ્યમંત્રીને પરંપરાગત ખેસ-સરોપા, શાલ ઓઢાડી તેમજ અમૃતસર સ્થિત સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમદાવાદમાં રવિ પટેલ પેરુના ઓનરરી કોન્સલ તરીકે નિયુક્ત

વ્યવાસયિક અને સાંસ્કૃતિ આદાનપ્રદાનથી આગામી સમયમાં ગુજરાત અને પેરુના સંબંધો મજબૂત બનશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૨૩ : રિપબ્લિક ઑફ પેરુએ રવિ પટેલની અમદાવાદમાં ઓનરરી કોન્સલ તરીકે નિમણૂક કરી છે. આ નિમણૂકથી ભારતમાં પેરુની પ્રાદેશિક સક્રિયતા મજબૂત બનશે અને વેપાર, રોકાણ, સંસ્કૃતિ તથા શિક્ષણ ક્ષેત્રે ગુજરાત સાથે વધુ નજીકના સહયોગને પ્રોત્સાહન મળશે.

રવિ પટેલ ઉદ્યોગસાહસિક ૦અને રોકાણકાર છે તથા મૂડીબજારમાં ૧૫ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. આરવી ફેમિલી ઓફિસ મારફતે તેમનાં રોકાણો કેપિટલ માર્કેટ્સ, રોબોટિક્સ, હોસ્પિટાલિટી, ઈ-કોમર્સ, શિક્ષણ અને આરોગ્યસેવા સહિતનાં અનેક ક્ષેત્રોમાં ફેલાયેલાં છે. તેઓ ૭૭૭ અને વર્લ્ડ ડિજિટલ વેન્ચર્સના કો-ફાઉન્ડર અને ડિરેક્ટર પણ છે, જે કોમર્સ, વર્કિંગ કેપિટલ તથા રિટેલર્સ અને એમએસએમઈના વિકાસ પર કેન્દ્રિત છે.

તેઓ ભારત સ્થિત પેરુના દૂતાવાસ સાથે મળીને વ્યવસાયિક અને સંસ્થાકીય સંબંધો વિકસાવશે, જેમાં ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને એકબીજાના બજારોમાં રહેલી તકો સમજવામાં અને જોડાણો સ્થાપવામાં મદદ કરવા પર વિશેષ ધ્યાન અપાશે.

ગુજરાત આગામી સમયમાં પેરુ સાથે ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ટેક્સટાઈલ્સ અને એન્જિનિયરિંગ ક્ષેત્રે સહયોગ માટેના ક્ષેત્ર પૂરા પાડશે. બીજીતરફ, પેરુનાં ખનિજ સંસાધનો અને વ્યવસાયિક તકો, સોર્સિંગ, રોકાણ અને વ્યવસાયિક ભાગીદારી માટેના માર્ગો ખોલે છે. આ ક્ષેત્રો બંને દેશો વચ્ચે અસ્તિત્વમાં રહેલા વ્યાપાર અને વ્યવસાયિક આદાનપ્રદાન પર આધારિત છે.

ભારતમાં પેરુના રાજદૂત જેવિયર મેન્યુલ પૌલિનિચ વેલારાડેએ જણાવ્યું કે, ગુજરાતની ઉદ્યોગસાહસિક ભાવના અને ઔદ્યોગિક ક્ષમતાઓ તેને પેરુ માટે એક મહત્ત્વનો ભાગીદાર બનાવે છે. રવિ પટેલની નિમણૂક ભારતમાં વધુ નજીકના પ્રાદેશિક સંબંધો બાંધવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. વ્યવસાયો અને સંસ્થાઓને જોડવા, સહિયારી તકો ઓળખવા તથા વેપાર, રોકાણ અને સંસ્કૃતિ ક્ષેત્રે સહયોગ મજબૂત કરવા માટે અમે તેમની સાથે કામ કરવા આતુર છીએ. ઓનરરી કોન્સલ તરીકેની જવાબદારી મળતા રવિ પટેલે તેને પોતાના માટે સન્માનની વાત હોવાનું જણાવ્યું હતું. વ્યવસાયિક જોડાણની સાથે સાથે ગુજરાત અને પેરુ વચ્ચે વધુ પરિચય અને મજબૂત સંબંધો ઊભા કરવા પ્રયાસ કરાશે અને સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ પ્રવાસન ક્ષેત્રે આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં

ઈનિશિયેટિવ ફોર રિસર્ચ એન્ડ ઈનોવેશન ઈન સ્ટેમ-IRIS નેશનલ ફેરનું સમાપન



૨૨ રાજ્યોમાંથી ૧૪૪ યુવા સંશોધકો દ્વારા વિવિધ શ્રેણીના ૧૨૦ ઉત્કૃષ્ટ સંશોધન પ્રોજેક્ટ્સ રજૂ કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ,તા.૨૪ : એજ્યુકેશન લિંકર્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત અને ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડ દ્વારા સંચાલિત IRIS નેશનલ ફેર ૨૦૨૬-૨૭નું આયોજન ૨૨ થી ૨૪ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન વિજ્ઞાન ભવન, ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ ફેરનો સમાપન સમારોહ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં ભારતની ઉભરતી વૈજ્ઞાનિક પ્રતિભાઓની સિદ્ધિઓની ઉજવણી કરીને તેમને એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વર્ષની આવૃત્તિમાં ૨૨ STEM વિષય શ્રેણીઓમાં અંદાજે ૧૨૦૦ સંશોધન પ્રોજેક્ટ્સની અરજીઓ પ્રાપ્ત થઈ હતી. બહુ-સ્તરીય મૂલ્યાંકન અને પસંદગી પ્રક્રિયા બાદ, સમગ્ર ભારતના ૨૨ રાજ્યોમાંથી ૧૪૪ યુવા સંશોધકો દ્વારા રજૂ કરાયેલા ૧૨૦ ઉત્કૃષ્ટ સંશોધન -ોજેક્ટ્સની અમદાવાદ ખાતેના નેશનલ ફેરમાં ભાગ લેવા માટે પસંદગી કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ્સમાં જીવવિજ્ઞાન (લાઈફ સાયન્સિસ), એન્જિનિયરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), પર્યાવરણ વિજ્ઞાન, ગણિત, રોબોટિક્સ અને નવી રજૂ કરાયેલી શ્રેણી ટેકનોલોજી એન્હાન્સિસ ધ આર્ટ્સ સહિત વિવિધ વૈજ્ઞાનિક શાખાઓનો સમાવેશ થાય છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં બાળકો અને યુવાનોના ૅસ્ક્રીન ટાઈમૅને રચનાત્મક અને ઉપયોગી દિશામાં વાળવો એ સૌથી મોટો પડકાર છે ત્યારે IRIS નેશનલ ફેર જેવા પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થીઓએ જે આત્મવિશ્વાસ અને ઊંડાણપૂર્વકના સંશોધન સાથે પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કર્યા છે. તે ખરેખર પ્રશંસનીય છે. આ ફેરમાં માત્ર મોટા શહેરો કે આંતરરાષ્ટ્રીય શાળાઓના જ નહીં પરંતુ નાના ગામડાંઓમાંથી આવેલા અને મર્યાદિત સુવિધાઓ વચ્ચે પણ અદભુત સંશોધન કરનારા વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરેથી રાષ્ટ્રીય અને હવે વૈશ્વિક મંચ સુધી પહોંચાડવા બદલ તેમણે ઝાયડસ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને તમામ આયોજકોનો રાજ્ય સરકાર વતી આભાર માન્યો હતો અને એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ યુવા સંશોધકોના નવીન વિચારો આગામી સમયમાં રાજ્ય સરકારને વિવિધ પડકારોના ઉકેલ લાવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. માત્ર સપના જોવાથી કામ નહીં ચાલે પરંતુ તે સપનાઓને સાકાર કરવા માટે સતત પરિશ્રમ કરવો પડશે. આ સ્પર્ધામાં કોઈની હાર કે જીત નથી, જેઓ વૈશ્વિક સ્તરે પસંદગી પામ્યા છે તેમને અભિનંદન પરંતુ જેઓ પસંદ નથી થયા તેમને બમણા અભિનંદન, કારણ કે તેમની પાસે હજુ વધુ સંશોધન કરવાનો અને આગળ વધવાનો વિશાળ અવકાશ રહેલો છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકો દ્વારા આસપાસની સમસ્યાઓ ઓળખીને તેનો ઉકેલ લાવવાની પહેલ કરવી એ નિષ્ક્રિય શિક્ષણમાંથી સક્રિય સમસ્યા નિવારણ તરફનું મહત્વપૂર્ણ કદમ છે. દેશના ૧૨ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સમાંથી ૬ ગુજરાતમાં સ્થાપિત થઈ રહ્યા છે અને દેશના યુવાનો હવે સ્પેસ ટેકનોલોજી, બાયોટેકનોલોજી, ઈલેક્ટ્રોનિક્સ અને એઆઈ (AI) જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક નેતૃત્વ કરવા સક્ષમ બન્યા છે.

રાજ્યમાં ખરીફ મગની ટેકાના ભાવે ખરીદી ૩૦મીથી શરૂ થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ,તા.૨૪ : રાજ્ય સરકાર દ્વારા આગામી ૩૦મી, નવેમ્બર, ૨૦૨૬થી ખરીફ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી પ્રતિ હેક્ટર ૫૫૦ કિ.ગ્રા. (૨૭.૫ મણ) અને ખેડૂત દીઠ મહત્તમ ૨,૫૦૦ કિ.ગ્રા. (૧૨૫ મણ) સુધી ખરીફ મગની ખરીદી કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભારત સરકાર દ્વારા ખરીફ મગનો ટેકાનો ભાવ રૂા. ૮,૭૮૦ પ્રતિ ક્વિન્ટલ (૧,૭૫૬ પ્રતિ મણ) જાહેર કરવામાં આવ્યો છે. હાલમાં રાજ્યની વિવિધ APMC ખાતે ખરીફ મગનો બજાર ભાવ સરેરાશ રૂા. ૮,૧૯૦ પ્રતિ ક્વિન્ટલ (૧,૬૩૮ પ્રતિ મણ) ચાલી રહ્યો છે, જે નિયત ટેકાના ભાવ કરતા ઓછો હોવાથી ખેડૂતોને આર્થિક નુકસાન ન જાય તે માટે ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરાયો છે.

ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન (પીએમ આશા યોજના)ની માર્ગદર્શિકા મુજબ સમગ્ર ખરીદી હાથ ધરાશે. ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલા ખેડૂતોને SMS મળ્યેથી તેમને ફાળવવામાં આવેલા ખરીદ કેન્દ્ર ખાતે નિયત ધોરણ મુજબના જથ્થા સાથે હાજર રહી યોજનાનો લાભ લેવાનો રહેશે. ખરીદી સામેની રકમ સીધી ખેડૂતોના આધાર સીડેડ બેંક ખાતામાં DBT મારફતે જમા કરવામાં આવશે. ચૂકવણીમાં કોઈ વિલંબ ન થાય તે માટે તમામ ખેડૂતોએ પોતાના બેંક ખાતા ફરજિયાત આધાર સીડીંગ કરાવીને એક્ટિવ રાખવા કૃષિ વિભાગ દ્વારા કહેવાયું છે.

નળ સરોવરના પુનર્વિકાસના પ્રોજેક્ટ પૂર્ણતાના આરે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ,તા.૨૪ : અમદાવાદ જિલ્લાના નળ સરોવર પક્ષી અભયારણ્યની વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મુલાકાત લઈને ત્યાં ચાલી રહેલાં વિકાસ કામો, પ્રવાસન માળખાકીય સુવિધાઓ તથા પર્યાવરણીય સંરક્ષણની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે, નળ સરોવર



ખાતે હાથ ધરવામાં આવેલાં વિવિધ વિકાસ કામો અને પ્રવાસીઓ માટે ઊભી કરવામાં આવી રહેલી સુવિધાઓ જેવી કે કેન્ટીન, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ગ્રીનઝોન, બોટિંગ જેટી, બર્ડવ્યુ પોઈન્ટનું નિરીક્ષણ કર્યું હતું. નળ સરોવરને વધુ પ્રવાસન-અનુકૂળ બનાવવાના હેતુથી હાથ ધરવામાં આવેલા પુનર્વિકાસના પ્રોજેક્ટ્સ પૂર્ણતાના આરે છે. પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બોટિંગ સુવિધા પણ જરૂરી અંતિમ ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં પુનઃ શરૂ કરવામાં આવશે ત્યારે, આ પક્ષીઓના સુરક્ષિત વસવાટ માટે અનુકૂળ વાતાવરણ જાળવવું, તેમના કુદરતી રહેઠાણનું સંરક્ષણ કરવું તેમજ અભયારણ્યની સમૃદ્ધ જૈવવિવિધતા ટકાવી રાખવી જેવી બાબતોને વિશેષ પ્રાધાન્ય આપવા વનમંત્રીએ અધિકારીઓને સૂચના આપી હતી. આ સુવિધા શરૂ થવાથી નળ સરોવરની મુલાકાતે આવતા પ્રવાસીઓને વધુ સારો અનુભવ મળશે અને પ્રવાસન પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.

ગુજરાતમાં ખેતીની જમીન ખરીદીના નિયમોમાં મોટો ફેરફાર

બિનખેડૂત પણ ખરીદી શકશે ખેતીની જમીન, ગણોત ધારામાં બદલાવની વિચારણા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૨૪, ગુજરાત સરકારે બિન ખેતીની જમીન મુદ્દે ઉભા થયેલા તાજેતરના વિવાદ બાદ હવે બિન ખેડૂત ખાતેદાર પણ ખેતીની જમીન ખરીદી શકે તે અંગે વિચારણા હાથ ધરી છે. જેમાં હાલમાં જ વિધાનસભાના પૂર્વ સ્પીકર રમણલાલ વોરા ખોટા દસ્તાવેજના આધારે ખાતેદાર બન્યાં હોવાની મુખ્યમંત્રીને ફરિયાદ થઈ છે. જ્યારે આ ઉપરાંત અન્ય ઉદ્યોગપતિઓ પણ બોગસ ખેડૂત ખાતેદાર થઈ રહ્યાં હોવાની વિગતો પણ મળી છે. ગુજરાતમાં ગણોત ધારા ની કલમ ૬૩ હેઠળ ખેતીનીજમીન ખરીદવા માટે ખેડૂત ખાતેદાર હોવું જરૂરી છેતેમજ હાલમાં નિયમો મુજબ ખેડૂત ન હોવાને કારણે અન્ય લોકો કૃષિની જમીન ખરીદી શકતા નથી. ત્યારે જે લોકો રસ ધરાવે છે તેમના દ્વારા કૃષિ ક્ષેત્રે રોકાણ થાય, ઓર્ગેનિક ખેતીને પ્રાધાન્ય મળે અને ખેતીની જમીનો બિનખેતી થતા અટકે જે હેતુથી રાજ્ય સરકાર બિન ખેડૂત ખાતેદાર પણ ખેતીની જમીન ખરીદી શકે તેવા ફેરફારો અંગે વિચારણા કરી રહી છે. આ ઉપરાંત હાલમાં મહેસૂલ વિભાગે ખેડા જિલ્લાના માતરમાં ૫૦૦ બોગસ ખેડૂત ખાતેદારો પકડાયાં હતાં. આ ઉપરાંત રાજ્યમાં મોટાપાયે ખેતીની જમીનો બિનખેતીમાં પરિવર્તિત થઈ રહી છે. તેમજ મોટા પ્રમાણમાં ખેતીની જમીન બિન-ખેતી થઈ રહી છે. જે રાજ્ય સરકાર માટે ચિંતાનો વિષય છે. ઉલ્લેખનીય છે કે, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, સિક્કીમ, મિઝોરમ, ઉત્તરાખંડ, ગોવા ઉપરાંત ગુજરાતમાં માત્ર ખેડૂત જ ખેતીની જમીન ખરીદી શકે છે. જ્યારે ઉત્તરપ્રદેશ, કેરાલા, રાજસ્થાન, હરિયાણા, કર્ણાટક આસામ, પંજાબ, તેલગાણાં સહિતના રાજ્યોમાં ખેતીની જમીન ખરીદવાના નિયમો હળવા છે. આ રાજ્યોમાં કોઈપણ વ્યક્તિ , કલેકટર સહિત સ્થાનિક તંત્રની મંજૂરી મેળવીને ખેતીની જમીન ખરીદી શકે છે. મહત્વની વાત છેકે, ગુજરાતમાં લેન્ડ રિફોર્મ માટે સીએલસીનાં કમીટીનો રિપોર્ટ સરકારને સુપ્રત કરાયો છે. આ ઉપરાંત ગુજરાતમાં લેન્ડ રિફોર્મ માટે સીએલસી કમીટીનો રિપોર્ટ સરકારને સુપ્રત કરવામાં આવ્યો છે. તેમાં પણ ખેતીની જમીન કોઈ પણ વ્યક્તિ ખરીદી શકે તેવી ભલામણ કરાઈ છે.

એસડી પે - અપના પેના રૂા. ૧,૨૧૧ કરોડથી વધુના ડિજિટલ કૌભાંડના

પીડિત પરિવારોને ન્યાય અપાવવા ગુજરાત કોંગ્રેસે ઓનલાઈન પીટીશન લોન્ચ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૨૪ : સમગ્ર ગુજરાત અને દેશભરમાં 'એસડી પે - અપના પે' મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી થયેલા રૂ. ૧,૨૧૧ કરોડથી વધુના મહાકૌભાંડનો ભોગ બનેલા ૬.૫૩ લાખ સામાન્ય અને મહેનતકશ પરિવારોને ન્યાય અપાવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ (જીપીસીસી) દ્વારા આજે સત્તાવાર રીતે ઓનલાઈન પીટીશન લોન્ચ કરવામાં આવી છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને એ.આઈ.સી.સી.ના સીઈસી મેમ્બર, વરિષ્ઠ અધિવક્તા ડૉ. અમીબેન યાજ્ઞિકે આ ઓનલાઈન અભિયાનની પીટીશનની વિગતો જાહેર કરી હતી.

ઓનલાઈન પીટીશનના મુખ્ય ઉદ્દેશ્યો અને માંગણીઓમાં આંતરરાજ્ય સ્તરે ફેલાયેલા આ કૌભાંડની તપાસ સીબીઆઈ, ઈડી અને સ્ફિયોને સોંપી ૩ મહિનામાં પૂર્ણ કરવામાં આવે, કૌભાંડીઓએ લોકોના પૈસાથી ખરીદેલી ચલ-અચલ મિલકતો અને બેંક ખાતા જપ્ત કરી પીડિતોની મહેનતની કમાણી પરત કરવામાં આવે, ૬.૫૩ લાખ પીડિત પરિવારોના દાવા નોંધવા માટે સરકાર વિશેષ પોર્ટલ શરૂ કરે અને નાણાં પરત કરવા માટે વિશેષ ફંડની રચના કરે, તેમજ આ પ્રકારની લોભામણી એપ્લિકેશનો પર નિયંત્રણ રાખવા અને ભવિષ્યમાં કોઈ નાગરિક આ પ્રમાણેના લૂંટાય તે માટે કડક નિયમનકારી વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેનો સમાવેશ થાય છે.

અમિત ચાવડા અને ડો અમી યાજ્ઞિકે સ્પષ્ટ કર્યું હતું કે આ કોઈ રાજકીય કાર્યક્રમ નથી, પરંતુ પીડિત પરિવારોના હકની લડાઈ છે. ફક્ત ભોગ બનેલા પરિવારો જ નહીં, પરંતુ સાયબર ફ્રોડ સામે અવાજ ઉઠાવવા માંગતો દરેક જાગૃત નાગરિક ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા લિંક (https://c.org/kpfXBx8B9m) પર જઈને પોતાનું નામ, નંબર અને ઈમેલ દ્વારા પીટીશન પર સહી કરી સમર્થન આપી શકે છે.

ગ્રામીણ વિકાસ વિભાગ
જિલ્લા પંચાયત, સિલવાસા
દાદરા અને નગર હવેલી
ઈ-મેલ: dpo-dnh@ddd.gov.in Off.No. (0260) 2632303

No. DP/YP/MGNREGA/H.R/Part-II/1268 Date:- 24/11/2026

ભરતી

વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)- VB-G RAM G હેઠળ ગ્રામીણ વિકાસ વિભાગ, જિલ્લા પંચાયત, દાદરા અને નગર હવેલી ગ્રામ રોજગાર સહાયક (GRS) ની 05 જગ્યાઓ માટે ટૂંકા ગાળાના કરારના આધારે લાયક ઉમેદવારો પાસેથી નિર્ધારિત ફોર્મેટમાં અરજીઓ સ્વીકારવામાં આવશે. વધુ વિગતો માટે https://dnh.gov.in/ અથવા https://dnhpanchayat.in વેબસાઇટની મુલાકાત લો.

આ અરજીઓ 11/12/2026, સાંજે 05.00 વાગ્યે અથવા તે પહેલાં કાર્યક્રમ અધિકારી (પી.ઓ.), વીબી-જી રામ જી , જિલ્લા પંચાયત, દાદરા અને નગર હવેલીની કચેરીમાં સબમિટ કરી શકાય છે.

NO.:IP/DMN/2/5/2026-27/667 DATED : 24/11/2026

જાહેર નોટીસ

પારડીના મહે. બીજા એડી. ફોજદારી ન્યાયાધીશ પ્ર. વર્ગ સાહેબની અદાલતમાં, તા.પારડી જી.વલસાડ

અરજદારના વ.શ્રી એ.ટી. પટેલ
જન્મ/મરણ પ્રા.અ.નં. - ૬૨૯/૨૦૨૬
મુદત તારીખ ૨૪/૧૨/૨૦૨૬

અરજદાર : જયેશભાઈ જીવણભાઈ પટેલ રહે : પંચલાઈ, તા.પારડી, જી.વલસાડ

વિરુધ્ધ

સામાવાળા : તલાટી-કમ-મંત્રી શ્રી, પંચલાઈ ગ્રામ પંચાયત, તા.પારડી, જી.વલસાડ
જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ -૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ પ્રા.અ.નં.૬૨૯/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારની માતા બુધિબેન જીવણભાઈ પટેલ તારીખ ૧૬/૧૨/૨૦૦૪ના રોજ થયેલ હોવાની હકીકત જણાવી મરણની નોંધ ગ્રામ પંચાયત પંચલાઈ તથા અન્ય બીજા સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચુકથી કરાવેલ નથી. જેથી અરજદારની માતાની મરણની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જન્મ દાખલાની જરૂર હોઈ અરજદારની માતાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૪/૧૨/૨૦૨૬નાં રોજ સવારે ૧૦:૪૫ કલાકે જાતે તથા/અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડેન્ટ,
કોર્ટનો સિક્કો
હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, પારીડ

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond SINCE 1925 · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVAN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેકશન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403


Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

Wednesday 25, November 2026

દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

લવાછાનું રામેશ્વર મહાદેવ મંદિર ૧૧,૪૧,૧૪૧ દીવાઓથી ઝગમગી ઉઠ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વાપી, તા. ૨૪ : દેવદિવાળીના પાવન અવસરે વાપીના લાવછા સ્થિત રામેશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય દીપોત્સવ યોજાયો હતો.
મંદિર પરિસરમાં ૧૧,૪૧,૧૪૧ દીવાઓ પ્રગટાવવામાં આવતા સમગ્ર વાતાવરણ દિવ્ય અને અલૌકિક બની ગયું હતું. હજારો ભક્તો દીપ પ્રગટાવવા અને મહાદેવના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. દીવાઓના ઝગમગાટ વચ્ચે મંદિરની શોભા અદભૂત લાગી રહી હતી. ભક્તોએ હર હર મહાદેવના નાદ સાથે દેવદિવાળીની ઉજવણી કરી હતી.

વાપીમાં પીકઅપ અડફેટે મહિલાનું મોત, એક ઘાયલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વાપી, તા. ૨૪ : વિનંતી નાકાથી ડુંગરી ફળિયા તરફ જતા રોડ પર બેફામ બોલેરો પીકઅપે પગપાળા જતી બે મહિલાઓને ટક્કર મારતા એક મહિલાનું મોત નીપજ્યું છે, જ્યારે બીજી મહિલા ઘાયલ થઈ છે.
ફરિયાદી બબન રામચંદ્ર સકપાલ (ઉં.વ. ૬૦, રહે. કર્મભૂમિ એપાર્ટમેન્ટ, ચલા ગામ, વાપી) તેમની પત્ની સુવર્ણા (ઉં.વ. ૪૧) તથા બે દીકરીઓ સાથે રહે છે.
ગત તા. ૨૨/૧૧/૨૦૨૬ ના રોજ ફરિયાદી મુંબઈ ગયા હતા. સાંજે પાંચ વાગ્યે દીકરી અંકિતાએ ફોન કરી જાણ કરી કે, મમ્મી સુવર્ણા તથા તેમની બેનપણી સંજનાદેવી સુમનકુમાર કુર્મી આદમ એક્સપોર્ટ કંપનીમાંથી ઘરે ચાલતા આવતા હતા ત્યારે વિનંતી નાકા પાસે બોલેરો પીકઅપે બંનેને અડફેટે લીધા હતા.
અકસ્માતમાં સુવર્ણાનું મોત થયું હતું, જ્યારે સંજનાદેવીને ઈજા થતા હરિયા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાઈ હતી. સુવર્ણાને એમ્બ્યુલન્સ મારફતે સરકારી હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કરી હતી.
પોલીસ ફરિયાદ મુજબ, બોલેરો પીકઅપ નં. GJ-15-AV-6805 નો ચાલક મિલન ઉર્ફે ચિરાગ વિનોદભાઈ ચંદ્રા (રહે. વાપી) એ પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અકસ્માત સર્જ્યો હતો.
પોલીસે ચાલક વિરૂદ્ધ બેદરકારીથી વાહન હંકારી અકસ્માત સર્જી મોત નિપજાવવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અટગામમાં શાકભાજી વેચવા જતી મહિલાનું બાઈક ટક્કરથી મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વલસાડ, તા. ૨૪ : વલસાડ તાલુકાના અટગામ-ચીખલી રોડ પર પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારતા એક અજાણ્યા યુનિકોર્ન બાઈક ચાલકે શાકભાજી વેચવા જઈ રહેલી મહિલાને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી મહિલાનું બે દિવસની સારવાર બાદ હોસ્પિટલમાં કરુણ મોત નીપજ્યું છે. વલસાડ તાલુકાના અટગામ ગામ ના કાંકરિયા ફળિયામાં રહેતી સીતાબેન અરવિંદભાઈ પટેલ ઉં. વ. ૫૬ ગત તા. ૨૨/૧૧/૨૦૨૬ ના રોજ વહેલી સવારે આશરે ૭ કલાકે પોતાના ઘરેથી શાકભાજીનો ટોપલો લઈને અટગામ ગામે શાકભાજી વેચવા માટે ચાલતા જઈ રહ્યા હતા. તે દરમિયાન વલસાડ ના અટગામ ગ્રામ પંચાયત આગળ, અટગામથી ચીખલી તરફ જતા-આવતા રોડ પર GJ-21-DK-6688 નંબરની યુનિકોર્ન મોટરસાયકલના અજાણ્યા ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સીતાબેનને જોરદાર ટક્કર માર્યા બાદ બાઈક ચાલક ઘટનાસ્થળેથી પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો.
આ અકસ્માતમાં સીતાબેનને માથાના પાછળના ભાગે, હાથના ભાગે તેમજ શરીરે નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચતા લોકો દોડી આવી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને પ્રથમ વલસાડ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વલસાડની અમિત હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં બે દિવસ સુધી બેભાન અવસ્થામાં સારવાર ચાલ્યા બાદ તા૨૪/૧૧/૨૦૨૬ ના રાત્રે ૧૨:૧૫ વાગ્યે ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કરી હતી.
આ બનાવ અંગે મૃતકના ભાઈ બાલુભાઈ લલ્લુભાઈ પટેલ રહે. ધેજગામ, તા. ચીખલી, જિ. નવસારી એ અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વાપીના ગુરુદ્વારામાં ૫૫૭મો પ્રકાશ પર્વ ઉજવાયું

રકતદાન, અખંડ પાઠ સાહિબ, ભવ્ય નગર કીર્તન અને ગુરબાણી કીર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વાપી, તા. ૨૪ : વાપીના ગુરુદ્વારા સાહિબ ખાતે શીખ ધર્મના પ્રથમ ગુરુ શ્રી ગુરુ નાનક દેવજીનો ૫૫૭મો પ્રકાશ પર્વ ભારે શ્રદ્ધા, ભક્તિ અને સેવાભાવ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પાવન અવસરે ગુરુદ્વારા સાહિબમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.વાપીના સેલવાસ રોડ ઉપર ચણોદ ખાતે આવેલ ગુરુદ્વારા અને પવન ખાતે આજે પ્રકાશ પર્વની ઉજવણી નિમિત્તે અખંડ પાઠ સાહિબ, ભવ્ય નગર કીર્તન અને ગુરબાણી કીર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સાથે જ સમાજસેવાના ઉમદા હેતુથી રક્તદાન શિબિર અને નેત્ર તપાસ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વાપી, દમણ, સેલવાસ અને આસપાસના વિસ્તારોમાં વસતા શીખ સમુદાયના લોકો તેમજ વિવિધ અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.



શ્રદ્ધાળુઓએ ગુરુ કા લંગરનો લાભ લઈ ગુરુ નાનક દેવજીના આશીર્વાદ મેળવ્યા હતા.
ગુરુ નાનક દેવજીના નામ જપો, કિરત કરો અને વંડ છકોના અમૂલ્ય સંદેશને આત્મસાત કરતાં સમગ્ર કાર્યક્રમમાં માનવતા, સમાનતા, ભાઈચારો અને નિઃસ્વાર્થ સેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ધાર્મિક આસ્થા સાથે સેવાકીય પ્રવૃત્તિઓના સમન્વયથી પ્રકાશ પર્વની ઉજવણી યાદગાર બની હતી.

પારડી સાંઢપોરમાં યુવકે ગળેફાંસો ખાધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વલસાડ, તા. ૨૪ : વલસાડ તાલુકાના પારડીસાંઢપોર વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય યુવકે પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પત્ની સાથે છૂટાછેડા થયા બાદ એકલવાયા જીવનથી કંટાળીને યુવકે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.
વલસાડના પારડીસાંઢપોર ગામ ના મણીકાકા ફળીયામાં રહેતા પ્રથમેશ પ્રકાશભાઈ પટેલ (ઉં.વ. ૩૫) ધરમપુર ખાતેની રાજચંદ્ર મિશનમાં ખાનગી નોકરી કરતા હતા અને પોતાની માતા સરલાબેન સાથે રહેતા હતા. આશરે પાંચ વર્ષ પહેલાં તેમના પત્ની સાથે છૂટાછેડા થઈ ગયા હતા અને તેમની ૮ વર્ષની દીકરી તેની માતા સાથે રહેતી હતી. ગત તા. ૨૩/૧૧/૨૦૨૬ની રાત્રિના ૧૧ વાગ્યાથી તા. ૨૪/૧૧/૨૦૨૬ની સવારના ૦૭ વાગ્યાના સમયગાળા દરમિયાન પ્રથમેશે પોતાના રૂમમાં હીંચકાના કળા સાથે નાયલોનની લાલ દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. સવારે ૭ તેમના માતા સરલાબેન તેમને જગાડવા માટે રૂમમાં ગયા ત્યારે પ્રથમેશને લટકતી હાલતમાં જોઈ બૂમાબૂમ બૂમાબૂમ સાંભળી આસપાસના પડોશીઓ અને પરિવારજનો તાત્કાલિક દોડી આવ્યા હતા અને દોરી કાપી પ્રથમેશને નીચે ઉતાર્યો હતો. ઘટનાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને કરવામાં આવતા સ્થળ પર પહોંચેલા સ્ટાફે તપાસ બાદ પ્રથમેશને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈ દેવાંગકુમાર મહેન્દ્રભાઈ પટેલે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે મૃતદેહનો કબજો મેળવી વલસાડ હોસ્પિટલ માં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. વલસાડ સીટી પોલીસે અકસ્માતે મોત નો ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

રોલામાં મીડિયાકર્મીના બંધ મકાનમાં ચોરી

લોહીના ડાઘ અને ૫૦થી વધુ સીસીટીવીના આધારે પોલીસ તપાસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વલસાડ, તા. ૨૪ : વલસાડ ના રોલા ગામે હાઇવે નજીક રહેતા મીડિયા કર્મચારી નો પરિવાર મકાન બંધ કરી સૌરાષ્ટ્ર પ્રવાસે ગયા તે દરમિયાન ચોરટાઓએ બંધ મકાનને નિશાન બનાવી સોનાના દાગીના મળી કુલ ૮૫ હજાર ની માતાની ચોરી થવાની ઘટના બનતા વિસ્તારમાં પામી છે. જોકે ચોરી દરમિયાન લોહીના નિશાન પણ મળી આવતા પોલીસે એફએસએલની મદદથી તપાસ શરૂ કરી છે.
વલસાડ તાલુકાના રોલા ગામે એચપી પેટ્રોલ પંપ હાઈવે નજીક રહેતા અને મીડિયા કર્મચારી તરીકે ફરજ બજાવતા આયુષ કિશોરચંદ્ર પટેલ પોતાના પરિવાર સાથે ૧૬ મી નવેમ્બરના રોજ પરિવાર સાથે ખાનગી વાહનમાં સૌરાષ્ટ્ર પ્રવાસે ગયા હતા. ત્રણ દિવસ બાદ તેઓ પોતાના ઘરે પરત ફર્યા તે દરમિયાન ઘર પાછળનો દરવાજો અને માતા-પિતાના રૂમની બારી ખુલ્લી જોવા મળતા તેને ચોરીની શંકા થઈ હતી. અંદર જઈ તપાસ કરતા જોયું તો રૂમમાં રહેલા લોખંડનો કબાટ તૂટેલો અને સામાન વેરવિખેર હાલતમાં જોવા મળતા ચોરી થતા તેમણે કબાટમાં મુકેલ ચાંદીનો કંદોરો સાંકડા સોનાની વીંટી કાનની બુટ્ટી લટકણ તથા ૧૫ હજાર રૂપિયા રોકડા મળી કુલ ૮૫,૫૦૦ ની મતાની ચોરી ચોંરટાઓ ભાગી છુટ્યા હતા. જે અંગે આયુષ પટેલે ડુંગરી પોલીસ મથકમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવતા ડુંગરી પોલીસ મથકના પીઆઇ યુ એચ પટેલ ના માર્ગદર્શન હેઠળ પોલીસ ની ટીમે વિસ્તારના ૫૦થી વધુ સીસીટીવી કેમેરા અને ૫૦થી વધુ શકમંદો ની પૂછપરછ કરી હતી. જોકે પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી લોહીના નિશાન મળી આવતા પોલીસે લોહીના નિશાનના આધારે તસ્કરનું બ્લડ ગ્રૂપ મેળવવા સહિતની વૈજ્ઞાનિક તપાસ હાથ ધરવામાં આવી રહી છે. હાલ આ કેસની વધુ તપાસ પીએસઆઈ એ.બી. પરમાર કરી રહ્યા છે.

વાપી જીઆઇડીસીમાં ટેમ્પો-સ્વીફ્ટ અથડાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વાપી, તા. ૨૪ : વાપી જીઆઈડીસી UPL બ્રિજ નીચે મુંબઈથી સુરત તરફ જતા સર્વિસ રોડ પર બેફામ આઈશર ટેમ્પોએ સ્વિફ્ટ કારને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.
ફરિયાદી અનિલભાઈ રામુભાઈ પટેલ (ઉં.વ. ૪૦, રહે. ગોઈમા ગામ, પારડી) મારૂતી સ્વિફ્ટ કાર નં. GJ-15-AV-7891 પર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે.
ગત તા. ૨૩/૧૧/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨ વાગ્યે તેઓ દમણગંગા સબ સ્ટેશનથી પરત ફરતા હતા ત્યારે સામેથી આવતા આઈશર ટેમ્પો નં. DD-01-C-9064 ના ચાલકે વાહન પુરઝડપે હંકારી ટક્કર મારી હતી. કાર સાઈડમાં ઉભી રાખી હોર્ન વગાડ્યા છતાં ચાલક રોકાયો ન હતો.
અકસ્માતમાં કારનો આગળનો બમ્પર દબાઈ ગયો અને હેડલાઈટ તૂટી ગઈ હતી. ૧૧૨ પર ફોન કરી બંને વાહનો ટ્રાફિક પોલીસ સ્ટેશન લવાયા હતા. પોલીસે ટેમ્પો ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વલસાડ ઝુલેલાલ મંદિરે સિંધિ પંચાયત દ્વારા ગુરુ નાનક જયંતી ઉજવાઈ



(દમણગંગાથા ટાઈમ્સ પ્રતિનિધિ)
વલસાડ, તા. ૨૪ : વલસાડ શહેરના ઝુલેલાલ મંદિરમાં સિંધિ પંચાયત દ્વારા શીખ ધર્મના પ્રથમ ગુરુ અને મહાન આધ્યાત્મિક સંત ગુરુ નાનક દેવજીની જન્મજયંતીની હર્ષોલ્લાસ, શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિર પરિસરમાં ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગુરુ નાનક દેવજી પ્રત્યે પોતાની અખૂટ શ્રદ્ધા વ્યક્ત કરી હતી. ગુરુ નાનક દેવજીની જન્મજયંતીના પાવન અવસરે ઝુલેલાલ મંદિરમાં ભજન-કીર્તનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિમય સંગીત અને ગુરુવાણીના ગાનથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઊઠ્યું હતું. ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ ભજન-કીર્તનમાં જોડાઈ ભક્તિભાવપૂર્વક ગુરુ નાનક દેવજીનું સ્મરણ કર્યું હતું.
આ દરમિયાન વાતાવરણમાં આધ્યાત્મિકતા અને ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. કાર્યક્રમના ભાગરૂપે વિશેષ અરદાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુરુ નાનક દેવજીના ચરણોમાં શીશ નમાવી સમગ્ર માનવજાતના કલ્યાણ, સમાજની એકતા, ભાઈચારો અને પરસ્પર પ્રેમની ભાવના વધુ મજબૂત બને તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. સાથે જ સમગ્ર સિંધિ સમાજ, વલસાડના નાગરિકો અને દેશવાસીઓના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય અને ખુશહાલી જળવાઈ રહે તેવી સામૂહિક પ્રાર્થના કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગુરુ નાનક દેવજીએ પોતાના ઉપદેશો દ્વારા માનવતાની સેવા, સમાનતા, સદભાવના, સત્ય અને નિઃસ્વાર્થ સેવાનો સંદેશ સમગ્ર વિશ્વને આપ્યો હતો. તેમના વિચારો આજે પણ સમાજને એકતા અને ભાઈચારાના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે.આમ, વલસાડની સિંધિ પંચાયત દ્વારા ઝુલેલાલ મંદિરમાં ગુરુ નાનક જયંતીની ઉજવણી ધાર્મિક ઉત્સાહ અને ભક્તિમય માહોલમાં કરવામાં આવી હતી.



વલસાડમાં રીક્ષામાં દારૂની હેરાફેરી કરતાં ૩ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વલસાડ, તા. ૨૪ : વલસાડ લોકલ કાઈમ બ્રાંચ દ્વારા સઘન પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમી વલસાડ ની એસ.પી. કચેરી સામેના રોડ પરથી એક રીક્ષામાં લઈ જવા તો ૫૮,૨૬૨ રૂપિયા ના દારૂ ના જથ્થા સાથે મહિલાસહીત ત્રણ આરોપીઓને ઝડપી જેલ માં ધકેલી દીધા છે. વલસાડ એલ.સી.બી.ના પી.આઈ. એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. જે.જી.વસાવા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પેરોલ ફર્લો સ્કવોડ ની ટીમ ને બાતમી મળી હતી કે, દમણ થી એક કાળા કલરની ઓટો રીક્ષા નં. GJ-15-Y-3635 માં દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વલસાડ શહેર એસ.પી. કચેરી સામેના રોડ પર વોચ ગોઠવી બાતમી વાળી રીક્ષા ને અટકાવી તેમાં તપાસ કરતા દારૂ બીયર ની કુલ ૨૭૮ બોટલ ટીન કિંમત ૫૮,૨૬૨ રીક્ષા ની કિંમત ૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૦૮,૨૬૨ નો મુદ્દામાલ સાથે આરોપીમાં શુભમ વિજયપ્રકાશ શીતલાપ્રસાદ દુબે ઉં.વ. ૨૨, રહે. બાપુ નગર પાંડેસરા, સુરત; મૂળ રહે, ઉત્તરપ્રદેશ, રોમા ઉર્ફે કાજલ રમેશભાઈ બાલુભાઈ જોગતીયા ઉં.વ. ૩૩, રહે. ત્રિવેણી સોસાયટી, વેડ રોડ, સુરત, યાસ્મીન ઉર્ફે આયશા બાકરઅલી મોહરમઅલી અંસારી ઉં.વ. ૨૭, રહે. મરોલી, ચાર રસ્તા, જલાલપોર નવસારી ની ધરપકડ કરી છે. જયારે દારૂનો જથ્થો પૂરો પાડનાર દિપક સુરેશભાઈ નામના શખ્સને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. આ અંગે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી આગળ ની તપાસ હાથ ધરી છે.

સમરોલીમાં યુવક સાથે નજીવી વાતે બોલાચારી કરી અપહરણ કરતાં પોલીસ ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ચીખલી, તા. ૨૪ : ચીખલી નજીક સમરોલી ગામની હદમાં એક યુવાને પેશાબ કરતા યુવાનને દૂર પેશાબ કરવાનું કહેતા ત્રણ જેટલા શખ્સોએ સ્વિફ્ટ કારમાં યુવાનનું અપહરણ કરી ગાડીમાં માર મારી લોહી લુહાણ હાલતમાં ખારેલ નજીક યુવાનને ઉતારી નાસિ છૂટતા ભોગ બનનાર યુવાને ચીખલી પોલીસ મથકે ફરિયાદ આપતા ચીખલી પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.
બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના સમરોલી વાડી ફળિયા ખાતે રહેતા જીગ્નેશ બળવંત સોલંકી ઉ.વ ૩૪ જેઓ રવિવારે રાત્રિના સમયે ને.હા નંબર ૪૮ ઉપર સમરોલી ગામની હદમાં ઓવર બ્રીજના દક્ષિણ છેડે આવેલ મહાલક્ષ્મી ટી સ્ટોલ ઉપર નિત્યક્રમ મુજબ બેસવા માટે આવ્યા હતા.
અને મોબાઈલ ફોનમાં ગેમ રમતો હોય તે દરમિયાન એક સ્વીફ્ટ કાર નંબર gj05 સીવાય ૨૮૩૭ માંથી એક યુવાન ટી સ્ટોલ પાસે આવી પેશાબ કરવા ઉભો રહેલ જેને ફરિયાદી જીગ્નેશ સોલંકી એ કહેલ કે ભાઈ અહીં પેશાબ ન કર અમારા ફળિયાના બધા લોકો ચાલવા આવે છે એમ કહેતા પેશાબ કરતા યુવાને કોઈ બાત નહીં તેમ કહી આગળ પેશાબ કરવા જતો રહેલ દરમિયાન ગાડીમાંથી અન્ય એક યુવાને નીચે ઉતરી જીગ્નેશ સોલંકી ને કહેવા લાગેલ કે તુને ઉસે ક્યુ ઈધર પેશાબ કરને નહીં દિયા વો સામને તો કર રહા થા ત્યારે જીગ્નેશ સોલંકી એ કહેલ કે વો ઈધર પેશાબ કર રહા થા ઓર ઈધર હમારે મોહલ્લે કી ઔરત ચલને આતી હૈ તેમ કહેતા આ યુવાને જીગ્નેશ સોલંકી સાથે બોલાચાલી કરેલ જોકે બાદમાં ડ્રાઈવરે લારી ઉપર થી લીધેલ સિગરેટના પૈસા ઓનલાઈન પેમેન્ટ કરી તેઓની ગાડીમાં બેસી તમામ શખ્સો ત્યાંથી નીકળી ગયેલ પરંતુ થોડી જ વારમાં આ તમામ શખ્સો પરત આવીને ત્રણ જેટલા ઈસમોએ નીચે ઉતરી જેમાંથી એક ઈસમે જીગ્નેશ સોલંકી નો કોલર પકડી લીધેલ અને આ ત્રણેય શખ્સોએ ગાળો આપી બે શખ્સોએ ઢીકક મૂકીનો માર મારી જબરજસ્તીથી ગાડીમાં બેસાડવા ખેંચી લઈ ગયેલ તે દરમિયાન ફરિયાદી જીગ્નેશનો મોબાઈલ ફોન પડી ગયેલ જોકે બે શખ્સોએ બળજબરી પૂર્વક ફરિયાદીને પાછળની સીટ ઉપર બેસાડી દીધેલ અને કાર નવસારી તરફ હંકારી દીધેલ અને કારમાં જ ત્રણે શખ્સોએ માથામાં અને મોઢાના ભાગે પંચથી માર મારતા ગભરાયેલ ગાડીના ડ્રાઈવરે તેઓને માર ન મારવાનું કહેતા ડ્રાઈવરની બાજુમાં બેઠેલ શખ્સે ડ્રાઈવરને ચપ્પુ બતાવેલ અને તુ તેરી ગાડી ચલા ઔર તેરા કામ કર દરમિયાન આ ત્રણેય શખ્સોએ ખારેલ ઓવરબ્રીજ થી થોડે આગળ જીગ્નેશ ને ઉતારી મુકેલ અને ગાડી લઈને નાસી છૂટેલા જોકે અજાણ્યા શખ્સોની કોઈ ઓળખ ન હોય ગાડીના ડ્રાઈવરે ઓનલાઈન સિગરેટનું પેમેન્ટ કરેલ જેના આધારે ગાડીના ડ્રાઈવર નો મોબાઈલ ઉપર સંપર્ક કરતા તેણે પોતાનું નામ દયાનંદ પ્રદીપ કચેર હોવાનું જણાવ્યું હતું અને સુરતના સચિન ખાતે રહેતો હોવાનું કહ્યું હતું અને તેની ગાડી ભાડેથી દમણ જે ત્રણ શખ્સો લઈ ગયા હતા જેમાંથી એકનું નામ વિપિન નામદેવ તથા બીજા નું નામ બિરજુ અને આ બંને શખ્સો પાલી ગામ સુડા સૂર્યોદય આવાસ સચિન ખાતે રહેતા હોય અને ત્રીજા શખ્સ નું નામ અમિત ઉડીસા હોવાનું જણાવ્યું હતું.
ઉપરોક્ત ઘટનાની ફરિયાદ જીગ્નેશ સોલંકી એ ચીખલી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ચીખલી પોલીસે ઉપરોક્ત ત્રણેય શખ્સો વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નાની વાહિયાળ મહિલા મંડળીની રજત જયંતિ ઉજવાઈ

૧૨ લીટર દૂધથી શરૂઆત કરી આજે રોજનું ૪,૫૦૦ લીટર દૂધનું સંગ્રહ થાય છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ધરમપુર, તા. ૨૪ : ડુંગરી ફળિયા નાનીવાહિયાળ ખાતે મહિલા સંચાલિત દૂધ સહકારી મંડળીએ સફળતાનાં ૨૫ વર્ષ પૂર્ણ કરતાં રજત જયંતી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. માત્ર ૧૨ લીટર દૂધના સંગ્રહથી શરૂ થયેલી આ મંડળી આજે પ્રતિદિન ૪,૫૦૦ લીટર દૂધ એકત્રિત કરવાની ક્ષમતા સુધી પહોંચી છે. મંડળીનું વાર્ષિક દૂધ ઉત્પાદન રૂ. ૬ કરોડથી વધુનું છે, જે મહિલા શક્તિ, સંગઠન અને સહકારી પ્રવૃત્તિની સફળતાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે. આ પ્રસંગે વાસુધારા ડેરીના જનરલ મેનેજર વિજયભાઈ કાપડિયાએ મંડળીની મહિલાઓ અને પશુપાલકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે મહિલાઓની મહેનત, સમર્પણ અને એકતાના કારણે દૂધ ઉત્પાદન ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ શક્ય બની છે. સાથે જ તેમણે દૂધની ગુણવત્તા જાળવવા અને પશુપાલન ક્ષેત્રે વધુ વિકાસ કરવા અનુરોધ કર્યો હતો.



પૂર્વ સરપંચ દિલીપભાઈ પટેલે મંડળીની ૨૫ વર્ષની પ્રેરણાદાયી સફરને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ગામની મહિલાઓ દ્વારા શરૂ કરવામાં આવેલી આ સહકારી પ્રવૃત્તિ આજે આર્થિક સ્વાવલંબનનું ઉત્તમ ઉદાહરણ બની છે. આ સિદ્ધિ પાછળ મહિલાઓની મહેનત, સંચાલકોની નિષ્ઠા અને પશુપાલકોનો સહકાર મહત્વપૂર્ણ રહ્યો છે.
કાર્યક્રમમાં વાસુધારા ડેરીનાં ઉપપ્રમુખ સીતાબેન જાદવ, મંડળીના પ્રમુખ મંગીબેન પટેલ, મંત્રી નરેન્દ્રભાઈ પટેલ, આંતરિક ઓડિટર ધીરુભાઈ પટેલ સહિત જયેશભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ અને અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મોટી સંખ્યામાં પશુપાલકો અને ગ્રામજનોએ હાજરી આપી રજત જયંતીની ઉજવણીમાં સહભાગી બન્યા હતા.

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**